સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# અમેરિકાએ ચીન પર વધુ ૧૦૦ ટકા ટેરિફ લાધ્યો

## અમેરિકા-ચીન વચ્ચે ટેરીફ વોર વધુ ત્રિ બન્યું : ચીનના માલ પર કુલ ટેરિફ ૨૪૫ ટકા લાગુ કરતા અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ

**વોશિંગ્ટન,તા.૧૬**

અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. અમેરિકાએ હવે ચીન પર વધુ ૧૦૦% ટેરિફ લાધ્યો છે. આ સાથે ચીની માલ પરનો કુલ ટેરિફ વધીને ૨૪૫% થયો છે. ચીને ૧૧ એપ્રિલે અમેરિકન માલ પર ૧૨૫% ટેરિફ લાધ્યો હતો, જેના જવાબમાં ટ્રમ્પે નવો ટેરિફ લાધ્યો છે. અગાઉ, ચીને કહ્યું હતું કે હવે તે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા કોઈપણ વધારાના ટેરિફનો જવાબ આપશે નહીં.

અમેરિકા દ્વારા નવા ટેરિફની જાહેરાત બાદ ચીને કહ્યું કે અમે અમેરિકા સાથેનાં ટ્રેડ વોરથી ગભરાતા નથી. ચીને ફરી કહ્યું કે અમેરિકાએ વાટાઘાટો કરવી જોઈએ. અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ચીને વાટાઘાટો શરૂ કરવી પડશે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને કહ્યું કે જો અમેરિકા ખરેખર વાતચીત અને સમાધાન દ્વારા મુદ્દાનો ઉકેલ લાવવા માંગે છે, તો તેમણે બિનજરૂરી દબાણ, ધાકધમકી અને બ્લેકમેલ કરવાનું બંધ કરવું જોઈએ અને સમાનતા, આદર અને પરસ્પર હિતના આધારે ચીન સાથે વાત કરવી જોઈએ.

ગઈકાલે માહિતી પ્રકાશમાં આવી હતી કે ચીને તેની એરલાઈન્સને અમેરિકન વિમાન ઉત્પાદક બોઈંગ પાસેથી નવા વિમાનોની ડિલિવરી ન લેવાનો આદેશ આપ્યો છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, બેઈજિંગે અમેરિકામાં બનેલા વિમાનના ભાગો અને ડિવાઈસિસની ખરીદી રોકવાનો પણ આદેશ આપ્યો છે.

અમેરિકાના ૧૪૫% ટેરિફના જવાબમાં ચીને આ આદેશ જારી કર્યો છે. બોઈંગ એરોપ્લેન્સ એક અમેરિકન કંપની છે જે વિમાન, રોકેટ, સેટેલાઈટ, ટેલિકોમ્યુનિકેશન સાધનો અને મિસાઈલો બનાવે છે. આ કંપનીની સ્થાપના ૧૫ જુલાઈ, ૧૯૧૬ના રોજ વિલિયમ બોઈંગ

અનુસંધાન પાના ૭ પર




# બીજા દિવસે પણ ઈડી દ્વારા રોબર્ટ વાડ્રાની પુછપરછ કરાઈ

### ગુરુગ્રામ જમીન પ્રકરણમાં વાડ્રાની ગઈ કાલે છ કલાક પુછપરછ કરાઈ હતી

નવી દિલ્હી, તા. ૧૬

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાને આજે ફરીથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સમક્ષ હાજર થયા હતા. મંગળવારે અગાઉ, તેમને ઈડી દ્વારા બીજી વખત પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા, જ્યાં તેઓ પૂછપરછ માટે ચાલતા ઈડી ઓફિસ પહોંચ્યા હતા.

ગુરુગ્રામના શિકોહપુર જમીન કૌભાંડમાં તેમની લગભગ છ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. અગાઉ, ૮ એપ્રિલે મોકલવામાં આવેલા પહેલા સમન્સ પર વાડ્રા હાજર થયા ન હતા. ઈડીઓફિસમાં જતા સમયે વાડ્રાએ કહ્યું કે આ કાર્યવાહી રાજકીય હેતુ માટે કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં કહ્યું, "જ્યારે પણ હું લોકોનો અવાજ ઉઠાવું છું, અથવા રાજકારણમાં આવવાનો પ્રયાસ કરું છું, ત્યારે આ લોકો મને દબાવશે અને એજન્સીઓનો દુરુપયોગ કરશે."હું હંમેશા બધા સવાલોના જવાબ આપું છું અને આપતો રહીશ. કેસમાં કંઈ જ નથી. હું ત્યાં ૨૦ વાર ગયો છું અને ૧૫-૧૫ કલાક બેઠો છું. મેં ૨૩ હજાર ડોક્યુમેન્ટ આપ્યા છે, પછી તેઓ કહે છે કે ફરીથી ડોક્યુમેન્ટ આપો.વાડ્રાની સાથે, હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા પણ આ કેસમાં આરોપી છે. તેમના પર મુખ્યમંત્રી રહીને વાડ્રાની કંપની માટે નફો કરાવવાનો આરોપ છે.ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોહપુર ગામમાં ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ૭.૫ કરોડ રૂપિયામાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. એ જ વર્ષે તત્કાલીન મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાના નેતૃત્વ

અનુસંધાન પાના ૭ પર

# હાઈવે માટે રૂ. 3000 વાર્ષિક પાસની યોજના લાગુ કરાશે

### સેટેલાઈટ આધારીત ટોલ ટેક્સ સિસ્ટમ પણ શરૂ કરાશે

નવી દિલ્હી, તા. ૧૬

દેશમાં લાંબા સમયથી નવી ટોલ નીતિ પર થઈ રહેલી ચર્ચા અને તા.૧ મે થી આ નીતિના અમલની તૈયારી વચ્ચે હવે નેશનલ હાઈવે અને એક્સપ્રેસ હાઈવે માટે સરકારે ટોલમાં ૫૦% જેવી રાહત અને રૂ.૩૦૦૦માં વાર્ષિક ટોલ- ફાસ્ટ ટેગ યોજના અમલમાં મુકવા તૈયારી કરી છે. આ વાર્ષિક પાસ દેશભરમાં અમલી હશે.

સરકાર હવે ફિક્સ ટોલના બદલે વાહન જે ટોલ માર્ગ પર જેટલો પ્રવાસ કરે તેટલો ટોલ વસુલવા માટે આગળ વધી રહી છે. જે મુજબ કાર માલીકે પ્રતિ ૧૦૦ કિમીમાં રૂા.૫૦નો ટોલ ચુકવવો પડશે. હાલ પણ ફકત માસીક પાસ ઈસ્યુ થાય છે અને નવી પોલીસીમાં વર્ષે રૂા.૩૦૦૦ ભરીને અમર્યાદીત કિલોમીટર દેશભરમાં મુસાફરી કરી શકાશે.

જે એકસપ્રેસ અને અન્ય હાઈવે પર લાગુ રહેશે. આ સંદર્ભમાં જો ટોલના ઈજારેદારને કોઈ નુકશાન થાય તો તે કેન્દ્ર સરકાર ભરપાઈ કરી આપવાની ખાતરી આપશે.

આ માટે વાહનોના જે તે માર્ગ પર પસાર થવાના ડિજીટલ રેકોર્ડ રાખવામાં આવશે અને દાવા તથા

અનુસંધાન પાના ૭ પર

# સોનિયા-રાહુલ સામે ચાર્જસીટ અંગે દેશભરમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

### રાજકીય દુર્ભાવનાથી ઈડીએ ચાર્જસીટ દાખલ કરી હોવાનો કોંગ્રેસનો આરોપ

નવી દિલ્હી, તા. ૧૬

નવી દિલ્હી. નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવા સામે કોંગ્રેસ પાર્ટીએ આજે દેશભરમાં જોરદાર વિરોધ પ્રદર્શનો કર્યા. દિલ્હીથી મુંબઈ, કોલકાતા, લખનૌ અને ચેન્નાઈ સુધી, કોંગ્રેસના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા, અને તેને "રાજકીય બદલો" ગણાવ્યો હતો. કેન્દ્ર સરકાર વિરુદ્ધ કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસના નેતા સચિન પાયલોટે કહ્યું, "જો આપણે તથ્યો જોઈએ તો તેમાં કોઈ તથ્ય નથી. આ રાજકીય રીતે પ્રેરિત કેસ છે, તેને લાંબા સમયથી ખેંચવામાં આવ્યો છે. અમને લોકતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ છે... રાહુલ ગાંધી, સોનિયા ગાંધીને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યા છે. આ દુર્ભાવનાપૂર્ણ ઈરાદાથી કરવામાં આવ્યું છે... અમે તાજેતરમાં ગુજરાતમાં એક પરિષદ યોજી હતી, અમે પાર્ટીને પુનર્જીવિત કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ, તેમને તે ગમતું નથી, તેથી કેન્દ્ર સરકારે જાણી જોઈને આ પગલું ભર્યું છે."કેન્દ્ર વિરુદ્ધ કોંગ્રેસના વિરોધ પર, પાર્ટીના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું, "જે એજન્સી દ્વારા લડાઈ કોર્ટમાં લઈ જવામાં આવી છે તેનો એકમાત્ર હેતુ વિપક્ષને હેરાન કરવાનો છે. ગુજરાતમાં એક સત્ર છે, રાહુલ ગાંધી મોડાસા પહોંચે છે અને અહીં ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે. તમે ઘટનાઓનો ક્રમ સમજો છો. આગામી બિહાર ચૂંટણી, ગુજરાતમાં કોંગ્રેસની સક્રિયતા, આગામી આસામ ચૂંટણીમાં તેની સંભવિત હાર અને વિપક્ષની સતર્કતાને ધ્યાનમાં રાખીને, ભાજપ વિપક્ષને

અનુસંધાન પાના ૭ પર

# સાઉદી અરબમાં ભારત સહિત ૧૪ દેશોના નાગરીકોના પ્રવેશ પર રોક

### ભારતના ૫૨ હજાર જેટલા યાત્રીઓની હજયાત્રા પર સંકટ

નવી દિલ્હી, તા. ૧૬

સાઉદી આરબ ભારત સહિત ૧૪ દેશોનાં લોકો માટે ઉમરા, બિઝનેસ અને ફેમિલી વિઝા પર અસ્થાયી રોક લગાવી દીધી છે. તેમણે મક્કા પાસે મીનામાં પ્રાઈવેટ ટુર ઓપરેટરો માટે અનામત જગ્યાઓ પણ ખતમ કરી દીધી છે. જેને લઈને ૫૨૦૦૦ થી વધુ ભારતીયોની હજ યાત્રા પર સંકટના વાદળ છવાઈ ગયા છે.

આ મામલામાં જમ્મુ-કાશ્મીરથી લઈને તમિલનાડૂ સુધીનાં મુખ્યમંત્રીઓએ સરકારને અનુરોધ કર્યો છે કે, તેઓ આ મામલામાં દખલ દે.જયારે લઘુમતી મામલાનાં મંત્રાલયે કહ્યું છે કે, ટુર ઓપરેટરોએ સમયસર પગલાં ન ઉઠાવ્યા, પરંતુ સરકારના દખલ દેવાથી હવે ૧૦ હજાર યાત્રીઓ માટે માર્ગ બન્યો છે.

ઉમરા (તીર્થયાત્રા) બિઝનેસ અને ફેમિલી વિઝીટ વિઝા પર અસ્થાયી રોકના બારામાં સાઉદી અરબની હજ એન્ડ ઉમરા મિનિસ્ટ્રિના હવાલાથી કહેવામાં આવ્યું છે કે હજ યાત્રો દરમ્યાન અનધિકૃત લોકોનું આવવાનું રોકવા માટે આમ કરવામાં આવ્યુ છે.

કારણ કે અનેક લોકો ટુરીસ્ટ કે ઉમરા વિઝા પર આવીને નિશ્ચિત

# શ્રીનગરમાં ૮૦ વર્ષ બાદ મહત્તમ તાપમાન 30.૪ ડીગ્રી ઉંચુ નોંધાયું

## બિહાર, આસામ અને ઓડીશામાં ભારે વરસાદની આગાહી

**નવી દિલ્હી, તા. ૧૬**

હવામાન વિભાગે બુધવારે દેશના ૨૫ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની આગાહી કરી છે. બિહાર, આસામ અને ઓડિશામાં ભારે વરસાદની શક્યતા છે. ઝારખંડ, ઓડિશા અને મેઘાલયમાં પણ કરા પડી શકે છે.હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૫ એપ્રિલનો દિવસ શ્રીનગરમાં છેલ્લા ૮૦ વર્ષમાં સૌથી ગરમ દિવસ હતો. શહેરનું તાપમાન ૩૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧૦.૨ ડિગ્રી વધારે હતું. શ્રીનગરમાં આ સમયે સરેરાશ તાપમાન ૨૦.૨ ડિગ્રી સેલ્સિયસ છે.અગાઉ, ૨૦ એપ્રિલ, ૧૯૪૬ના રોજ જમ્મુ અને કાશ્મીરની ઉનાળામાં ૩૧.૧ ડિગ્રીનું સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. અધિકારીઓએ જણાવ્યું



હતું કે ૧૫ એપ્રિલે, કાશ્મીર ખીણના વિવિધ વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા ૮.૧ થી ૧૧.૨ ડિગ્રી વધુ હતું.રાજસ્થાનનું બાડમેર સતત બીજા દિવસે દેશનું સૌથી ગરમ સ્થળ રહ્યું. જિલ્લાનું તાપમાન ૪૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસમાં તાપમાનમાં વધારો થવાની આગાહી કરી છે.આ તરફ, હિમાચલમાં કરા અને વાવાઝોડાનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અહીના ચાર જિલ્લામાં પણ ભારે વરસાદ પડી શકે છે. આગામી ૫ દિવસ રાજ્યમાં હવામાન ખરાબ રહેશે. આજે હરિયાણામાં ઝરમર વરસાદની શક્યતા છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો થશે. બિહારના ૨૨ જિલ્લાઓમાં

અનુસંધાન પાના ૭ પર

# ચારધામ યાત્રા માટે ઉત્તરાખંડ સરકારે માર્ગદર્શિકા જાહેર કરી

### યાત્રાળુઓની સુરક્ષા માટે નિયમોનું પાલન કરવું પડશે

દેહરાદૂન, તા. ૧૬

કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની ચાર ધામ યાત્રા ૩૦ એપ્રિલથી શરૂ થઈ રહી છે. આ વર્ષે લોકોએ દર્શન માટે રેકોર્ડબ્રેક નોંધણી કરાવી છે. ચાર ધામ યાત્રાના તમામ તીર્થસ્થળો હિમાલય ક્ષેત્રમાં છે, જેની ઊંચાઈ સમુદ્ર સપાટીથી ૨૭૦૦ મીટરથી વધુ છે.

આ સ્થળોએ પ્રવાસીઓ અતિશય ઠંડી, ઓછી ભેજ, ઉચ્ચ અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગ, નીચા હવાના દબાણ અને ઓછા ઓક્સિજનના પ્રમાણથી પ્રભાવિત થઈ શકે છે. તેથી, યાત્રાળુઓની સરળ અને સલામત મુસાફરી માટે સમય સમય પર માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે.

ચારધામ યાત્રા માટે નોંધણી કરાવનારા લોકો માટે ઉત્તરાખંડ ટુરિઝમ દ્વારા કેટલીક માર્ગદર્શિકા મોકલવામાં આવી છે, જેનું દરેક વ્યક્તિએ પાલન કરવું પડશે.

ઓછામાં ઓછા ૭ દિવસ માટે તમારી સફરનું આયોજન કરો, પર્યાવરણ અનુસાર તમારો આરામદાયક સમય પસંદ કરો.

- ટ્રેકિંગ કરતી વખતે વિરામ લો. ટ્રેકિંગના દરેક કલાક પછી

અનુસંધાન પાના ૭ પર

# રાજકોટમાં સીટી બસ બેફામ બનતા 3નાં મોત

## ઈન્દીરા સર્કલ પાસે બેકાબુ બનેલી બસે અનેક વાહનોને ઉડાવ્યાં : બે લોકો ગંભીર : ઉશ્કેરાયેલા લોકો દ્વારા બસમાં તોડફોડ

રાજકોટ, તા. ૧૬

આજે વહેલી સવારે રાજકોટમાં કરૂણ સાથે અરેરાટીભરી ઘટના ઘટી હતી જેમાં કાળમુખી સીટી બસના ચાલકે અનેક લોકોને કચડી નાખતા ત્રણ લોકોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા.

જયારે બેથી વધુ લોકોને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે તુરંત જ સીવીલ હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટના ઈન્દીરા સર્કલ પાસે બની હતી. અકસ્માતના બનાવથી લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. અને વિફરેલા લોકોએ સીટી બસમાં તોડફોડ કરી રોષ ઠાલવ્યો હતો.ઘટનાની જાણ થતા ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી સહિતનો મોટો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને સ્થિતિને કાબુમાં લેવા હળવો લાઠીચાર્જ પણ કર્યો હોવાનું સામે આવી રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ આજે વહેલી સવારે લોકો પોતાના નોકરી, ધંધા કે અભ્યાસ માટે જવા ઘરેથી નીકળી ઈન્દીરા સર્કલ પાસે પહોંચ્યા હતા. ત્યારે કેટલાક લોકો વાહનોની રાહ જોતા હતા તેમજ કેટલાક લોકો પોતાના વાહનો લઈ ઈન્દીરા સર્કલ પાસે પહોંચ્યા હતા ત્યારે સીગ્નલ બંધ



હોવાથી લોકો સીગ્નલ ખુલવાની રાહ જોઈ રહ્યા હતા.દરમ્યાન જાણવા મળેલ વિગત મુજબ નાના મવા તરફથી આવતી એક સીટી બસના ચાલકે સીગ્નલ બંધ હોવા છતા પુરપાટ ઝડપે પોતાની બસ દોડાવી તે દરમ્યાન ખુલેલા સીગ્નલમાં જઈ રહેલા લોકોને હડફેટે લઈ કચડી નાખ્યા હતા.જેમાં ત્રણ લોકોના ગંભીર ઈજા પહોંચવાથી ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જયારે બે લોકોને ગંભીર ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા.બનાવ સ્થળે એકઠા થયેલ લોકોએ સીટી બસમાં પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. ત્યારે બનાવની જાણ થતા મોટો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સ્ફોટક સ્થિતિને કાબુમાં લેવા હળવો લાઠીચાર્જ કર્યો હતો. હાલ પોલીસે મૃતકો અને ઈજાગ્રસ્તોની ઓળખ મેળવવા તજવીજ આદરી છે.આજે વહેલી સવારે ઈન્દીરા સર્કલ પાસે કાળમુખા સીટી બસના ચાલકે અનેક વાહનોને હડફેટે લેતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજયા હતા. જયારે ત્યાં હાજર સ્થાનિક લોકોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે સીટી બસનો ચાલક નશાની હાલતમાં હતો જે અંગે પણ પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો છે.

# નાસિકમાં અફવાના કારણે હિંસા ટોળાનો પોલીસ પર પથ્થરમારો

### ધાર્મિક સ્થળના ગેરકાયદે બાંધકામની અફવાના કારણે પરિસ્થિતિ તંગ

નાસિક, તા. ૧૬

મંગળવારે રાત્રે નાશિકના કાથે ગલી વિસ્તારમાં પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો અને અંધારાનો લાભ લઈને ટોળાએ અચાનક પોલીસ અને નજીકમાં પાર્ક કરેલા વાહનો પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ હિંસક ઘટનામાં ત્રણથી ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા, જ્યારે પાંચ વાહનોને પણ નુકસાન થયું હતું. હંગામા પાછળનું કારણ ધાર્મિક સ્થળ અંગેની અફવા હોવાનું કહેવાય છે. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી પડી હતી. પરિસ્થિતિ વધુ વણસે નહી તે માટે રાત્રે લગભગ ૫૦૦ પોલીસકર્મીઓ સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે હંગામા સમયે લગભગ ૪૦૦ થી ૫૦૦ લોકો હાજર હતા. કોઈપણ અપ્રિય પરિસ્થિતિને ટાળવા માટે પોલીસે આ વિસ્તારમાં ટ્રાફિકના માર્ગો પણ બદલી નાખ્યા છે. વહીવટી અને પોલીસ અધિકારીઓએ સાથે મળીને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી અને આખી રાત પેટ્રોલિંગ ચાલુ રાખ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું કે આ સમગ્ર મામલાનું મૂળ એક વિવાદાસ્પદ ધાર્મિક સ્થળ છે, જ્યાં છેલ્લા કેટલાક દિવસોથી તંગદિલી પ્રવર્તી રહી હતી. નગરપાલિકાએ કોર્ટના આદેશ બાદ ૧ એપ્રિલના રોજ એક અનધિકૃત બાંધકામ અંગે નોટિસ ફટકારી હતી, જેમાં જણાવ્યું હતું કે જો બાંધકામ જાતે દૂર કરવામાં નહીં આવે તો વહીવટીતંત્ર યોગ્ય પગલાં લેશે. આ ચેતવણી છતાં ધાર્મિક સ્થળ હટાવવામાં આવ્યું ન હતું, જેના કારણે સ્થાનિક લોકોમાં અસંતોષ અને તમામ પ્રકારની અફવાઓ ફેલાઈ હતી.

અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તારમાં કેટલાક

અનુસંધાન પાના ૭ પર



# ઉત્તર ભારતીય બ્રહ્મ સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

**સમાજમાંથી કુરિવાજોને ત્યજીને સંગઠિત થવા અને શિક્ષણ પર ભાર મુકતા જય શુકલા**

સુરત, તા.૧૬

અમદાવાદના ઘોડાસર ખાતે સ્વામિનારાયણ મંદિર પરિસરમાં ઉત્તર ભારતીય બ્રહ્મ સમાજ દ્વારા સ્નેહમિલન સમારોહનું તારીખ ૧૩મી એપ્રિલ રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સમાજના લકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર ભારતીય બ્રહ્મ સમાજ દ્વારા આયોજિત આ સ્નેહમિલન સમારોહ મૂળ ઉત્તર પ્રદેશના પરંતુ અંકલેશ્વરને પોતાની કર્મભૂમિ બનાવીને સામાજિક ક્ષેત્રે સેવાકાર્યની સુવાસ પ્રસરાવનાર મા વિંધ્યાવાસીની ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ રાજનાથ ( જય જય શુકલા )ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાતના અધ્યક્ષ પ.પૂ.સ્વામી દિલીપ દાસજી મહારાજ, ભારત સરકારના પૂર્વ રક્ષામંત્રી હરિન પાઠક સહિત બ્રહ્મ સમાજના શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ રાજનાથ (જય જય) શુકલાએ ઉપસ્થિતિતોને સંબોધન કર્યું હતું, અને જણાવ્યું હતું કે ભ્રમ સમાજમાંથી કુરિવાજોને ત્યજીને સમાજને સંગઠિત થવા અને શિક્ષણ પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત માત્ર ઉત્તર ભારતીય બ્રહ્મ સમાજ નહી પરંતુ સર્વ સમાજ અને જ્ઞાતિને એક જૂથ થવા માટે તેઓએ આહવાન કર્યું હતું.

# સુરત રેલવે સ્ટેશનની આજુબાજુના રોડ પર ભારે વાહનો પર પ્રતિબંધ

સુરત, તા.૧૬

સુરત ઈન્ટેગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સુરત રેલ્વે સ્ટેશન મોર્ડન લાઈજેશનની કામગીરીના ભાગ રૂપે રેલ્વે સ્ટેશન આજુ-બાજુ બનાવવામાં આવનાર નવા ક્લાય ઓવરબ્રિજને વરાછા ફ્લાય ઓવરબ્રિજ સાથે જોડવા માટે કંન્ટ્રકશનની કામગીરીના કરવામાં આવનાર છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ વાહન વ્યવહાર સરળતાથી ચાલે તેવા આશયથી સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે એક જાહેરનામા દ્વારા કામગીરીના રૂટ પર તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી તમામ પ્રકારના ભારે વાહનો/લક્ઝરી બસોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પર પ્રતિબંધ મુકયો છે.

જાહેરનામા અનુસાર વરાછા મેઈન રોડ ઉપર આવેલ વૈશાલી ત્રણ રસ્તાથી સુરત સ્ટેશન તરફ જતા તમામ ભારદારી વાહનો /લકઝરી બસોને વૈશાલી ત્રણ રસ્તાથી આયુર્વેદિક ગરનાળા તરફ (સુરત સ્ટેશન તરફ) અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે તેના વૈકલ્પિક રૂટ તરીકે (૧) વરાછા ફ્લાય ઓવર બ્રિજ ઉપરથી આવતા ભારે વાહનો/લકઝરી બસો ફ્લાય ઓવર બ્રિજ ઉતરી વૈશાલી ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ઉમિયાધામ સર્કલથી ભવાની સર્કલ જઈ ડાબે ટર્ન લઇ નગીનાવાડી રેલ્વે ઓવર બ્રિજથી કિરણ હોસ્પિટલ બાજુ ઉતરી જે તે વિસ્તારમાં જઈ શકશે. (૨) કાપોદ્રા વિસ્તાર, ગાયત્રી સર્કલ, સીતાનગર સર્કલ, બોમ્બે માર્કેટ તરફ જતી હેવી ટ્રકો અને લકઝરી બસો કાપોદ્રા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી (અથવા હિરાબાગથી ડાબી બાજુ વળી) શ્રીરામ મોબાઇલ, રચના સર્કલ, ગાયત્રી સર્કલ થઈ રેશ્મા સર્કલ, સીતાનગર કાપોદ્રા વિસ્તાર અને જુની બોમ્બે માર્કેટ થઈ સુરત શહેરમાં જઈ શકશે.

વરાછાથી આયુર્વેદિક ગરનાળુ પસાર કરી ડાબી તરફ રેલ્વે સ્ટેશન તરફ જતા તમામ પ્રકારના વાહનો ઉપર પ્રતિબંધ રહેશે તેના વૈકલ્પિક રૂટ તરીકે વરાછા તરફથી આવી આયુર્વેદીક ગરનાળું પસાર કરી રેલ્વે સ્ટેશન જવા માટે લાલદરવાજા થઈ અમિષા ચાર રસ્તા થઈ દારૂવાલા પેટ્રોલ પંપ થઈ રેલ્વે સ્ટેશન જઈ શકશે.

સુમુલ ડેરી તરફથી આયુર્વેદીક ગરનાળા થઈ વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/ લકઝરી બસો ઉપર પ્રતિબંધ રહેશે. તેના વૈકલ્પિક રૂટ તરીકે વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/લકઝરી બસો કિરણ હોસ્પીટલ (નગીનાવાડી સર્કલ) થી અલકાપુરી બ્રિજ ચઢી ભવાની સર્કલ થઈ ગૌશાળા સર્કલથી જે તે વિસ્તારમાં જઇ શકશે.

લાલદરવાજા તરફથી આયુર્વેદીક ગરનાળા થઇ વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/લક્ઝરી બસો ઉપર પ્રતિબંધ રહેશે તેના વૈકલ્પિક રૂટ તરીકે (૧) વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/ લકઝરી બસો ગોટાલાવાડીથી કિરણ હોસ્પીટલ (નગીનાવાડી સર્કલ)થી અલકાપુરી બ્રિજ ચઢી ભવાની સર્કલ થઇ ગૌશાળા સર્કલથી જે તે વિસ્તારમાં જઇ શકશે. (૨) કામરેજ તરફ જતા ભારદારી વાહનો/લકઝરી બસો ફાલસાવાડીથી સહારા દરવાજાથી સરદાર માર્કેટથી પરવત પાટીયાથી કેનાલ રોડથી જે તે વિસ્તારમાં જઇ શકશે.

અમિષા હોટલથી દારૂવાલા પેટ્રોલ પંપ થઇ આયુર્વેદીક ગરનાળા થઈ વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/લકઝરી બસો ઉપર પ્રતિબંધ રહેશે. તેના વૈકલ્પિક રૂટ તરીકે (૧) વરાછા તરફ જતા તમામ ભારદારી વાહનો/લકઝરી બસો ગોટાલાવાડીથી કિરણ હોસ્પીટલ (નગીનાવાડી સર્કલ)થી અલકાપુરી બ્રિજ ચઢી ભવાની સર્કલ થઈ ગૌશાળા સકલથી જે તે વિસ્તારમાં જઇ શકશે.(૨) કામરેજ તરફ જતા ભારદારી વાહનો/લકઝરી બસો ફાલસાવાડીથી સહારા દરવાજાથી સરદાર માર્કેટથી પરવત પાટીયાથી કેનાલ રોડથી જે તે વિસ્તારમાં જઈ શકશે.

ય્જીઇ્ઝ ની સરકારી બસો સુરતા સેન્ટ્રલ બસ સ્ટેશનથી આયુર્વેદીક ગરનાળા થઈ કામરેજ તરફ અવર જવર કરવા ઉપર પ્રતિબંધ રહેશે તેના વૈકલ્પિક રૂટ તરીકે (૧) સુરત બસ સ્ટેશનથી કામરેજ તરફ જવા માટે ફાલસાવાડી થી સહારા દરવાજાથી સરદાર માર્કેટથી પરવત પાટીયાથી કેનાલ રોડથી નેશનલ હાઈવે તરફ જે તે વિસ્તારમાં જઇ શકશે. (૨) કામરેજ તરફથી સુરત સ્ટેશન તરફ આવતી ય્જીઇ્ઝ ની બસો સિમાડા ચાર રસ્તાથી ડાબે વળી સિમાડા કેનાલ ટી-પોઇન્ટથી જમણી બાજુ વળી પરવત પાટીયાથી સરદાર માર્કેટ, સહારા દરવાજા થી અમિષા હોટલથી સ્ટેશન જઈ શકશે. આપવામાં આવેલા વૈકલ્પિક રૂટ ઉપર જતા ભારદારી વાહનો

અનુસંધાન પાના ૭ પર



## ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગના ભાગરૂપે
# મેદસ્વિતામુક્ત ગુજરાત થીમ પર શિબિર

સુરત, તા.૧૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારીના ભાગરૂપે 'મેદસ્વિતામુક્ત ગુજરાત' થીમ પર લાલ દરવાજા વિસ્તારમાં યોગશિબિર યોજાઈ હતી. જેમાં રાજ્ય યોગ બોર્ડના ઝોન કોર્ડીનેટર પ્રીતિ પાંડે, મનપાના કોર્ડીનેટર ડો.પારૂલ પટેલ, જિલ્લા કોર્ડીનેટર હીના ચાવડા, ક્લાસ ઈન્સ્પેક્ટર નવનીત શેલડીયા, સોશિયલ મીડિયા કોર્ડીનેટર હિરલ દવે, યોગબોર્ડના કોચ નરેન્દ્ર કારીયા, ભાસ્કર રાઉત તેમજ યોગ ટ્રેનરોએ યોગમય ગુજરાત અને મેદસ્વિતામુક્ત ગુજરાત વિશે ઉપયોગી જાણકારી આપી અને ટ્રેનરોને સર્ટિફિકેટ વિતરણ કર્યું હતું. રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી તા.૧૫ થી ૩૧ મે દરમિયાન સમર કેમ્પ અને તા.૧ થી ૩૧ મે સુધી મેદસ્વિતામુક્ત કેમ્પ યોજાશે જેમાં જોડાવા ઈચ્છતા નાગરિકો મો.૯૪૨૯૪૮૬૨૯૪ ઉપર સંપર્ક કરી રજિસ્ટ્રેશન કરાવી શકે છે એમ યોગ બોર્ડના સુરત કોર્ડીનેટરની યાદીમાં જણાવાયું છે.

# કતારગામ ઝોને વધુ ૬૦ ડ્રેનેજ લાઈનના જોડાણો સીલ કર્યા

**બબરીક ઈન્ડસ્ટ્રીઝમાં ગેરકાયદે ડ્રેનેજ જોડાણ કરી દેવાયા હતા**

સુરત, તા.૧૬

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ મિલ્કતો નાં ગેરકાયદેસર ડ્રેનેજ લાઈનનાં કનેકશન સુરત મહાનગર પાલિકાની મુખ્ય ડ્રેનેજ લાઈનમાં કરવામાં આવેલ હોય જે બાબતે મિલ્કતદારશ્રીઓને નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કત/યુનિટ ધારકો દ્વારા કાયદેસર ગટર જોડાણ અંગેની કાર્યવાહી ન કર્યેથી નોટીસનો સમયગાળો પૂરો થતાં મોજે-ફુલપાડા, રે.સ. નં.૧૩૬/૩, ૧૩૬/૪ માં આવેલ બબરીક ઈન્ડસ્ટીયલ એસ્ટેટ સોસાયટીમાં આવેલ ૬૦ (સાઠ) મિલ્કતો/યુનિટોનાં ડ્રેનેજનાં ગેરકાયદેસર જોડાણ સીલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના ૦૩ જૂની./આસી.ઈજનેર, ૦૪ સુપરવાઈઝર/ટેક.આસી. તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

# ઈલેક્ટ્રીક વાહનો પરનો આરટીઓ ટેક્સ ઘટાડવાનો અમલ કરો

**બજેટમાં નાણામંત્રીએ કરેલી જાહેરતના તા.૧ એપ્રિલથી અમલ થયો નથી**

સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૪મી એપ્રિલ ૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્યના માનનીય નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ તાજેતરમાં બજેટ ૨૦૨૫-૨૬ માં બેટરી સંચાલિત વાહનો માટે ઈ્ કર ૬% માંથી ઘટાડી ૧% કરવાની જાહેરાત કરી હતી. આ અંગે તાત્કાલિક અમલ કરવા માટે રજૂઆત કરવામાં આવી છે.

આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, હાલમાં ઈલેક્ટ્રીકલ વ્હીકલની ખરીદીમાં ગત વર્ષો કરતાં ઘટાડો નોંધાઈ રહ્યો છે, ત્યારે સરકારની ઈ્ કર ઘટાડા સંબંધિત જાહેરાતની વહેલી તકે અમલવારી કરવામાં આવે તો આગામી સમયમાં પુનઃ ઈલેક્ટ્રીકલ વ્હીકલની ખરીદીમાં વૃદ્ધિ થઈ શકે છે. બેટરી સંચાલિત વાહનો માટે ઈ્ કર ૬% માંથી ઘટાડી ૧% કરવાથી રાજ્યના ઈલેક્ટ્રીકલ વાહનોના ખરીદદારોનો નોંધપાત્ર ખર્ચ બચશે અને રાજ્યમાં ઈલેક્ટ્રીકલ વાહનોના વેચાણને પ્રોત્સાહન મળી રહેશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ યોજના તા. ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હાલ સુધી યોજનાની અમલવારી અંગેનો જીઆર બહાર પડેલ નથી. તેથી રાજ્ય સરકાર દ્વારા વહેલી તકે જીઆર બહાર પાડી, યોજનાની અમલવારી શરૂ થાય તેવી તેમણે અપીલ કરી હતી.

## ઈચ્છાપોરથી જયશંકરભાઈ ઝા ગુમ

સુરત, તા.૧૫

ઈચ્છાપોર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ, ઘર નં-૧૮૪, ક્રીશ્રા નગર સોસાયટી, ડીપ એન્કલેવ, ઈચ્છાપોર-૩, તાલુકો ચૌર્યાસી (મૂળ રહે. ગામ-લખનપટ્ટી, મધુબની, બિહાર), ખાતે રહેતા ૨૩ વર્ષીય જયશંકર યોગનારાયણ ઝા ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના છે, ઘઉ વર્ણનુંઅને ઊંચાઈ ૫'૧૧ ફુટ છે. ગુમ થતાં સમયેતેમણે સફેદ રંગની આખી બાંહની શર્ટ, ગ્રે ટ્રાઉઝર પેન્ટ, કાળા રંગના કંપનીના સેફ્ટી બુટ અનેખભા પર લીલા તથા ગ્રે રંગની રીફ્લેક્ટર જેકેટ પહેરેલા હતા. જેમની કોઈને પણ ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઈચ્છાપોર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી અર્જુન વસાવા લાપતા

સુરત, તા.૧૫

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ, વેદાંત ચોકડીની બાજુમા, ઝુપડપટ્ટીમા, એંજલ પિકાસ્ટ સિમેન્ટ પાઈપ ફેકટરી, અમરોલી (મુળ રહે. ગામ-મુલકાપાડા, તા.ડેડીયાપાડા, જી-નર્મદા), ખાતે રહેતા ૩૦ વર્ષીય અર્જુનભાઇ નારસીગ વસાવા ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાન, ઘઉ વર્ણનું અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે કાળા શર્ટ તથા બ્લ્યુ જીન્શ પેન્ટ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી રીનાબેન મહાડીક ગુમ

સુરત, તા.૧૫

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ, રૂમ નં. ૪૫, બી/૦૩, આવાસ એચ-૦૧, અમરોલી, (મુળ રહે. ગામ-ગોરેગાવ, મહારાષ્ટ્ર), ખાતે રહેતી ૨૦ વર્ષીય રીનાબેન તરૂણભાઇ મહાડીક ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, ઘઉં વર્ણનું અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે સફેદ અને ગુલાબી કુર્તી તથા ગુલાબી લેગીશ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી રૂખસારબી શેક ગુમ

સુરત, તા.૧૫

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ, ઘર નં. ૧૨૨૬, ગલી નં.૦૯, નુરાની નગર, અન્ફીયા મસ્જીદની પાસે, લિંબાયત, ખાતે રહેતી ૨૨ વર્ષીય રૂખસારબી કાલુ શેખ ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, ઘઉ વર્ણનું અને ઊંચાઈ ૪.૯ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે બ્લ્યુ શર્ટ અને બ્લ્યુ કલર લેગીશ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કાપોદ્રાથી હરેસભાઈ કાકડિયા લાપતા

સુરત, તા.૧૫

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ, ઘર નં. ૧૫૮, ઠાકોરદ્વાર સો.સા, લક્ષ્મણનગર, કાપોદ્રા, (મુળ રહે. ગામ-પાટણા, તા.વલભીપુર, જી-ભાવનગર), ખાતે રહેતા ૩૬ વર્ષીય હરેશભાઇ દેવજીભાઇ કાકડિયા ગુમ થયા છે. તેઓ મજબુત બાંધાના, ઘઉ વર્ણનું અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે પીંક શર્ટ તથા કાળા પેન્ટ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વરાછાથી રોસની નાયકા ગુમ

સુરત, તા.૧૫

સુરતઃમંગળવારઃ વરાછા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ, રૂમ નં. ૫૦૮૫, ખાડી મોહલ્લો, જુની બોમ્બે માર્કેટ રોડ, વરાછા (મુળ રહે. ગામ-સિકેર, તા-વાલોડ, જી-વ્યારા, તાપી), ખાતે રહેતા સંજયભાઇ નાયકાના ૧૮ વર્ષીય પુત્રી, રોશની નાયકા ગુમ થયા છે. તેઓ પાતળું બાંધાના, શ્યામ વર્ણનું અને ઊંચાઈ ૫.૧ ફૂટ છે. ગુમ થતા સમયે, તેમણે ટોપ, કાળા લેગીસ અને પગમાં સફેદ સેંડલ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# 'વુમન આંત્રપિન્યોરશિપ કૉન્કલેવ-૨૦૨૫'નું આયોજન

**લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટીલ કોન્કલેવમાં મુખ્ય મહેમાન**

સુરત, તા.૧૬

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા ગુરુવાર, તા. ૧૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્કલેવ - ૨૦૨૫' નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મુખ્ય મહેમાન અને ઉદઘાટક તરીકે લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટીલ પધારશે અને તેમના વરદ્ હસ્તે કોન્કલેવનું ઉદઘાટન કરવામાં આવશે. આ કોન્કલેવમાં અતિથી વિશેષ તરીકે સુરત શહેરના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલોતના પત્ની શ્રીમતી સંધ્યા ગહલોત ઉપસ્થિત રહેશે.

દેશના ખ્યાતનામ ફરાહ ખાન ફાઈન જ્વેલરીના ડિરેક્ટર મિસ. ફરાહ ખાન અલી તથા ટેલિવિઝન અને ગુજરાતી ફિલ્મોના અભિનેત્રી અનાહિતા જહાનબક્ષ કોન્કલેવમાં ઉપસ્થિત રહી, સુરતના મહિલા ઉદ્યોગ સાહસિકોને સંબોધિત કરશે.

આ ઉપરાંત, આ કોન્કલેવમાં ડિઝાઈનર અને આંત્રપ્રિન્યોર તેમજ પૌલમી એન્ડ હર્ષના સંસ્થાપક મિસ. પૌલમી ધવન, ડાન્સર, કોરિયોગ્રાફર અને કન્ટેન્ટ ક્રિએટર મિસ. નિશા કિડેચા નાઈક, સિંગર અને ટ્રેડિશનલ ગરબા ક્વીન મિસ. કૈરવી બુચ વક્તા તરીકે ઉપસ્થિત રહેશે.



# ગુરુકુલસુપા ઈકો ક્લબ દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડા અને માળાનું વિતરણ

સુરત, તા.૧૬

મહર્ષિ દયાનંદ સ્મારક ગુરુકુલ, સુપામાં આજરોજ ઈકો ક્લબની આગેવાની હેઠળ એક સરાહનીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીને ધ્યાને લઈ પક્ષીઓ માટે પાણીના કુંડા તથા માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિનું મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે સંવેદના ઊભી કરવાનું હતું. રેસ્ક્યુ એન્ડ રિહેબ ફાઉન્ડેશન તથા ફ્રેન્ડ્સ ઑફ નેચર, નવસારીના સહયોગથી શાળાને ૩૫ પાણીના કુંડા આપવામાં આવ્યા હતા. શાળાની ઈકો ક્લબ દ્વારા વધારાના કુંડા અને માળા પણ તૈયાર કરવામાં આવ્યા હતા. ઈકો ક્લબ કન્વીનર સરસ્વતી ચૌધરીએ સમગ્ર પ્રવૃત્તિની માહિતી આપી. માધ્યમિક શાળાના આચાર્ય શ્રી પરેશભાઈ દેસાઈએ જણાવ્યું કે, "વિદ્યાર્થીઓ માટે પર્યાવરણનું કામ સંવેદનશીલતા માટે જીવંત પ્રયોગશાળા બની રહ્યું છે." આ પ્રસંગે આશ્રમ અધ્યક્ષ શ્રી સુરેશભાઈ રત્નાણીએ કુંડાઓને "પક્ષીઓ માટે આશીર્વાદરૂપ" ગણાવ્યા હતા. કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આચાર્ય ચંદ્રગુપ્તે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને પર્યાવરણ પ્રત્યે તેમની જવાબદારી નિભાવવા પ્રેરણા આપી હતી. પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી રાકેશભાઈ આહિરે પક્ષીઓના માળા લગાવવાના યોગ્ય સ્થળોની સૂચના આપી હતી. ગુરુકુળમાં પર્યાવરણ પ્રહરી પ્રોજેક્ટ અંતર્ગત વૃક્ષારોપણ અને પર્યાવરણ રેલી જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણપ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. ઉપરાંત, પર્યાવરણ વિષયક પુસ્તકો શાળાના પુસ્તકાલયમાં વસાવવામાં આવે છે, વિદ્યાર્થીઓ સાથે પર્યાવરણ બાબતે વાર્તાલાપ થાય છે, ગૌશાળાની મુલાકાત, પશુ–પક્ષી માટે સંવેદના ઉદભવે તેવા પ્રયાસો સતત હાથ ધરવામાં આવે છે. આ સમગ્ર પ્રવૃત્તિ ગુરુકુળના શિક્ષણ તંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

# સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા-મુક્ત ગુજરાત

સુરત, તા.૧૬



આજના ઝડપી અને તનાવભરી જીવનશૈલીમાં જ્યાં ફાસ્ટ ફૂડનો વધતો પ્રભાવ, બેઠાડું કામ અને વ્યાયામનો અભાવ સામાન્ય બની ગયા છે, ત્યારે મેદસ્વિતા (ંહીૈંએ) એક ગંભીર અને ઝડપથી વધતી જતી સમસ્યા બની ગઈ છે. તે માત્ર શારીરિક દેખાવની સમસ્યા નથી, પણ અનેક ગંભીર બીમારીઓનું મૂળ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરેલા આંકડાઓ મુજબ વિશ્વમાં દર આઠ વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ મેદસ્વિતા ધરાવે છે. વિશ્વમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો પૈકીના ૪૩ ટકા લોકો સરેરાશ વજન કરતા વધુ વજન ધરાવે છે અને ૧૬ ટકા લોકો મેદસ્વિતા ધરાવે છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં મેદસ્વિતાથી મુક્તિ માટે દેશવાસીઓને આહવાન કર્યું છે. તેમણે ભોજનમાં ૧૦ ટકા તેલ ઓછું કરવાનો આગ્રહ કર્યો છે. તેમણે સ્વસ્થ ચુસ્તદુરસ્ત રહેવા માટે દેશવાસીઓને સ્વાસ્થ્યના નિયમોનું પાલન કરવા અને આહારશૈલીમાં બદલાવ લાવવાનું સૂચન કર્યું છે.

'પહેલું સુખ તે જાતે નર્યા' એ પ્રત્યેક વ્યક્તિ માટે પાયાની અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ આવે અને સ્વસ્થતાનો આ વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે હેતુથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળ રાજ્ય સરકારે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા-મુક્ત ગુજરાત' અભિયાન શરૂ કર્યું છે. જનજાગૃત્તિ સાથે રાજ્ય સરકાર મેદસ્વિતા દૂર કરવા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વિશેષ ઓપીડી પણ ચલાવશે.

### મેદસ્વિતા એટલે શું?

મેદસ્વિતા એ એક એવી સ્થિતિ છે જેમાં શરીરમાં ચરબીની અતિશયતા રહે છે. જ્યારે વ્યક્તિનું વજન તેમનાં ઉંમર અને ઊંચાઈ પ્રમાણે વધુ હોય અને બોડી માસ ઈન્ડેક્સ (મ્સ્ૈં) ૩૦ કે તેથી વધુ હોય, ત્યારે તેને મેદસ્વી માનવામાં આવે છે.

### મેદસ્વિતાના કારણો

૧. અસંતુલિત આહાર – વધુ કેલરીયુક્ત અને ચરબીયુક્ત ખોરાક.

૨. શારીરિક વ્યાયામ, હલનચલનનો અભાવ – નિયમિત કસરત કે ચાલવાની ટેવ ન હોવી.

૩. માનસિક તણાવ –જેના કારણે ઘણીવાર લોકો ઓવરઈટિંગ કરે છે.

૪. જાતીય, આનુંવાંશિક કારણો – કેટલાક લોકોમાં વંશપરંપરાગત રીતે વજન વધવાની પ્રકૃતિ હોય છે.

૫. હોર્મોન્સ અને દવાઓ – થાઈરોઇડ જેવા હોર્મોનલ રોગો કે કેટલીક દવાઓનું સેવન.

### જોખમો અને પરિણામો

મેદસ્વિતાને લીધે ઘણી બીમારીઓ થવાની શક્યતા વધી જાય છે, બાળપણથી જ વધતી જતી મેદસ્વિતા આ બીમારીઓનું કારણ બની શકે છે જેમ કે, હૃદયરોગ, ટાઈપ ટુડાયાબિટીસ, હાઈબ્લડ પ્રેશર, ઘૂંટણ અને પગના સાંધાનો દુઃખાવો, હોર્મોન્સમાં અસંતુલન, નિદ્રાવિકાર (જીઙ્ઘીી છૅહીટ્ઠ), આત્મવિશ્વાસમાં ઘટાડો, હાઈ કોલેસ્ટ્રોલ અને ડિપ્રેશન

### નિવારણ અને ઉપાયઃ

૧. સંતુલિત આહાર – તાજા શાકભાજી, ફળો,

ફાઈબરયુક્ત અનાજ તથા ઓછો ચરબીયુક્ત ખોરાક લેવો.

૨. નિયમિત વ્યાયામ – ચાલવું, દોડવું, યોગ કે સ્વિમિંગ કરવું

૩. પાણીનું પૂરતું સેવન – દિવસમાં ઓછામાં ઓછું ૮ થી ૧૦ ગ્લાસ પાણી પીવું

૪. માનસિક શાંતિ – ધ્યાન (ઁીઙ્ઘૈંટ્ઠ) અને તણાવ નિવારણ માટે યોગ, ચાલવું, વહેલું ઉઠવું અને સારા પુસ્તકોનું વાંચન

૫. નિયમિત આરોગ્ય ચકાસણી – દર વર્ષે એકવાર સંપૂર્ણ હેલ્થ ચેકઅપ

### સગર્ભા મહિલાઓ વિશેષ કાળજી લે

જો ગર્ભાવસ્થા દરમિયાન ડાયાબિટીસ થાય તો ભવિષ્યમાં તમારા બાળકમાં મેદસ્વિતાનું જોખમ ૫૨% વધી જાય છે. આ આંકડો પબ્લિક લાઈબ્રેરી ઓફ સાયન્સના સાયન્ટિફિક જર્નલમાં પ્રકાશિત થયેલા

અનુસંધાન પાના ૭ પર

**મેદસ્વિતા ઘણી ગંભીર બીમારીઓ નોતરી શકે છે, માટે સ્વસ્થ જીવનશૈલી અપનાવો અને મેદસ્વિતા દૂર કરો**

# ઊંચી એડીના સેન્ડલ્સનો શોખ છે? જાણી લો તેની આડઅસર

આજે હાઈ હિલ્સ મહિલાઓની ફેશનનું અભિન્ન અંગ છે. કેટલીક સ્ત્રી-છોકરીઓ આ શોખ અને ફેશનને કારણે ખૂબ જ ઊંચી હિલવાળા સેન્ડલ પહેરે છે. કેટલીક માનુની પોતાની ઊંચાઈ દેખાડવા માટે હાઈ હિલ્સ પહેરે છે. એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી મહિલા માટે આવી ઊંચી હિલ્સ પહેરવી જરૂરી હોય છે તો કેટલીક મહિલાને એવું લાગે છે કે હાઈ હિલ્સ એમના વ્યક્તિત્વને વધુ નિખાર આપે છેપ આમ જુવો તો હાઈ હિલ્સ પહેરવા માટે દરેકને પોત-પોતાનાં અલગ અલગ કારણ હોય છે, પણ તમારા વ્યક્તિત્વને નિખારતી આ હાઈ હિલ્સ તમારા સ્વાસ્થ્યની મોટી દુશ્મન પણ છે.

સતત હાઈ હિલ્સ પહેરીને પોતાનું સંતુલન જાળવવાના ચક્કરમાં તમારા પગની પિંડી, હિપ (નિતંબ) અને કરોડરજજુ પર ખરાબ અસર પડી શકે છે. આ જ કારણે જે સ્ત્રીઓ હાઈ હિલ્સ પહેરે છે એમને ઘણીવાર શરીરના આ અંગમાં દુખાવાની ફરિયાદ રહે છે. હા, કયારેક જો ઊંચી એડીના શૂઝ પહેરવામાં વાંધો નથી, પણ જો કાયમ તમે આવા જ પગરખાં પસંદ કરતા હો તો તમારે તેના જોખમ જાણવા જરૂરી છે



## પીઠમાં પીડા

તમારા આખા શરીરની સ્થિતિ તમારા પગ પર આધાર રાખે છે. હાઈ હિલ્સ પહેરવાથી એડી ઊંચી થઈ જાય છેૂઅને પીઠની કમાન બગડે છે. આનાથી શરીરના વજનનું અસમાન વિતરણ થાય છે, જેના કારણે કમરના નીચેના ભાગમાં દુખાવો અને સોજો આવી શકે છે. આના કારણે કરોડરજજુનું સંતુલન પણ ખોરવાઈ શકે છે અને ગરદનથી પીઠ સુધી દુખાવો થાય છે.

## પિંડીમાં દુખાવો

પિંડીના સ્નાયુઓમાં દુખાવો એ આ હાઈ હિલ્સની બીજી આડઅસર છે. આનાથી પગ પિંડીની અનેક નસ વિસ્તરે છે, જે સમય જતા ખૂબ પીડાદાયક થઈ શકે છે.

## પોસ્ચર બગડી શકે છે

પોસ્ચર એટલે અંગબંગિ-મુદ્રાપ હાઈ હિલ્સ પહેરવાથી તમારા પગ પર દબાણ વધે છે, જ્યારે શરીરનો ઉપરનો ભાગ સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે. ઘણી વાર, આ સંતુલન જાળવવાનો પ્રયાસ કરતી વખતે, તમે બેઢંગા ઊભા રહેવાનું શરૂ કરો છો, જે સમય જતાં નુકસાનકારક પુરવાર થાય છે.

## ઘૂંટણ પર અસર

હાઈ હિલવાળા સેન્ડલ પહેરવાથી ઘૂંટણ પર ખૂબ દબાણ આવે છે.

એના કારણે હાઈ હિલ્સ પહેરનારી મહિલા કે યુવતી ઘણીવાર ઘૂંટણમાં સતત દુખાવાની ફરિયાદ કરે છે. એનાથી થતું નુકસાન પણ કાયમી બની શકે છે.

## આર્થરાઇટિસનું જોખમ

ખૂબ ઊંચી હિલ પહેરવાથી સાંધા પર દબાણ પડે છે. જેના કારણે તેમના કોમલાસ્થિમાં (કાર્ટિલેજ) સોજો આવી શકે છે. ધીમે ધીમે આ સમસ્યા સંધિવામાં ફેરવાઈ શકે છે. આ રોગ વૃદ્ધાવસ્થામાં ઘણી તકલીફ પેદા કરે છે.

## પગની નસ ફાટી શકે

હાઈ હિલના સેન્ડલ ખૂબ જ પાતળા હોય છે, જેનાથી પગ પર ઘણું દબાણ આવે છે. આ અકુદરતી દબાણથી પગની નસ પણ દબાવા લાગે છે. એના કારણે લોહીનો પ્રવાહ બંધ થઈ જાય પછી નસ ફાટવાનું જોખમ રહેલું છે.લિગામેન્ટની નબળાઇ હાઈ હીલ્સને લીધે અસ્થિબંધન (લિગામેન્ટ) નબળા પડી જાય છે. પગની જે કમાન શરીરને ઝટકા સહન કરવાની શક્તિ આપે છે તેને અસર થાય છે. આમ કયારેક ઠીક છે, પરંતુ નિયમિત ઊંચી એડીના સેન્ડલ પહેરનારી ઘણી યુવતી આ ફેશનના નામે ઘેર બેઠાં જાતજાતની શારીરિક વ્યાધિ વહોરી લે છે.



# સૌથી વધુ આયુષ્ય ધરાવતા પ્રાણી કાચબાની સરેરાશ ઉંમર ૧૫૦ વર્ષ

વિશ્વમાં કાચબાની કુલ ૩૦૦ પ્રજાતિઓ છે, જેમાંથી ૧૨૯ પ્રજાતિઓ લુપ્તપ્રાય છે. સૌથી વધુ આયુષ્ય ધરાવતા પ્રાણી કાચબાની સરેરાશ ઉંમર ૧૫૦ વર્ષ મનાય છે. વિશ્વમાં સૌથી વધુ જીવનાર કાચબાનું નામ 'હનાકો' હતું, જે લગભગ ૨૨૬ વર્ષ જીવ્યો હતો. આપણે બધાંએ બાળપણમાં કાચબા અને સસલાની વાર્તા સાંભળી જ હશે. કાચબો એવું પ્રાણી છે જે તેની અત્યંત ધીમી ચાલ માટે જાણીતું છે. તેનું ધાર્મિક મહત્વ પણ છે. અનેક લોકો કાચબાને શુભ માને છે, પણ તાજેતરનાં વર્ષોમાં તેની સંખ્યા ઓછી થઈ રહી છે. આ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા અને તેમનાં સંરક્ષણ માટે પગલાં લેવા દર વર્ષે ૨૩ મેના રોજ વિશ્વ કાચબા દિવસનું આયોજન કરવામાં આવે છે. સુસાન ટેલ્લેમ અને માર્શલ થોમ્પ્સન દ્વારા સ્થાપિત અમેરિકન ટોરટોઈઝ રેસ્ક્યુ (ATR)એ સૌપ્રથમ ૧૯૯૦ માં વિશ્વ કાચબા દિવસની ઉજવણી કરવાનું શરૂ કર્યું અને ત્યારથી દર વર્ષે આ દિવસને ઉજવવામાં આવે છે. કાચબા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરવા અને તેમને બચાવવા માટેના માનવતાવાદી પ્રયાસોને પ્રોત્સાહિત કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૯૦થી અત્યાર સુધી એટીઆર દ્વારા વિશ્વમાં આશરે ૪,૦૦૦ કાચબાને બચાવવામાં આવ્યા છે.

સરિસૃપ વર્ગના સૌથી જૂના પ્રાણીઓમાં કાચબાનો સમાવેશ થાય છે. તે સાપ અને મગર કરતાં પણ જૂનું પ્રાણી છે. આ પ્રાણી ૨૫૦ મિલિયન વર્ષો પહેલા ડાયનાસોરના સમયથી અસ્તિત્વમાં હોવાનું માનવામાં આવે છે. વિશ્વમાં કાચબાની કુલ ૩૦૦ પ્રજાતિઓ છે, જેમાંથી ૧૨૯ પ્રજાતિઓ લુપ્તપ્રાય છે. મહત્વનું છે કે, કાચબા મીઠા પાણી અને ખારા પાણી બંનેમાં રહી શકે છે. ભારતમાં કાચબાની કુલ પાંચ પ્રજાતિઓ છે, જે છે ઓલિવ રિડલી, ગ્રીન ટર્ટલ, લોગરહેડ, હોક્સબિલ અને લેધરબેક. ઞ્દ્ગ રેડ લિસ્ટમાં 'હૉક્સબિલ' કાચબાને 'ક્રિટિકલી એન્ડેન્જર્ડ' અને ગ્રીન ટર્ટલ 'એન્ડેન્જર્ડ' તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે. જીવવિજ્ઞાનીઓના મતે, કાચબા એટલા લાંબા સમય સુધી જીવી શકે છે કારણ કે તેમનું કવચ તેમને રક્ષણ પૂરું પાડે છે. આ સંસ્થાએ યુવાનો અને પુખ્ત વયના લોકોને કાચબાને બચાવવા માટે કેટલીક ટિપ્સ આપી હતી, જેમાંથી કેટલીક છે. જ્યાં સુધી કાચબા ઘાયલ અથવા બીમાર ન હોય ત્યાં સુધી તેને તેના કુદરતી રહેઠાણમાંથી બહાર ન લાવવો જોઈએ. પાલતુ સ્ટોર્સમાંથી કાચબા ન ખરીદવા જોઈએ. કાચબા વિશ્વમાં સૌથી વધુ વર્ષ જીવતા જીવમાંનો એક છે. તેની સરેરાશ ઊંમર ૧૫૦ વર્ષ માનવામાં આવે છે. વિશ્વમાં સૌથી વધુ વર્ષ સુધી જીવનાર કાચબાનું નામ 'હનાકો' હતું, જે લગભગ ૨૨૬ વર્ષ જીવ્યો હતો.

# શું કેન્સરનો ઈલાજ શક્ય બનશે?

## રિસર્ચ દરમિયાન કોલોરેક્ટરલ કેન્સરની સારવારમાં મળી સફળતા



**ન્યૂ યોર્ક સ્થિત કેન્સર સેન્ટરમાં રિસર્ચ કરી રહેલી ટીમને કોલોરેક્ટલ કેન્સરની સારવાર કરવામાં સફળતા મળી છે. આ ડોક્ટરની ટીમ છેલ્લા એક વર્ષથી ૧૮ પેશન્ટને એક ખાસ પ્રકારની દવા આપીને સારવાર કરી રહ્યા હતા.**

દુનિયામાં કોરોના જેવી મહામારીનો ઈલાજ શોધાઈ ચૂક્યો છે જેની વેક્સિનના નિયત સમયે ડોઝ લેવાથી આ બીમારીથી મૃત્યુને ટાળી શકાય છે પરંતુ અત્યારસુધી એચ.આઈ.વી. અને કેન્સરની સારવાર વૈજ્ઞાનિકો માટે એક કોયડા સમાન બની ગઈ છે.વર્ષોના પ્રયત્નો બાદ રિસર્ચ એક્સ્પર્ટ્સને આ અંગે સફળતા મળી હોવાનો અહેવાલ સામે આવ્યો છે.

ન્યૂ યોર્ક સ્થિત કેન્સર સેન્ટરમાં રિસર્ચ કરી રહેલી ટીમને કોલોરેક્ટલ કેન્સરની સારવાર કરવામાં સફળતા મળી છે. આ ડોક્ટરની ટીમ છેલ્લા એક વર્ષથી ૧૮ પેશન્ટને એક ખાસ પ્રકારની દવા આપીને સારવાર કરી રહ્યા હતા. લગભગ એક વર્ષ સમયગાળા બાદ, આ પેશન્ટના રિપોર્ટચોંકવનારા આવ્યા હતા. આ બધા પેશન્ટમાં એન્ટીબોડી ડેવલોપ થઈ હતી અને તમામ પેશન્ટના શરીર કેન્સર રહિત જોવા મળ્યા હતા.

આ રિસર્ચ ટીમના પ્રમુખ સભ્ય લુઈસ એ. ડાયઝનું કહેવું છે કે, આ એક અદભુત પરિણામ છે અગાઉ આ પ્રકારનું રિએક્શન જોવા મળ્યું નથી. અમને દવાઓના ક્લિનિકલ ટ્રાયલમાં સો ટકા સફળતા મળી છે અને આગળ આ અંગે વધુ રિસર્ચ કરવામાં આવશે. અમે એન્ડોસ્કોપી, PET Mfu™ , MR'સહિતના બધા જ ટેસ્ટ કર્યા હતા પરંતુ ૧૮ પેશન્ટમાં કેન્સરના એક પણ ચિન્હ જોવા મળ્યા ન હતા.

# ઇટલીમાં પાસ્તાનાં ભાવમાં તીવ્ર વધારો રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બન્યો

સુપ્રસિદ્ધ ઇટાલિયન ફિલ્મમેકર ફેડ્રિકો ફલેનીએ એક વાર કહ્યું હતું, "લાઈફ ઈઝ એ કોમ્બિનેશન ઓફ મેજિક એન્ડ પાસ્તા." આ પાસ્તા હવે ઇટલીમાં રાષ્ટ્રીય ચર્ચાનો વિષય બન્યો છે. ગયા વર્ષની સરખામણીમાં પાસ્તાનાં ભાવમાં ૧૬-૧૭ ટકાનો વધારો થયા બાદ નાગરિક જૂથો અને ગ્રાહક સંગઠનોએ હોબાળો મચાવતા ગયા સપ્તાહે ઇટાલિયન સરકારે રોમમાં સાંસદોની સમિતિ, પાસ્તા ઉત્પાદકો અને ગ્રાહક અધિકાર સંગઠનો સાથે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. ઇટલીમાં ગ્રાહક ફુગાવામાં ૮.૧ ટકા વધારાની સરખામણીમાં પાસ્તા ૧૬ ટકા મોંઘા થયા છે. પ્રતિ કિલોગ્રામ ભાવ ૨.૨૦ ડોલરે પહોંચી ગયો છે. ગુરૂવારે ઇટલીના ઉદ્યોગ મંત્રી એડોલ્ફો ઉર્સોએ બોલાવેલી બેઠકમાં પરિસ્થિતિની ચર્ચા કરી હતી. જો કે, ભારે વિરોધ છતાં સત્તાવાળાઓએ ભાવ પર નિયંત્રણ લાદ્યું નહોતું અને ગ્રાહકોને ખાતરી આપી હતી કે ઉત્પાદન ખર્ચ ઘટવાની સાથે આગામી મહિનાઓમાં ફુગાવો ક્રમશઃ ઘટી જશે.

આપણે ગુજરાતીઓ જેમ દૈનિક આહારમાં ખીચડી કે શાક રોટલી ખાઈએ છીએ તે રીતે ઇટલીમાં પાસ્તા દૈનિક આહારમાં ખવાય છે. દેશની ૬૦ ટકા વસતિ દરરોજ પાસ્તા ખાય છે. સરેરાશ ઇટાલિયન દર વર્ષે સરેરાશ ૨૩ કિલોગ્રામ પાસ્તા આરોગે છે એમ ગ્રાહક સંગઠન એસૌટેન્ટીના પ્રમુખ ફ્યુરિયોએ જણાવ્યું હતું. આ હિસાબે દૈનિક સરેરાશ ૬૦ ગ્રામ એટલે કે સિંગલ પોર્શનની સાઇઝ થઈ. આનો અર્થ એ થયો કે ઇટાલિયન નાગરિક દિવસમાં એક વાર પાસ્તા ખાય છે. પાસ્તા ઇટલીમાં માત્ર ભોજન પૂરતાં જ મહત્વનાં ન રહેતાં તેનું સાંસ્કૃતિક મહત્વ પણ છે. દેશમાં પાસ્તાની સેંકડો વેરાઇટી મળે છે અને તે ઇટલીની ઓળખ છે. વળી, દરેક શહેરનાં પાસ્તાની પોતાની સ્પેશ્યાલિટી છે.

પાસ્તા કંપનીઓ વધતા જતા ભાવ માટે કાચા માલના ભાવ વધારાને જવાબદાર ઠેરવે છે. ખાસ કરીને ઊર્જાનાં ભાવ. યુનિક્રેડિટ ખાતે ચીફ ઇટાલિયન ઇકોનોમિસ્ટ લોરેડાન મારિયાએ રોઇટર્સને જણાવ્યું હતું કે, "ઊર્જાની કિંમતમાં ચાલી રહેલા એડજસ્ટમેન્ટને કારણે ફુગાવા પર અસર પડી છે." અલબત, કેટલાંક નિષ્ણાતો યુક્રેન પર રશિયાના આક્રમણને પણ મોટું પરિબળ ગણાવે છે. આઇએમએફનાં જણાવ્યા પ્રમાણે ઇયુએ રશિયા પર મૂકેલા પ્રતિબંધને પગલે ૨૦૨૨માં રશિયન ગેસ સપ્લાયમાં ૮૦ ટકાથી વધુ ઘટાડો થયો હતો. ઉત્પાદન ખર્ચ, ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક્સ ખર્ચ વધારો પાસ્તાનાં ભાવ વધારા માટે જવાબદાર છે એમ ઉદ્યોગ મંત્રીના પ્રવક્તાએ જણાવ્યું હતું.

**"લાઇફ ઇઝ એ કોમ્બિનેશન ઓફ મેજિક એન્ડ પાસ્તા"**

**૧૭ ટકા ગયા વર્ષની સરખામણીમાં પાસ્તાનાં ભાવમાં વધારો**

**૨૩ કિલોગ્રામ સરેરાશ ઇટાલિયન દર વર્ષે સરેરાશ પાસ્તા આરોગે છે**

**૬૦ ટકા ઇટાલિયન વસતિ દરરોજ પાસ્તા ખાય છે.**

**૨૩ કિલોગ્રામ પાસ્તા સરેરાશ ઇટાલિયનનો વાર્ષિક વપરાશ**

**૩૦ ટકા ઘટાડો દુરુમ ઘઉંનાં ભાવમાં મે ૨૦૨૨ની સરખામણીમાં**

જો કે, ગ્રાહક સંગઠનો અને ઇટાલિયન ખેડૂતો આ દલીલ સાથે સંમત નથી. તેમનાં કહેવા પ્રમાણે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં યુક્રેન પર રશિયાનાં આક્રમણથી સપ્લાય ચેઇન ખોરવાતા પાસ્તા માટેનાં કેટલાંક કાચા માલમાં વધારો થયો હતો તે સમજી શકાય છે પણ આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. ઇટલીનાં સૌથી મોટા ખેડૂત સંગઠન કોલ્ડીરેટ્ટીએ જણાવ્યું હતું કે, "ઊંચા રિટેલ ભાવ છતાં દુરુમ વ્હિટ (એક જાતનાં ઘઉં, જેમાં પ્રોટીનનું પ્રમાણ ઊંચું હોય છે અને તેમાંથી પાસ્તા બનાવવામાં આવે છે.)નાં ખેડૂતોની આવકમાં કોઈ વધારો નથી થયો. ખરેખર તો, મે ૨૦૨૨ની સરખામણીમાં દુરુમ ઘઉંનાં ભાવ ૩૦ ટકા ઘટ્યા છે. પાસ્તા બનાવવા માટે દુરુમ ઘઉંને પાણી સાથે મિક્સ જ કરવાના હોવાથી ઊંચા ભાવ વધારા માટે અપાતાં કારણો ગેરવાજબી છે. વળી, દેશભરમાં ઘઉંના ભાવ લગભગ સમાન છે ત્યારે પાસ્તાના અલગ અલગ ભાવમાં અસમાનતા અનેક પ્રશ્નો ઊભા કરે છે."

ગ્રાહક સંગઠનનાં કહેવા પ્રમાણે યુક્રેન યુદ્ધનું કારણ આપીને નફો કમાવવા ઉત્પાદકોએ પાસ્તાનાં ભાવવામાં કૃત્રિમ વધારો કર્યો હોય તેવું શક્ય છે. અન્ય એક સંગઠન કોડાકોન્સે પાસ્તના રિટેલ ભાવમાં વધારાનાં ટ્રેન્ડ અંગે તપાસ કરવા સત્તાવાળાઓ સમક્ષ ફરિયાદ પણ કરી છે.



## તંત્રી લેખ...

બુધવાર, તા.૧૬ એપ્રિલ ૨૦૨૫

# એકરૂપ ટોલ નીતિ

એ સારી વાત છે કે સરકાર નવી ટોલ નીતિ લાવવા જઈ રહી છે. તેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય રાજમાર્ગો અને એક્સપ્રેસવે પર આવાગમનને સુગમ બનાવવું અને લોકોને રાહત આપવાનો છે, પરંતુ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે પ્રસ્તાવિત ટોલ નીતિથી એવું વાસ્તવમાં થઈ શકે. હાલની ટોલ નીતિ વિસંગતિઓથી ગ્રસ્ત છે, બલ્કે ટોલ વસૂલવાની પ્રક્રિયા પણ કષ્ટપ્રદ છે. તેની ખબર એનાથી પડે છે કે આ પ્રક્રિયા પ્રત્યે લોકોનો અસંતોષ વધતો જાય છે. જેમ જેમ નવા રાજમાર્ગ અને એક્સપ્રેસવે બનતા જાયછે, તેમ તેમ વાહનોની સંખ્યા પણ વધી રહી છે. તેની સાથે જ પોતાના વાહનોથી લાંબા અંતરની યાત્રા કરવાનું ચલણ પણ વધી રહ્યું છે, પરંતુ એ જોવામાં આવી રહ્યું છે કે ટોલ વસૂલવાની પ્રક્રિયા સમયની બરબાદી કરનારી બની રહી છે. ટોલ પ્લાઝામાં વાહનોના નીકળવાના સમયના સંદર્ભમાં સરકારના દાવા ગમે તે હોય, પરંતુ સચ્ચાઈ એ છે કે લગભગ સમગ્ર ટોલ વસૂલી ઈલેક્ટ્રોનિક રીતે થવા છતાં કોઈને કોઈ કારણોસર વિલંબ થાય છે. તેનું સૌથી મુખ્ય કારણ ટોલ ઓપરેટરો અને એજન્સીઓના કામકાજમાં દક્ષતાનો અભાવ છે.

સમસ્યા માત્ર એટલી જ નથી કે ટોલ ચૂકવવા દરમ્યાન સમયની બિનજરૂરી બરબાદી થાય છે, પરંતુ એ પણ છે કે ટોલ પ્લાઝામાં વાહનોની લાંબી કતારો લાગવાથી પેટ્રોલ અને ડીઝલની બરબાદી પણ થાય છે. તેનું આકલન કરવું જોઈએ કે ટોલ વસૂલવા દરમ્યાન લાગનારા સમયને કારણે ઈંધણની કેટલી બરબાદી થાય છે અને તેનાથી પર્યાવરણને કેટલી હાનિ પહોંચે છે. નિઃસંદેહ રાજમાર્ગો અને એક્સપ્રેસવે વગેરેના નિર્માણમાં સારસંભાળ માટે વાહન ચાલકો પાસે શુલ્ક લેવો જ પડશે, પરંતુ તેની ચૂકવણી સુગમ રીતે થવી જોઈએ. સરકારના તમામ દાવા છતાં એવું નથી થઈ શકતું. તેનું ક કારણ ઉન્નત ટેકનિકનો ઉપયોગ ન કરવો એ છે. એ ઠીક છે કે નવી ટોલ નીતિમાં ઉન્નત ટેકનિકના ઉપયોગની વાત કરાઈ રહી છે, પરંતુ તેની ઉપયોગિતા ત્યારે જ સિદ્ધ થશે જ્યારે લોકોને રાહત મળશે. ફાસ્ટેગને ઉન્નત ટેકનિક રૂપે જ અમલમાં લાવવામાં આવ્યું હતું, પરંતુ સમયની સાથે તે સમસ્યાજનક બની ગયું. નવી ટેકનિક એવી હોવી જોઈએ જેનાથી ટોલ પ્લાઝા વાસ્તવમાં બેરિયર મુક્ત થઈ શકે. ટેકનિક એવી ચીજ છે જેને નિરંતર ઉન્નત બનાવવાની જરૂર હોય છે. પોતાના દેશમાં એના પર અપેક્ષિત ધ્યાન નથી અપાઈ રહ્યું. આશા રાખવી જોઈએ કે નવી ટોલ નીતિથી એ પણ સ્પષ્ટ થશે કે કોઈ રાજમાર્ગ પર કયા આધાર પર કેટલી અવધિ સુધી ટોલ વસૂલવામાં આવશે. તેની સાથે જ રાજમાર્ગો, એક્સપ્રેસવે વગેરેના સારસંભાળ પર પણ ધ્યાન આપવું જરૂરી છે, કારણ કે એ સામે આવતું રહે છે કે ક્ષતિગ્રસ્ત રાજમાર્ગો અને એક્સપ્રેસવેની મરામતનું કામ સમયસર યોગ્ય રીતે નથી થતું.

# ઔદ્યોગિક ક્ષેત્ર પર વધુ ધ્યાન આપવાની જરૂર

આજે વિશ્વમાં અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ વોર ચાલી રહી છે. આ સ્થિતિને ભારતના ઉદ્યોગ ક્ષેત્ર માટે અવસર રૂપે જોવાય છે, પરંતુ શું ભારતનું ઉદ્યોગ ક્ષેત્ર તેનો લાભ લેવા માટે તૈયાર છે? આ સવાલ એટલા માટે ઊઠી રહ્યો છે કે ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન ફેબ્રુઆરીમાં સુસ્ત પડીને છ મહિનાના નીચલા સ્તર ૨.૯ ટકા પર આવી ગયું છે. બ્લૂમબર્ગે ફેબ્રુઆરી માટે ૩.૬ ટકાની આઈઆઈપી ગ્રોથનું અનુમાન લગાવ્યું હતું, પરંતુ અસલ આંકડા તેનાથી ઘણા નીચે રહ્યા છે. સત્તાવાર આંકડા અનુસાર ઔદ્યોગિક ઉત્પાદનમાં સુસ્તી વિનિર્માણ, ખનન અને વીજળી ક્ષેત્રોના ખરાબ પ્રદર્શનને કારણે આવી છે.

ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક (આઈઆઈપી)ના સંદર્ભે માપવામાં આવતા ઔદ્યોગિક ઉત્પાદનમાં ફેબ્રુઆરી ૨૦૨૪માં ૫.૬ ટકાનો વધારો થયો હતો. સરકારે જાન્યુઆરી, ૨૦૨૫ માટે ઔદ્યોગિક વૃદ્ધિના આંકડાને સંશોધિત કરીને ૫.૨ ટકા કરી દીધો છે. માર્ચા જારી આંકડામાં તેના પાંચ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કરાયું હતું. વિનિર્માણ ક્ષેત્રની ઉત્પાદન વૃદ્ધિ ફેબ્રુઆરીમાં સુસ્ત પડીને ૨.૯ ટકા રહી, જે એક વર્ષ પહેલાં આ જ મહિનામાં ૪.૯ ટકા હતી. ફેબ્રુઆરી ૨૦૨૫માં વીજળી ઉત્પાદનની વૃદ્ધિ પણ ધીમી થઈને ૩.૬ ટકા પર રહી જે એક વર્ષ પહેલાં આ જ મહિને ૭.૬ ટકા હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એપ્રિલ-ફેબ્રુઆરી દરમ્યાન આઈઆઈપીમાં ૪.૧ ટકાની વૃદ્ધિ થઈ જે એક વર્ષ પહેલાં આ જ અવધિમાં છ ટકા હતી. ટકાઉ ઉપભોક્તા સામાન (ઈલેક્ટ્રોનિક વસ્તુઓ)ની વૃદ્ધિ ફેબ્રુઆરીમાં માત્ર ૩.૮ ટકા રહી, જે ફેબ્રુઆરી, ૨૦૨૪માં ૧૨.૬ ટકા હતી. બુનિયાદી માળખા-નિર્માણના સામાનોની વૃદ્ધિ ફેબ્રુઆરી ૨૦૨૫માં ૬.૬ ટકા રહી, જે ગયા વર્ષે આ જ અવધિમાં ૮.૩ ટકા હતી.

પ્રાથમિક વસ્તુઓના ઉત્પાદનમાં ફેબ્રુઆરીમાં ૨.૮ ટકાનો વધારો નોંધાયો, જ્યારે એક વર્ષ પહેલાં ફેબ્રુઆરીમાં તેમાં ૫.૯ ટકાનો વધારો થયો હતો. મધ્યવર્તી વસ્તુઓના ક્ષેત્રમાં વૃદ્ધિ આલોચ્ય મહિનામાં ૧.૫ ટકા રહી, જે એકવર્ષ પહેલાં ફેબ્રુઆરીમાં ૮.૬ ટકા હતી. આ આંકડા દર્શાવી રહ્યા છે કે દેશના ઔદ્યોગિક ક્ષેત્રની હાલત કઈ રીતે સુસ્ત થઈ રહી છે. જ્યારે હાલમાં દેશ સામે અનેક આર્થિક પડકારો છે. અમેરિકાના રેસિપ્રોકલ ટેક્સ અને આયાત પર નવા ટેરિફના એલાન અને ચીન સાથે ટેરિફ વોરથી ગ્લોબલ સ્તર પર આર્થિક અનિશ્ચિતતા અને પૂરવઠા તંત્રના પ્રભાવિત થવાનો ખતરો છે, તેનીઅસર ભારતીય ઉદ્યોગ ક્ષેત્ર પર પણ પડવી નક્કી છે. એવામાં ઉદ્યોગ ક્ષેત્રની ગતિમાં નરમી સુખદ સંકેત નથી. ભારતીય ઉદ્યોગના મોટાભાગના ક્ષેત્ર ખરાબ પરફોર્મ કરી રહ્યા છે. રાહત અને સમર્થનની કેટલીય જાહારેતો છતાં ભારતીય ઉદ્યોગ ક્ષેત્ર ઝડપ નથી પકડી શકતું, તો તેની પાછળ અનેક કારણો છે. વૈશ્વિક આર્થિક મંદીની સ્થિતિ છે, જેમાં યુરોપીય અર્થવ્યવસ્થાઓમાં સુસ્તી અને ચીનના વિનિર્માણ ક્ષેત્રમાં માંગમાં કમીથી ભારતની નિકાસમાં ઘટાડો થયો છે. વિમુદ્રીકરણ અને જીએસટી જેવા આર્થિક સુધારાથી ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્ર ઉગરી નથી શક્યું. વિનિર્માણ ક્ષેત્રની ચીનથી આયાત પર નિર્ભરતા પણ ઘરેલુ ઉત્પાદનમાં ઘટાડાનું કારણ છે. સંશોધન અને વિકાસમાં ઘણુ ઓછું રોકાણ, ઉદ્યોગો વચ્ચે સહયોગની ઉણપ અને ટેક્નોલોજીના સીમિત ઉપયોગથી પ્રતિસ્પર્ધાત્મકતા અને નવાચાર પ્રભાવિત થયા છે. જો આપણે વૈશ્વિક અવસરનો લાભ લેવો હશે તો નીતિગત, મૂડીગત અડચણો દૂર કરતાં ઉદાર ઔદ્યોગિક નીતિ માટે આર્થિક સુધારના આગામી ચરણની જરૂર છે.

### મુખ્યમંત્રી મમતાથી માંડીને આખી સરકાર, પાર્ટી હમલાબોલ શૈલીમાં સાથે ઊભી હોય છે

# દીદીના બંગાળમાં અરાજકતા

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદથી લઈને મધ્ય પ્રદેશના ગુના અને તેના પહેલાં નાગપુર મલાડ વગેરેની ઘટનાઓએ દેશને ચિંતામાં મૂકી દીધો છે. આ ઘટનાઓમાં સતત દેખાઈ રહેલા યથાર્થને ઓળખીને તેને અનુરૂપ વ્યવહાર નક્કી કરવાનો સમય છે. મુર્શિદાબાદથી ભાગીરથી નદીમાં નાવ પર બેસીને પલાયન કરતા અને પછી માલદા જિલ્લામાં ઉતરતા લોકોની તસવીરો કોઈપણ સંવેદનશીલ વ્યક્તિને અંદરથી હચમચાવી દેશે. આપણે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં બિનમુસ્લિમો, હિંદુઓ વિરુદ્ધ હિંસા પર ભવાં ચડાવીએ છીએ, આપણા દેશ વિશે શું કહીશું? માલદાના પારલાલપુર હાઈસ્કૂલમાં શરણ માટે લગભગ ૫૦૦ લોકોની તસવીરો અને વક્તવ્ય દેશ સામે છે. તેમાં ત્રણ દિવસના નવજાતથી લઈને મહિલાઓ, બુઝુર્ગ અને બાળકો સામેલ છે. સ્થાનિક લોકોએ તેમના રહેવાની અને ખાવા-પીવાની વ્યવસ્થા કરી છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સુકાંતા મજૂમદારની યાત્રા બાદ પાર્ટી અને બીજા હિંદુ સંગઠન પણ સક્રિય થયા, પરંતુ શું કોઈને યાદ છે કે ૨૦૨૧ વિધાનસભા ચૂંટણી બાદ હિંદુઓ અસમ અને ઝારખંડ ભાગી ગયા હતા. તેઓ આજ સુધી પાછા ફર્યા કે નહી દેશને ખબર પણ ન હતી. જ્યારે અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વશર્માએ પોસ્ટ લખી ત્યારે તેની જાણકારી મળી. વર્તમાન ઘટનામાં પલાયન કરી ગયેલા લોકો મુર્શિદાબાદના ધુલિયાનના છે. તેઓ કહી રહ્યા છે કે ઘરોમાં આગ લગાડી દીધી, મારપીટ કરવામાં આવી, હવે ન ઘર રહ્યું, ના ખાવા માટે રાશન બચ્યું, બધું જ લૂંટાઈ ગયું. મણિપુર પર તોફાન ઊભું કરનનારા અને યાત્રા કરનારા રાહુલ ગાંધીથી માંડીને વિપક્ષના નેતાઓની ચૂપકિદી વધારે ડરાવનારી છે. મણિપુર બધા માટે ચિંતાનો વિષય હોવો જોઈએ, તો મુર્શિદાબાદ કેમ નહી?

આ જ એ પ્રશ્ન છે અલગ-અલગ એવી ઘટનાઓ અને સંદર્ભોમાં જેનો જવાબ ભારત સ્પષ્ટ રૂપે ક્યારેય નથી આપી શક્યું. ધુલિયાનમાં એક ગરીબ પિતા-પુત્રની હત્યા કરી દેવામાં આવી, જેઓ હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓ બનાવતા હતા. મૂર્તિકાર સાથે કોને વેર હોઈ શકે? લોકો કહી રહ્યા છે કે તેમની પાણીની ટાંકીમાં ઝેર ભેળવી દેવાયું. તેમાં કેટલી સચ્ચાઈ છે તેની તપાસ મમતા બેનર્જી સરકારે કરવી જોઈતી હતી. નથી કરી તેનો મતલબ શો માનવો? કેટલાય તળાવોમાં માછલીઓ સહિત અન્ય જીવ મરેલા જોવા મળ્યા, એટલે કે હુમલાખોરો ઘોષણા કરી રહ્યા હતા કે તમામ પાણીમાં ઝેર ભેળવી દઈશું. ટીવી કેમેરાના માધ્યમથી દેશે ત્યાંની હિંસા જોઈ. હજુ પણ અલગ-અલગ ક્ષેત્રોમાં હિંસા થઈ રહી છે. શમશેરગંજ સહિત કેટલાય સ્થળોએ બીએસએફની ટીમ પર ગોળીબાર કરવામાં આવ્યો. બીએસએફના જવાનોએ કેટલાય ઘરોમાં ભરેલા પથ્થરો દૂર કર્યા. કોલકાતા હાઈકોર્ટના આદેશને કારણે કેન્દ્રીય સુરક્ષા દળોની ૧૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી, નહી તો પશ્ચિમ બંગાળ પોલીસના રહેતાં શું થઈ રહ્યું હતું અન શું થાત એની કલ્પના જ ધ્રુજાવનારી છે. ભાજપ અને આરએસએસની ભલે ગમે તેટલી ટીકા થાય અને તેનો વિરોધ થાય, પરંતુ આવી વિકટ પરિસ્થિતિમાં હિંદુ સમાજ સાથે તેમના સિવાય ઊભું રહેનારું કોઈ જ નથી! અન્ય પાર્ટીઓના સ્થાનિક એકમોને સત્ય દેખાય છે, ભૂમિકા નિભાવવા પણ માગે છે, પરંતુ પ્રદેશ અને કેન્દ્રીય નેતૃત્વના દબાણમાં તે કશું નથી કરી શકાત. સ્થાનિક ભાજપના કેટલાય નેતાઓએ પ્રદેશમાં અફ્સ્પા લાગુ કરવાની માંગ કરી છે.કોઈને નવા વક્ફ કાયદા સામે વિરોધ હોય તો તેની રીત હિંદુઓ પર હુમલા કેવી રીતે હોઈ શકે? જો વિરોધ કરવો હોય તો તેના માટે હિંદુઓના ઘરો પર હુમલા કરવા, ધર્મસ્થળોને ક્ષતિગ્રસ્ત કરવા, દુકાન-ઘર બાળવા વગેરેની શી જરૂર છે? હુમલાખોરોની તૈયારી કેટલી હતી તેનો અંદાજો એ વાતે આવે કે પલાયન કરી ગયેલા લોકો જણાવી રહ્યા છે કે તેઓ ગેસ સિલિન્ડરોને ખોલીને દિવાસળીથી આગ લગાવી રહ્યા હતા અને તેમાં પેટ્રોલ નાખી રહ્યા હતા. ગુનામાં હનુમાન જયંતીની શોભાયાત્રા પર જેટલી ભારે સંખ્યામાં પથ્થરમારો થયો અને આગચંપી થઈ તેની તૈયારી એકાએક સંભવ નથી. છેલ્લા કેટલાય સમયથી જોવા મળે છે કે હિંદુઓના ઉત્સવો, શોભાયાત્રાઓ વગેરે પર પથ્થરમારાના કિસ્સા વધી રહ્યા છે.

મુર્શિદાબાદની ઘટના પર બંગાળની મમતા સરકારના મંત્રી સાદિકુલ્લા ચૌધરી તો કહે છે કે પીડિતોએ પલાયન કર્યું તોય બંગાળમાં જ કર્યું ને! હિંસામાં બહારના અને ભાજપના લોકો સામેલ હતા, તેઓ બીએસએફની ગોળીથી મર્યા છે! મમતા સરકાર અને તેમની પાર્ટીનું સ્ટેન્ડ આવું હોય તો તેમની પાસે શી આશા રાખી શકાય? આવું પહેલી વાર નથી બન્યું. ગયા વર્ષે વર્ધમાન જિલ્લામાં એક બોમ્બ વિસ્ફોટની તપાસ કરવા ગયેલી એનઆઈએની ટીમ પર હુમલો થયો. વિસ્ફોટ બોમ્બ બનાવતાં થયો અને મરનારા ત્રણેય તૃણમૂલના હતા. ચાહે શાહજહાં શેખ પર કાર્યવાહી કરવા ગયેલ ટીમ હોય કે અન્ય જગ્યાએ, ત્યાં તેમના હિંસક વિરોધનો સામનો કરવો પડે છે.

મુખ્યમંત્રી મમતાથી માંડીને આખી સરકાર, પાર્ટી હમલાબોલ શૈલીમાં સાથે ઊભી હોય છે. જ્યારે સરકારનો ભય ન હોય તો કટ્ટરવાદી તત્ત્વોમાં આવો જ ઉન્માદ ફેલાય છે.સત્યને સત્યની જેમ જોઈને પછી રસ્તો કાઢવો જોઈએ. બંગાળ સંપૂર્ણદેશ માટે એવો ડરામણો પ્રશ્ન બની ગયો છે જેનો હજુ સુધી જવાબ નથી મળ્યો. ધીમે ધીમે આવી પ્રવૃત્તિઓ બીજાં રાજ્યોમાં પણ શરૂ થવા લાગી છે. આ સંદર્ભે સરકારો, પાર્ટીઓ અને હિંદુ સંગઠનોએ નવેસરથી પોતાની રણનીતિ નક્કી કરવી પડશે. બંને સમુદાયોના ઉદારવાદી વર્ગોએ આગળ આવવું પડશે અને સમાધાનના પ્રયાસો તેજ કરવા પડશે. કમ સે કમ આવી ઘટનાઓના વિરોધમાં અહિંસક રીતે ધરણાં પ્રદર્શન તો થઈ જ શકે. બંગાળની જે સ્થિતિ છે તેવી કોઈ રાજ્યની સ્થિતિ નથી. ન્યાયતંત્ર પણ તેની આગળ લાચાર જણાય છે. ૨૦૨૧માં હિંદુઓના પલાયનનો કેસ સુપ્રીમ કોર્ટમાં આવ્યો અને સુનાવણી દરમ્યાન એક બંગાળી ન્યાયમૂર્તિએ પહેલાં પોતાને એ કેસથી અલગ કરી લીધા! પછી સુનાવણી પ્રારંભ થઈ અને વધુ એક બંગાળી જજ સાહેબે ખુદને અલગ કરી લીધા. આમ સુનાવણી ટલ્લે ચડતી રહી. જોકે ન્યાયાલયો આવી વધતી પ્રવૃત્તિઓનું સમાધાન ન કરી શકે. એના માટે તો સરકારો, સિવિલ સોસાયટી અને સુજ્ઞ નાગરિકોએ જ આગળ આવવું પડશે.

### બીજા કોઈ પણ સંજોગોમાં પણ ન્યાયતંત્રને બિલની સમીક્ષા કરવાનો અધિકાર છે

# રાજ્યપાલો બિલ રોકી રાખે તો વિધાનસભાનું કામ શું?

**સુપ્રીમ કોર્ટે દેશના રાષ્ટ્રપતિએ કેટલા સમયમાં રાજ્યપાલે મોકલેલાં બિલો અંગે નિર્ણય લેવો તેની મર્યાદા પણ નક્કી કરી છે.**

રાજ્યપાલો દ્વારા રાજ્યોની વિધાનસભામાં પસાર કરાતાં બિલોને રોકી રાખવા મુદ્દે સુપ્રીમ કોર્ટે લીધેલા આકરા વલણના કારણે રાજકીય વિવાદ પેદા થઈ ગયો છે અથવા તો રાજકીય વિવાદ ખડો કરાઈ રહ્યો છે. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ન્યાયિક અતિરેક ગણાવ્યો છે. આર્લેકરનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટ પોતાની મર્યાદા ઓળંગીને સરકાર અને વિધાનસભાના કામમાં દખલ કરી રહી છે. આર્લેકરે તો સવાલ પણ કર્યો છે કે, કોર્ટ બંધારણમાં સુધારો કરવા માંડે તો સંસદ અને વિધાનસભાની ભૂમિકા શું હશે? આર્લેકરનો સવાલ વાહિયાત છે ને તેની વાત કરીશું પણ પહેલાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાની વાત કરી લઈએ.

તમિળનાડુ સરકારે વિધાનસભામાં પસાર કરાયેલાં બિલોને રાજ્યપાલે રોકી રાખ્યાં છે એ કેસમાં ઐતિહાસિક ચુકાદો આપીને આદેશ આપ્યો હતો કે રાજ્યપાલે એક મહિનાની અંદર વિધાનસભા દ્વારા મોકલવામાં આવેલા બિલ પર નિર્ણય લેવો પડશે. સુપ્રીમ કોર્ટે તમિળનાડુ વિધાનસભા દ્વારા મોકલાયેલાં પણ રાજ્યપાલે મંજૂર નહીં કરેલાં ૧૦ બિલોને મંજૂર કરાયેલાં પણ જાહેર કરી દીધાં. એ પછી સુપ્રીમ કોર્ટે રાજ્યપાલો દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલાં બિલો અંગે પણ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે દેશના રાષ્ટ્રપતિએ કેટલા સમયમાં રાજ્યપાલે મોકલેલાં બિલો અંગે નિર્ણય લેવો તેની મર્યાદા પણ નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા મોકલવામાં આવેલા બિલ પર ૩ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. સુપ્રીમ કોર્ટે પોતાની વેબસાઈટ પર અપલોડ કરેલા આદેશમાં બંધારણની કલમ ૨૦૧નો ઉલ્લેખ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, રાજ્યપાલો દ્વારા મોકલવામાં આવેલાં બિલોના કિસ્સામાં રાષ્ટ્રપતિ પાસે સંપૂર્ણ વીટો અથવા પોકેટ વીટોનો અધિકાર નથી. રાષ્ટ્રપતિ કોઈ બિલને મંજૂરી ના આપે તો તેમના નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે અને ન્યાયતંત્ર બિલની બંધારણીયતા નક્કી કરશે. આ વાત સો ટકા સાચી છે કેમ કે દેશની સુપ્રીમ કોર્ટને બંધારણીય અર્થઘટનનો સંપૂર્ણ અધિકાર છે.

બિલ મળ્યાના ૩ મહિનાની અંદર રાષ્ટ્રપતિએ નિર્ણય લેવો ફરજિયાત છે. વિલંબ થાય તો વિલંબનાં કારણો જણાવવાં આવશ્યક છે. રાષ્ટ્રપતિ બિલને રાજ્ય વિધાનસભામાં સુધારા અથવા પુનર્વિચાર માટે પાછું મોકલે પણ વિધાનસભા તેને ફરીથી પસાર કરે તો રાષ્ટ્રપતિએ બિલ પર અંતિમ નિર્ણય લેવો પડશે કેમ કે વારંવાર બિલ પાછું ના મોકલી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે રાષ્ટ્રપતિના નિર્ણયની કલમ ૨૦૧ હેઠળ ન્યાયિક સમીક્ષા કરી શકાય છે. બીજા કોઈ પણ સંજોગોમાં પણ ન્યાયતંત્રને બિલની સમીક્ષા કરવાનો અધિકાર છે જ.

સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે કેટલાંક લોકોએ વાંધો લીધો છે કે, સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ કઈ રીતે આપી શકે? તેમની દલીલ છે કે, રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે ત્યારે તેમનાથી ઉપર કોઈ ના હોઈ શકે એ જોતાં સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપીને પોતાની મર્યાદા ઓળંગી રહી છે.

આ વાંધો વાહિયાત છે અને આ દલીલ પણ વાહિયાત છે કેમ કે રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે, પોતે બંધારણ નથી. આ દેશમાં બંધારણીય વડા હોય કે સામાન્ય નાગરિક હોય, દરેકે બંધારણ પ્રમાણે વર્તવું ફરજિયાત છે. બંધારણીય વડા કે બીજો કોઈ પણ ચૂંટાયેલો હોદ્દેદાર કે સરકારમાં બેઠેલો અધિકારી કે બીજું કોઈ પણ બંધારણ પ્રમાણે વર્તે છે કે નહી એ નક્કી કરવાનું કામ સુપ્રીમ કોર્ટનું છે કેમ કે આ દેશના બંધારણે જ સુપ્રીમ કોર્ટને બંધારણીય અર્થઘટન માટેની સર્વોપરી સંસ્થા ગણાવી છે.

આપણા બંધારણની જોગવાઈ પ્રમાણે, રાષ્ટ્રપતિએ પણ બંધારણીય બાબતોમાં અર્થઘટન માટે સુપ્રીમ કોર્ટની સલાહ લેવી જરૂરી છે. રાષ્ટ્રપતિ પોતાની રીતે નિર્ણય ના લઈ શકે એવી સ્પષ્ટ જોગવાઈ છે. સદનસીબે આ દેશને મોટા ભાગે એવા રાષ્ટ્રપતિ મળ્યા કે જેમણે બંધારણીય ગૂંચવાડા વખતે સુપ્રીમ કોર્ટની સલાહ લીધી તેથી સુપ્રીમ કોર્ટે કોઈ રાષ્ટ્રપતિને આદેશ ના આપવો પડ્યો પણ તેનો અર્થ રાષ્ટ્રપતિ સર્વોપરી છે ને તેને કોઈ પડકારી કે આદેશ જ ના આપી શકે એવો નથી. રસપ્રદ વાત એ છે કે જે લોકો રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટ આદેશ ના આપી શકે એવી દલીલ કરે છે એ જ લોકો ૧૯૭૫માં રાષ્ટ્રપતિ ફખરુદ્દીન અલી અહમદે લીધેલા કટોકટી લાદવાના નિર્ણયને ગેરબંધારણીય જાહેર કરાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરાવી છે.કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ન્યાયિક અતિરેક ગણાવ્યો છે તેની પણ વાત કરી લઈએ. આર્લેકરે આડકતરી રીતે કહ્યું છે કે, કોર્ટ પોતાની મર્યાદા ઓળંગીને સરકાર અને વિધાનસભાના કામમાં દખલ કરી રહી છે. આર્લેકરની દલીલ છે કે, રાજ્યપાલે કોઈ પણ બિલ પર કેટલા સમયમાં નિર્ણય લેવો એ માટે બંધારણમાં કોઈ સમયમર્યાદા નથી કરાઈ. આ સંજોગોમાં કોર્ટે ૩ મહિનાની મર્યાદા નક્કી કરી એ બંધારણીય સુધારો કરવા જેવું છે. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે નહી પણ રાજ્યપાલોએ પોતાની મર્યાદા ઓળંગી તેના કારણે સમસ્યા સર્જાઈ છે.આર્લેકરની વાત સાચી છે કે બંધારણમાં કોઈ સમયમર્યાદા નક્કી કરાઈ નથી પણ સામે બિલને મંજૂર ના કરવાં કે કોઈ નિર્ણય ના લેવાં એવું પણ કહેવાયું નથી. રાજ્યપાલો કોઈ બિલને પાંચ-પાંચ વર્ષ સુધી રોકી રાખી શકે એવું બંધારણમાં ક્યાંય લખાયેલું નથી ને બંધારણમાં સમયમર્યાદા નક્કી કરી નથી તેનો અર્થ બિલોને રોકી રાખવાં એવો થતો નથી.

આર્લેકર સંસદ અને વિધાનસભાના અધિકારની દુહાઈ આપી રહ્યા છે ત્યારે અમે કરીએ એ લીલા ને બીજાં કરે એ છિનાળું જેવું લાગે છે કેમ કે સુપ્રીમ કોર્ટ વિધાનસભાનો અધિકાર નથી છિનવી રહી પણ રાજ્યપાલો એ અધિકાર છિનવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ તો રાજ્યોની વિધાનસભાના અધિકારને ફરી સ્થાપિત કરી રહી છે. રાજ્યોની વિધાનસભા જે બિલ પસાર કરે તેને એક વ્યક્તિ એટલે કે રાજ્યપાલ રોકી રાખે તો વિધાનસભાનો મતલબ શું છે?

પ્રજાએ પોતાના પ્રતિનિધિઓને જખ મારવા ચૂંટીને મોકલ્યા છે? રાજેન્દ્ર આર્લેકરે એ સવાલનો જવાબ આપવો જોઈએ કે, વિધાનસભાએ પસાર કરેલાં બિલ તમે રોકી રાખો છો તો તમે વિધાનસભાથી ઉપર છો? આ બિલો રોકવાનો અધિકાર તમને કોણે આપ્યો છે? આર્લેકર સહિતના રાજ્યપાલોએ બંધારણ વાંચવું જોઈએ અને તેની ગરિમા જાળવવી જોઈએ. બંધારણની કલમ ૨૦૧ કહે છે કે વિધાનસભા બિલ પસાર કરે છે પછી તે રાજ્યપાલને મોકલવું જોઈએ અને રાજ્યપાલે તેને રાષ્ટ્રપતિ પાસે વિચારણા માટે મોકલવું જોઈએ. આ સ્થિતિમાં રાષ્ટ્રપતિએ કાં બિલને મંજૂરી આપવી પડે અથવા મંજૂરી આપી રહ્યા નથી એવું કારણ સાથે કહેવું પડે. લોકશાહીમાં સંસદ અને વિધાનસભા સર્વોપરી છે ત્યારે રાજ્યપાલોને તેમની સર્વોપરિતા સ્વીકારવામાં વાંધો શું છે એ જ ખબર નથી પડતી.

### લેખક આર્થર કોનન ડોયલે પોતાની વાર્તા-પુસ્તકોમાં એનો આ ડિટેક્ટિવ પાત્ર,જ્યાં રહે છે

# એક આગવા જાસૂસનું અનોખું હોમ

**આમાંથી એક છે સર્જક શરદિંદુ બંદોપાધ્યાયનું જાસૂસ- પાત્ર વ્યોમકેશ બક્ષી. એ પાત્રને લઈને ૩૦થી વધુ વાર્તા લખાઈ છે અને બંગાળી હિન્દી ફિલ્મો પણ બની છે.**

સાચુકલા જાસૂસ કે ડિટેક્ટિવને રૂબરૂ મળવાની તક મોટાભાગના લોકોને ભાગ્યે જ મળે છે. એમનું કાર્ય છૂપી રીતે ચાલતું હોય છે. પછી એ સરકારી તંત્ર સાથે સંકળાયેલો હોય કે પછી એની પોતાની અંગત ડિટેક્ટિવ એજન્સી હોય. હા, પણ એમની કાર્ય પદ્ધતિની રૂપરેખા આપણને જાણવા મળે મોટેભાગે જાસૂસી પુસ્તકોમાંથી. એમાંય વાચકો વધુ પરિચિત છે વિદેશના અનેક કિતાબી જાસૂસોથી. વાચકોનો એક વિશેષ વિશાળ વર્ગ ડિટેક્ટિવ કથા અને એના જાસૂસી પાત્રોના ખાસ ચાહક હોય છે, જેમ કે હર્ક્યુલ પોઈરો અને મિસ માર્પલ આ બન્ને ડિટેક્ટિવ પાત્રનાં સર્જક છે રહસ્યકથાઓનાં વિખ્યાત લેખિકા અગાથા ક્રિસ્ટી. હર્ક્યુલ પોઈરોનું પાત્ર એની છટાદાર મૂછો તથા વિચક્ષણ બુદ્ધિમત્તાના કારણે વાચકોમાં જાણીતું બન્યું હતું. અગાથાની ૫૦થી વધુ ટૂંકી વાર્તા- ૩૫ જેટલાં પુસ્તકો તેમ જ ૩ નાટકમાં આ પોઈરોનું પાત્ર ઝળક્યું હતું. આજ રીતે એક આધેડ વયનું મહિલા જાસૂસ મિસ માર્પલને કેન્દ્રમાં રાખીને અગાથાએ ૧૨ નવલકથા અને ૧૨થી વધુ ટૂંકી વાર્તા સર્જી છે. આ બે કાલ્પનિક જાસૂસી પાત્ર પછી જાણીતું નામ છે પ્રોફેસર જાસૂસ રોબર્ટ લેન્ગડનનું,જેના સર્જક છે ડોન બ્રાઉન. એમની અનેક કૃતિઓમાં આ મિસ્ટર રોબર્ટ એમની આગવી ગુનાશોધન શૈલીથી અપરાધ ઉકેલે છે. આવો જ એક વિચક્ષણ ગુનાશોધક છે વકીલ પેરી મેસન. આ અમેરિકન પાત્ર પેરી મેસનના સર્જક છે અર્લ સ્ટેન્લિ ગાર્ડનર જેમણે ૮૦થી વધુ નોવલ ટૂંકી વાર્તાઓ લખી છે, જેના પરથી અનેક ટીવી શોઝ અને ફિલ્મ્સ પણ બની છે. પેરી જેટલી જ જાણીતી છે એની રૂપાળી-ચુલબુલી સેક્રેટરી ડેલા સ્ટ્રેટ અને પેરીનો સહયોગી જાસૂસ પોલડ્રેક (યાદ આવે છે તમને ગાજર ખાતો પેલો જાસૂસ પંકજ કપૂર અને એની રમતિયાળ સેક્રેટરી સુસ્મિતા મુખર્જીની કોમેડી ટીવી સિરિયલ 'કરમચંદ'?!)જોકે, આમનાં જેવાં ડિટેક્ટિવ કથાઓનાં ૧૦થી વધુ અન્ય જાસૂસ પાત્રો પણ વર્લ્ડ ફેમસ છે. મજાની અને આનંદની વાત એ છે કે આ નામાવલિમાં બે ભારતીય-એ પણ બંગાળી પાત્રનો સમાવેશ થયો છે.

આમાંથી એક છે સર્જક શરદિંદુ બંદોપાધ્યાયનું જાસૂસ- પાત્ર વ્યોમકેશ બક્ષી. એ પાત્રને લઈને ૩૦થી વધુ વાર્તા લખાઈ છે અને બંગાળી હિન્દી ફિલ્મો પણ બની છે.વ્યોમકેશ બક્ષી જેવું જ યાદગાર બંગાળી જાસૂસ-પાત્ર છે ફેલુદા! વિખ્યાત ફિલ્મ દિગ્દર્શક સત્યજિત રાયની કલમે ૩૫ જેટલી વાર્તામાં સર્જાયેલો જાસૂસ ફેલુદા આબાલ વૃદ્ધોમાં એક સરખો પ્રિય રહ્યો છે. આ મજાના જાસૂસને કેન્દ્રમાં રાખીને સત્યજિત રાયના પુત્ર સંદીપ રાયે બંગાળીમાં ૧૦ ટીવી સિરિયલ અને ૬ ફિલ્મ પણ બનાવી છે.અહી આપણે જેમની વાત કરી એ જાસૂસી પાત્રો માત્ર પુસ્તકોનાં એમનાં સબળ પાત્રાલેખનને કારણે આજની તારીખે ય પંકાયેલા છે. અલબત્ત, પાછળથી ટીવી- ફિલ્મ જેવાં માધ્યમને લીધે એમની લોકપ્રિયતા વધી ખરી.આમ છતાં, આ બધા કિતાબી દુનિયાના કાલ્પનિક જાસૂસો વચ્ચે ૧૪૦ વર્ષ (૧૮૮૭ થી ૨૦૨૫) બાદ પણ વાચકોમાં સૌથી વધુ લોકપ્રિય અને આજેય પણ સદા યાદગાર રહ્યું છે ડિટેક્ટિવ શેરલોક હોમ્સનું પાત્ર ..!બ્રિટિશ લેખક આર્થર કોનન ડોયલ સર્જિત આ કાલ્પનિક પાત્ર શેરલોક હોમ્સ એની ગીધ જેવી તીવ્ર નિરીક્ષણ શક્તિ- ફોરેન્સિક વિજ્ઞાન સાથે આગવી હૈયાસૂઝ અને એની તાર્તિક નિપુણતાને લીધે આજે પણ ચિરંજીવ પાત્ર બની રહ્યું છે.આજે હોમ્સ ૨૫ હજારથી વધુ નાટક્- ટીવી-ફિલ્મ્સમાં મુખ્ય પાત્ર તરીકે પેશ થયો છે. 'ગિનિસ વર્લ્ડ રેકોર્ડસ'માં નોંધાયેલો આ વિશ્વવિક્રમ આજેય અણનમ છે.આમ તો આ શેરલોક હોમ્સનું પાત્ર સો ટકા લેખકની કલ્પનાને આધારિત છે, પણ એના જનક એવા લેખક આર્થર કોનન ડોયલે એનું નિરુપણ એટલું બધું સચોટ અને વાસ્તવિક રીતે કર્યું છે કે એના લાખો વાચકો એને એક સાચુકલી વ્યક્તિ ગણે-માને છે !એની વાર્તાઓમાં કરેલાં વર્ણન અનુસાર વાચકોએ શેરલોક હોમ્સની જન્મતારીખ ૬ જાન્યુઆરી-૧૮૫૪ સ્વીકારી લીધી છે ! શેરલોક હોમ્સની મોટાભાગની વાર્તાઓ એના નિવાસસ્થાન ઘરમાંથી શરૂ થાય છે અને લગભગ બધા અટપટા અપરાધના કેસ આ ઘરમાં જ ઉકેલાય છે. અને આપણને કલ્પના પણ ન આવે એવું જગતનું સૌથી જાણીતું એડ્રસ આ જાસૂસનું છે.

લેખક આર્થર કોનન ડોયલે પોતાની વાર્તા-પુસ્તકોમાં એનો આ ડિટેકટિવ પાત્ર,જ્યાં રહે છે એ ઘરનું સરનામું લખ્યું હતું:આ સ્થળ ઘર કાલ્પનિક હોવા છતાં આજે પણ એ એવું જાણીતું છે કે એ જાસૂસના અસંખ્ય ચાહકો એને જોવા-નિહાળવા એ કાલ્પનિક સ્થળે પહોંચી જાય છે.સેન્ટ્રલ લંડન વિસ્તારમાં આવેલા હોમ્સના ઘરે પહોંચવા માટે તમે સિટી અન્ડરગ્રાઉન્ડ ટ્યુબ ટ્રેનથી બેકર સ્ટ્રીટ સ્ટેશન પહોંચો પછી ચાલીને એક મિનિટના જ અંતરે છે આ ફેમસ જાસૂસનું અતિ ફેમસ ઘર વત્તા મ્યુઝિયમ બેકર સ્ટ્રીટ સ્ટેશનની દીવાલો પર જતમને શેરલોક હોમ્સના હોકલીવાળા છાયાચિત્ર જોવાં મળી જાય. સ્ટેશન બહાર રોડ પર જ એક હાથમાં એની ચિરપરિચિત હોકલી અને હેટ સાથે શેરલોક હોમ્સની ૯ ફૂટ ઊંચી કાંસાની એક પ્રતિમા પણ નજરે ચઢે..!અંગત રીતે, મારા બે વારના લંડનના પ્રવાસ દરમિયાન અમને — મને અને મારા જાણીતા ફિલ્મ-લેખક મિત્ર સંજય છેલને શેરલોક હોમ્સના આ ઘર મ્યુઝિયમની લાંબી મુલાકાત લેવાની ત્યાંની તસવીરો ક્લિક કરવાની તક મળી છે.જાસૂસ હોમ્સના આ બેકર સ્ટ્રીટના કાલ્પનિક સરનામાની લોકચાહના જોઈને લંડનના સ્થાનિક સત્તાવાળાએ બેકર સ્ટ્રીટ પર જ આવા જ એક નિવાસસ્થાનને મ્યુઝિયમ રૂપે બનાવી દીધું છે!શેરલોકની વાર્તામાં આવતા વર્ણન મુજબ ૧૮૮૧થી ૧૯૦૪ના ગાળામાં શેરલોક અને એનો સહયોગી મિત્ર ડોકટર વોટસન અને મકાન માલકણ મિસિસ હડસન જાણે આ જ મકાનમાં રહ્યાં હોય તેવો તાદ્રશ્ય માહોલ પણ ત્યાં ખડો કરી દીધો છે.લેખક આર્થર કોનન ડોયલની વાર્તાઓમાં થતાં ઉલ્લેખ મુજાબ આ ઘર વત્તા ઓફિસ કાર્યાલયનો બધો કારોભાર સંભાળવા માટે શેરલોકનો કોઈ અંગત સચિવ સેક્રેટરી નહતો, પણ એનો અંગત મિત્ર ડોકટર વોટસન એ બધું સંભાળતો. જોકે , આજે પણ હોમ્સના ઘર મ્યુઝિયમ પર એના ચાહકોના ઢગલાબંધ પત્રો- ઈમેલ આવે છે. એ બધાને જવાબ દેવા માટે અત્યારે ત્યાં એક ફૂટડી યુવતી હોમ્સની અંગત સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે.

# આઠ વર્ષ પછી શરદ કેલકરની ફરી એક વખત ટીવીના પડદે એન્ટ્રી

## હું યોગ્ય પ્રોજેક્ટની રાહ જોતો હતો અને 'તુમ સે તુમ તક' પર્ફેક્ટ ચોઈસ છે

ભારતીય સમાજમાં સંબંધો અને લગ્ન આજે પણ પુરાણી પરંપરાઓ, ઉંમર, આર્થિક સ્થિતિ અને સામાજિક પરિમાણોના આધારે નક્કી થાય છે. પરંતુ પ્રેમના કોઈ બંધન કે નિયમ નથી હોતાં, તેનો પોતાનો અલગ પ્રવાહ હોય છે, તેમાં વચ્ચે વચ્ચે બંધનો અને નિયમો તૂટતાં જાય છે. દાયકાઓથી ઘણી ટીવી ચેનલ ઓડિયન્સ સમક્ષ વિચાર પ્રેરક વાર્તાઓ અને કાર્યક્રમો લાવતી રહી છે, જે સંબંધોને નવી પરિભાષા આપતા રહે છે. આવો જ એક શો 'તુમ સે તુમ તક' શરૂ થઈ રહ્યો છે. જેમાં ઉંમર અને સમાજના બંધનો અને નિયમોથી ઉપર એક નવા પ્રકારની સ્ટોરી બતાવવામાં આવશે.



આ સિરીયલમાં ૧૯ વર્ષની એક મધ્યમવર્ગીય પરિવારની છોકરી અનુ અને ૪૬ વર્ષના બિઝનેસ ટાયકૂન આર્યવર્ધની સ્ટોરી છે. અનુનાં મોટાં સપનાં છે અને તેના મૂલ્યો પાક્કા છે. જ્યારે આર્યવર્ધને પોતાની જાતે પોતાની કારકિર્દી ખડી કરી છે, જે પોતાની શિસ્ત અને સંસ્કાર માટે જાણીતો છે. તેમની વચ્ચેના દેખીતા ઉંમરના અને સામાજિક અંતર છતાં તેમની વચ્ચે પ્રેમ થાય છે. જે સમાડના દરેક બંધનને પડકારે છે. અનુનો રોલ નિહારિકા ચોકસે કરે છે, જ્યારે આર્યવર્ધનનો રોલ શરદ કેલકર કરે છે. આઠ વર્ષનાં લાંબા વિરામ પછી શરદ કેલકર ટીવીના પડદે પાછો ફરી રહ્યો છે. શરદ આ સિરીયલમાં એક સફળ બિઝનેસવપં પાત્ર કરતાં ઘણો ખુશ છે. જેને તેના ડ્હાપણ, આકર્ષક દેખાવ અને માનવતાના કારણે લોકો બહુ માન આપે છે. શ્રીમંત હોવા છતાં તે નિષ્ઠાવાન અને સંબંધને મહત્વ આપતો માણસ છે.

શરદ કેલકરે આ શો માટે કહ્યું, "આઠ વર્ષે ટીવી પર પાછા ફરતા હું અતિ ઉત્સુક છું. હું યોગ્ય કામની રાહ જોઈ રહ્યો હતો અને આ શોની વાર્તા સાંભળી ત્યારથી આ શો મને પર્ફેક્ટ લાગ્યો છે. આ ફ્રેશ, યુનિક અને પ્રેમને નવી વ્યાખ્યા આપતો શો છે. તેમાં મોડર્ન લવ સ્ટોરી છે જે સમાજના રૂઢિગત નિયમોને પડકારે છે અને સાબિત કરે છે કે જ્યારે બે દિલ મળી જાય ત્યારે ઉંમર માત્ર આંકડો બની રહે છે. મારું પાત્ર ઊંડું હોવા છતાં સ્પર્શી જાય એવું છે. આ કોસ માટે હું ઘણો ઉત્સુક છું. આશા છે કે લોકો આ પાત્રને પ્રેમ આપશે."



# સોનુ કક્કડે ભાઈ-બહેન નેહા અને ટોની સાથે સંબંધો તોડ્યાં

સોનુ કક્કડ, ટોની અને નેહા કક્કડ આ ત્રણે ભાઈ બહેન સંગીતની દુનિયામાં ઘણાં જાણીતાં છે, તેઓ અનેક કોલબરેશન અને શોમાં પણ સાથે પર્ફોર્મ કરી ચૂક્યા છે. ત્યારે સોનુ કક્કડની એક સોસિયલ મીડિયા પોસ્ટે તેમના ફેન્સને આંચકો લગાવ્યો છે. તેણે જાહેર કર્યું છે કે તે હવે તેનાં નાનાં ભાઈ-બહેન ગાયક નેહા કક્કડ અને મ્યુઝિક કમ્પોઝર ટોની કક્કડની બહેન નથી. તેનાથી આ ત્રણેયના ફેન્સ આશ્ચર્ય સાથે આઘાતમાં સરી પડ્યાં છે. આ પોસ્ટના કારણે અનેક પ્રકારની ચર્ચાઓ અને તર્ક વિતર્ક પણ શરૂ થઈ ગયાં છે. ખાસ તો ટોની કક્કડનો ૯ એપ્રિલે જન્મદિવસ હતો, તેની ઉજવણીમાં સોનુ હાજર નહોતી. ત્યારથી ઘણા પ્રસંશકોમાં તેની ગેરહાજરી અંગે ઉત્સુકતા અને પ્રશ્નો હતા.

તેનાં બે જ દિવસમાં સોનુએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી, જેમાં લખ્યું, "આપ સૌને જાણ કરતાં અતિશય આઘાત અનુભવું છું, કે હવેથી હું બે ટેલેન્ટેડ સુપરસ્ટાર્સ ટોની કક્કડ અને નેહા કક્કડની બહેન નથી. મારી લાગણી અતિશય દુભાયા પછી આ નિર્ણય લેવો પડ્યો છે, આજે હું ખુબ જ વ્યથિત છું."સોનુએ ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર આ પોસ્ટ શેર કરી હતી અને જેવી તેણે આ પોસ્ટ શેર કરી કે તરત જ વાયરલ થઈ ગઈ હતી. ઘણા લોકોએ સોનુના આ નિર્ણય પર શંકા પણ વ્યક્ત કરી હતી, તો કોઈએ આ નિવેદનની ખરાઈ અંગે પણ શંકા વ્યક્ત કરી હતી. એક વ્યક્તિએ લખ્યું કે, "બહેન વિના ટોનીને સુપરસ્ટાર ગણે છે કોણ? આ પરિવાર સાથે શું થઈ રહ્યું છે, એની તમે ક્યારેય કલ્પના પણ ન કરી શકો. તેમના આગામી મ્યુઝિક આલ્બમ માટે આ કોઈ પીઆર સ્ટંટ પણ હોઈ શકે છે." તો કોઈએ સોનુની પોસ્ટમાં ટેલેન્ટેડ અને સુપરસ્ટાર જેવા શબ્દો પર પણ પ્રશ્ન ઉઠાવ્યા હતા. જોકે, આ પોસ્ટ પર નેહા કે ટોનીમાંથી કોઈએ પ્રતિસાદ આપ્યો નહોતો. તેમજ આ પોસ્ટ પાછળનું કોઈ ચોક્કસ કારણ પણ હજુ સુધી બહાર આવ્યું નથી. જોકે, થોડાં વખત પહેલાં એક ઈન્ટરવ્યુમાં સોનુ કક્કડને કહ્યું હતું, "હું ખરેખર નેહા અને ટોની માટે બહુ ગૌરવ અનુભવું છું, મને ક્યારેય કોરાણે કરી દેવાઈ હોય એવું લાગ્યું નથી. જે મહેનત કરે એને સફળતા મળે જ છે. મને પણ એ જ રીતે મળી છે. હું ખુશ રહું છું, તેથી મને દરરોજ સફળતા મળે છે. મારા માટે સફળતાની વ્યાખ્યા જ ખુશી અને આનંદ છે."

# નેપોટિઝમના આક્ષેપો અંગે રિતિકનો જવાબ મેં પહેલી જાતમહેનતથી ફિલ્મ મેળવી હતી



રિતિક રોશનનું નામ આજે દેશના સુપરસ્ટાર્સમાં લેવાય છે. એવું માનવામાં આવે છે કે જે કલાકારો ફિલ્મના પરિવારમાંથી આવતા હોય છે, તેમના માટે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ સહેલું અને નક્કી જ હોય છે, પરંતુ રિતિક માટે આવું નથી, તેને આ સુપરસ્ટારની સફર અને સફળતા ચાંદીની ચમચીમાં પીરસેલી મળી નથી. હાલ રિતિક સતત ચર્ચામાં છે, એક તરફ તેની 'વૉર ૨' આવી રહી છે. તેની ડોક્યુ ડ્રામા સિરીઝ 'રોશન્સ' ચાલી રહી છે તેમજ તાજેતરમાં જ તેના પોતાના ડિરેક્ટર તરીકે ડેબ્યુ ફિલ્મ 'ક્રિશ ૪'ની પણ જાહેરાત થઈ છે. ત્યારે ન્યૂજર્સીમાં યોજાયેલી એક ઈવેન્ટમાં રિતિકે પોતાની સફરની વાત કરી હતી.

રાકેશ રોશન જેવા સફળ ફિલ્મ મેકરનો દિકરો હોવા છતાં રિતિકે આ ઈવેન્ટમાં ખુલાસો કર્યો હતો કે તેના માટે ડેબ્યુ કરવું જરા પણ સહેલું નહોતું. પોતાના પિતાના શબ્દો યાદ કરતા રિતિકે કહ્યું કે તેના પિતાએ શરૂઆતમાં સ્પષ્ટ કહ્યું હતું કે, રિતિકે પોતાનો રસ્તો જાતે જ બનાવવો પડશે અને તે ઈન્ડસ્ટ્રીમાં બ્રેક માટે પારિવારીક સંબંધોનો લાભ કે મદદ લઈ શકશે નહી. રિતિકે કહ્યું કે તેને ખબર હતી કે તેને લોંચ કરવા માટે માત્ર તેના પિતા કોઈ ફિલ્મ બનાવશે નહીં, તેણે જાતે કમાઈને એ સ્થાન મેળવવુ પડશે, એ જ રીતે રિતિકનો દષ્ટિકોણ બન્યો હતો. રિતિકે એવું પણ કહ્યું કે તેને ઘણી વખત તો શંકા પણ થતી હતી કે તે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુને લાયક નથી, તેથી તે અન્ય ફિલ્મમેકર્સ માટે ઓડિશન પણ આપતો હતો.

રિતિકે આ અંગે ઉદાહરણ આપતા કહ્યું હતું કે, રિતિકે શેખર કપુરની ફિલ્મ 'તા પા રમ પમ' માટે ઓડિશન આપ્યું હતું, પરંતુ એ ફિલ્મ ક્યારેય બની જ નહીં. જ્યારે તેના પિતાને ખબર પડી કે તે આ રીતે ફિલ્મો માટે ઓડિશન આપી રહ્યો છે, ત્યારે તેઓ થોડા નિઃરાશ થઈ ગયા હતા. રિતિકે કહ્યું કે એક વખત ઓડિશનની વચ્ચે રાકેશ રોશને તેને ફોન કર્યો હતો અને તરત જ પાછો બોલાવી લીધો હતો. તેમને રિતિક ઘરના પ્રોડક્શનની બહાર કામ મેળવી શકે તે બાબતે પ્રશ્નો હતા. રિતિક માને છે કે કદાચ તેના પિતાને પોતાનો દિકરો કોઈ બીજા ડિરેક્ટર સાથે ડેબ્યુ કરે તે બાબતે મુંઝવણ હતી. જોકે, એ બાબતે રિતિકને ગૌરવ છે કે એક પિતા તરીકે નહી પણ એક ફિલ્મમેકર રાકેશ રોશન તરીકે સમયાંતરે પહેલી ફિલ્મ ઓફર કરી હતી. આ પહેલી ફિલ્મ એટલે કહો ના પ્યાર હૈ અને તેના કારણે જ રિતિકને કરિયરની શરૂઆતથી જ સ્ટારડમ મળ્યુ હતું. . ફેન્સ સાથેના મીટ એન્ડ ગ્રીટ દરમિયાન રિતિકે પોતાને પૈસા ઉધાર લેવા પડ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે કહ્યું કે તેને વારંવાર ઓડિશન આપવા માટે પૈસા ઉધાર પણ લેવા પડ્યાં હતાં અને વચન આપવું પડેલું કે જ્યારે તેને કોઈ મોટી ફિલ્મ મળશે, ત્યારે તે પૈસા પાછા આપી દેશે તેથી ચિંતા ન કરે. હવે રિતિક પોતાની સુપર હિરો સિરીઝની ફિલ્મ 'ક્રિશ ૪'થી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે અને લાંબા વર્ષો પછી તે ફરી સુપર હરો અવતારમાં જોવા મળશે, તે બાબતે તેના ફેન્સ ઘણાં ઉત્સુક છે. આ ફિલ્મ હાલ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે. તેનું કામ ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થાય તેવી શક્યતા છે.

# રણબીર કપૂરની બહેન રિદ્ધિમા સાથે કપિલ શર્મા રોમાન્સ કરશે




રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર સહાની પહેલી વખત ફિલ્મમાં જોવા મળશે. પરિવાર સાથે દિલ્હીમાં સ્થાયી થયેલી રિદ્ધિમાને કપૂર પરિવારના પ્રસંગો કે બોલિવૂડ પાર્ટીમાં જોઈ શકાય છે. રણબીર અને નીતુ કપૂર સાથે રિદ્ધિમાના ફોટોગ્રાફ્સ પણ અવાર-નવાર સોશિયલ મીડિયા પર જોવા મળે છે. બોલિવૂડના સૌથી જાણીતા કપૂર પરિવારની દીકરી હોવા છતાં રિદ્ધિમાને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે નિકટતા છે, પરંતુ તેણે ફિલ્મોથી અંતર રાખવાનું પસંદ કર્યું હતું. લગ્નના બે દાયકા બાદ રિદ્ધિમા પણ કપૂર પરિવારની કરીના-કરીશ્માની જેમ ફિલ્મોમાં લીડ રોલ કરવા જઈ રહી છે. પોતાની પહેલી ફિલ્મમાં રિદ્ધિમાને કપિલ શર્મા સાથે રોમાન્સ કરતી જોઈ શકાશે. રિપોર્ટ્સ મુજબ, કપિલ શર્મા એક કોમેડી ફિલ્મની તૈયારી કરી રહ્યા છે અને તેનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થવાનું છે. આ ફિલ્મ માટે કપિલ શર્માએ વજન પણ ખાસુ ઘટાડ્યું છે. કપિલની આગામી ફિલ્મમાં રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર સહાનીનો લીડ રોલ છે. કપિલ શર્માની આ ફિલ્મનું ડાયરેક્શન આશિષ મોહન કરવાના છે અને દસેક દિવસમાં તેનું શૂટિંગ ચંદીગઢમાં શરૂ થશે. કપૂર પરિવારમાંથી અગાઉ કરીના-કરીશ્માએ ફિલ્મોમાં સફળતા મેળવેલી છે, જ્યારે રિદ્ધિમા કપૂરે અગાઉ કરણ જોહરની સિરીઝ ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડ લાઈવ્સમાં અગાઉ કામ કરેલું છે. રિદ્ધિમા પહેલી વખત ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. રિદ્ધિમાના લગ્ન દિલ્હી ખાતેના ઉદ્યોગપતિ ભરત સહાની સાથે થયેલા છે. બે દાયકાના લગ્ન જીવન દરમિયાન ભરત સહાની ઘણી વાર કપૂર પરિવાર સાથે જોવા મળ્યા છે, પરંતુ તેઓ ફિલ્મી પાર્ટી અને લાઈમ લાઈટથી દૂર રહેવાનું પસંદ કરે છે. દિલ્હી ખાતે આલિશાન બંગલો ધરાવતા ભરત સહાની અને રિદ્ધિમાના લગ્ન જીવનને આદર્શ માનવામાં આવે છે.રિદ્ધિમાની સાથે આ ફિલ્મમાં નીતુ કપૂરનો પણ મહત્તવનો રોલ છે. ફિલ્મનું ટાઈટલ હજુ જાહેર થયું નથી અને કપિલ શર્માએ હજુ તેની સત્તાવાર જાહેરાત કરી નથી. કપિલ શર્માને ટીવીના પડદા પર કોમેડી કિંગ તરીકે ઓળખવામાં આવે છે. કપિલની કોમેડી ઓડિયન્સને ખૂબ પસંદ આવે છે, પરંતુ કપિલની ફિલ્મો ખાસ સફળતા મેળવી શકી નથી.

# 'ડ્રીમ ગર્લ ૨'માં અનન્યાએ રીપ્લેસ કરતાં નુશરતને દુઃખ થયુ હતું



નુશરત ભરુચાએ ૨૦૦૬થી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરિયર શરૂ કરી હતી. છેલ્લા બે દાયકામાં તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વર્સેટાઈલ એક્ટર તરીકે ઘણાં રોલ કર્યા છે. ૨૦૧૯માં નુશરત અને આયુષ્માન ખુરાનાની 'ડ્રીમ ગર્લ' ખૂબ વખણાઈ હતી. ૨૦૨૩માં 'ડ્રીમ ગર્લ ૨' બની ત્યારે તેમાં નુશરતની જગ્યા અનન્યાએ લઈ લીધી હતી. પોતાનો રોલ અન્ય એક્ટ્રેસને મળી જતાં નુશરતનું દુઃખી થવાનું સ્વાભાવિક હતું. બે વર્ષ બાદ આ અંગે પોતાની લાગણી વ્યક્ત કરતાં નુશરતે કહ્યું હતું કે, તેને અતિશય દુઃખ થયુ હતું, પરંતુ ચૂપ રહ્યા સિવાય કોઈ વિકલ્પ ન હતો.નુશરતની યાદગાર ફિલ્મોમાં કાર્તિક સાથેની 'પ્યાર કા પંચનામા' (૨૦૧૫) અને 'છોરી' (૨૦૨૧)નો સમાવેશ થાય છે. તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન નુશરતે બે વર્ષ બાદ પોતાની વ્યથા અંગે દિલ ખોલીને વાત કરી હતી. બોલિવૂડમાં ન્યૂકમર તરીકેના પડકારો તથા આઉટસાઈડર હોવાના કારણે થયેલી અવગણનાને નુશરતે ભોગવેલી છે. નુશરતે કહ્યું હતું કે, મારી પોતાની ફિલ્મની સીક્વલમાંથી બાદબાકી થઈ હતી. મારા સિવાયની તમામ કાસ્ટને યથાવત રખાઈ હતી. આ તો યોગ્ય ન હતું જ, પણ કશું થાય તેમ ન હતું. 'ડ્રીમ ગર્લ ૨'માં પોતાના રોલ માટે લડત આપી હતી કે કેમ તે અંગે વાત કરતાં નુશરતે કહ્યું હતું કે, પરિસ્થિતિ બદલવાની કોઈ ક્ષમતા મારી પાસે ન હોય ત્યારે લડવાનો કોઈ મતલબ જ નથી. કદાચ કોઈને પૂછું કે હું કેમ નથી? તો સીધો જવાબ હતો કે, તે લોકો મને ઈચ્છતા ન હતા. તેમની પસંદગી સામે સવાલ ન થઈ શકે. મુકાબલો કરવાની ક્ષમતાનો તે સમયે યોગ્ય રીતે ઉપયોગ કર્યો અને જે લોકો મારી સાથે કામ કરવા માગતા હતા, તેમની સાથે કામ કર્યું. દીવાલ પર માથું અથડાવાથી શું થાય? માથું જ ફૂટવાનું છે. કંઈ વાંધો નહીં, અન્ય જગ્યાએ પોતાનો દરવાજો બનાવો અને એક સ્ટેપ આગળ-પાછળ થઈને જગ્યા કરી લો. નુશરતે 'ડ્રીમ ગર્લ'ની સીક્વલ ગુમાવી હતી, પરંતુ તાજેતરમાં 'છોરી'ની સીક્વલમાં નુશરત યથાવત રહી હતી. આ ફિલ્મમાં નુશરતની સાથે સોહા અલી ખાન પણ મહત્ત્વના રોલમાં છે.

# બચ્ચને ફોલોઅર્સ વધારવા આઈડિયા પૂછ્યાં અને મજેદાર જવાબ મળ્યાં



બીગ બી અમિતાભ બચ્ચન એક એવા સુપરસ્ટાર છે, જે દેશમાં સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફોલોવર્સ ધરાવાતા સેલેબ્રિટીમાંના એક છે, તેમજ તેમની જનરેશનના અન્ય જાણીતા કલાકારોમાં સોશિયલ મીડિયા પર સૌથી વધુ સક્રિય છે. ત્યારે હવે તેમના માટે એક્સ પર ૫૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવવા એ એક પડકારરૂપ કામ થઈ રહ્યું છે. રવિવારે તેમણે એક્સ પર એક પોસ્ટ શેર કરીને તેમના ફોલોઅર્સના પ્રતિભાવો અને સૂચનો માગ્યાં હતાં, કે કેઈ રીતે તેઓ પોતાના ફોલોઅર્સ વધારી શકે.

તેમણે લખ્યું, "બહુ કોશિશ કરીએ છીએ, પણ આ ૪૯ મિલિયન ફોલોઅર્સનો આંકડો વધતો જ નથી. કોઈ રસ્તો તો બતાવો." ઘણા સોશિયલ મીડિયા યૂઝર્સને આ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડે છે, જેમાં યૂઝરના વધારા અને ઘટાડાનો એક મોટો પડકાર હોય છે.અમિતાભ બચ્ચનની આ પોસ્ટ પર તેમના ફોલોઅર્સ તરફથી ઘણા રમુજી અને રસપ્રદ સૂચનો પણ મળ્યાં હતાં. જેમાં પત્ની જયા બચ્ચન સાથે વીડિયો પોસ્ટ કરવાથી લઈને તેમની સાથે થોડી મજાક કરવા સુધીના સૂચનો આવ્યાં હતાં. તો કોઈએ એવું પણ કહી દીધું હતું કે માત્ર પેટ્રોલના ભાવ અંગે પ્રશ્ન ઉઠાવવાથી જ તેમને ૫૦ મિલિયન ફોલોવર્સ મળી જશે. તો કોઈએ આ સૂચનમાં કટાક્ષમાં કમેન્ટ કરીને એવું પણ કહી દીધું હતું કે તેમણે રેખા સાથે લગ્ન કરવાની જરૂર હતી. તો કોઈએ તેમને રેખા સાથે સેલ્ફી પોસ્ટ કરવાનું પણ સૂચન કર્યું હતું. જો અમિતાભના કામની વાત કરવામાં આવે તો તેઓ ટૂંક સમયમાં 'કૌન બનેગા કરોડપતિ'ની નવી સીઝન લઈને આવી રહ્યા છે અને તેના માટેનાં રજિસ્ટ્રેશન પણ શરૂ થવાની તૈયારી છે.





# પંજાબના બોલર્સે રંગ રાખ્યો, સૌથી લોએસ્ટ સ્કોર ડિફેન્ડ કર્યો

## પંજાબ કિંગ્સ ૧૫.૩ ઓવરમાં ૧૧૧માં ઓલ આઉટ, પ્રભસિમરન ૩૦, KKR ૧૫.૧ ઓવરમાં ૯૫માં ખખડ્યું, ચહલની ચાર વિકેટ

મુલ્લાનપુર

પંજાબ કિંગ્સે તેમના હોમગ્રાઉન્ડ ખાતે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ૧૬ રને રેકોર્ડ વિજય મેળવ્યો હતો. પંજાબની ટીમ ૧૫.૩ ઓવરમાં ૧૧૧ રનમાં ઓલ આઉટ થઈ હતી. કોલકાતા નાઈટ રાઈડર્સ ૧૫.૧ ઓવરમાં જ ૯૫ રનમાં ખખડતાં પંજાબ કિંગ્સે આઈપીએલ ટી૨૦ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી લોએસ્ટ સ્કોર ડિફેન્ડ કરવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો. યુઝવેન્દ્ર ચહલે ચાર વિકેટ ઝડપવા ઉપરાંત પંજાબના બોલર્સે કાબિલેદાદ બોલિંગ કરીને રંગ રાખ્યો હતો. ચહલે ઈનિંગ્સની ૧૨મી ઓવરમાં ત્રીજા બોલ પર રિન્કુ સિંઘ અને ચોથા બોલ પર રમણદીપની વિકેટ ઝડપીને હેટ્રિકની તક સર્જી હતી અને મેચમાં પંજાબને પરત લાવી દીધું હતું. પંજાબના ૧૧૨ રનના લક્ષ્યનો પીછો કરી રહેલા કોલકાતાએ ૩૩ રનમાં સાત વિકેટ ગુમાવતા તેનો પરાજય થયો હતો. પંજાબ કિંગ્સ માટે આ વિજય યાદગાર રહેશે કારણ કે અગાઉની મેચમાં હૈદરાબાદ સામે તે ૨૪૬ રનનો ટારગેટ ડિફેન્ડ કરી શક્યું નહતું. ચેન્નાઈ સુપર કિંગ્સે ડરબનમાં ૨૦૦૯માં પંજાબ સામે ૧૧૬/૯નો લોએસ્ટ સ્કોર ડિફેન્ડ કર્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સે બીજી ઈનિંગ્સમાં તેના સૌથી ઓછા સ્કોરની બરોબરી કરી હતી. અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ સામે ૨૦૦૯માં કેકેઆર ૯૫માં ઓલ આઉટ થયું હતું.

પંજાબ કિંગ્સના ૧૧૨ રનના ટારગેટને ચેઝ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે કંગાળ શરૂઆત કરી હતી. બંને ઓપનર્સ સુનીલ નારાયણ (૫) અને ક્વિન્ટન ડી કોક (૨) નિષ્ફળ ગયા હતા અને સાત રનમાં જ બે વિકેટ ગુમાવી હતી. ત્યારાબ સુકાની રહાણે (૧૭) અને અંગક્રિશ રઘુવંશીએ ધીમી પરંતુ મક્કમ બેટિંગ સાથે સ્કોરને ફરતો રાખ્યો હતો. અંગક્રિશ રઘુવંશે ૨૮ બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગા સાથે સર્વોચ્ચ ૩૭ રન કર્યા હતા. કેપ્ટન રહાણે આઉટ થતા ૬૨ રન પર કેકેઆરની ત્રીજી વિકેટનું પતન થયું હતું. ચહલે રહાણને એલબી આઉટ કર્યો હતો. ૧૦મી ઓવરમાં પ્રથમ બોલ પર જ ચહલે સેટ બેટ્સમેન રઘુવંશીને આઉટ કરીને પોતાનો ઈરાદો સ્પષ્ટ કર્યો હતો. મેક્સવેલે પોતાને સોંપાયેલી જવાબદારી બખુબી નિભાવતા વેંક્ટેશ (૭)ને એલબીડબલ્યુ આઉટ કરી પંજાબ માટે આશા જીવિત રાખી હતી. ૧૨મી ઓવર ફેંકવા આવેલા ચહલે રિન્કુ (૨) તથા રમણદીપને (૩) પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો અને પોતાની ચાર વિકેટ પૂરી કરી હતી.

અર્શદીપે ત્યારબાદ ૧૫મી ઓવર મેઈડન ફેંકી અને વૈભવ અરોરા (૦૦)ની વિકેટ ઝડપી હતી. આન્દ્રે રસેલ (૧૬)ને બોલ્ડ કરીને યેન્સેને પંજાબ કિંગ્સને યાદગાર વિજય અપાવ્યો હતો. યેન્સેને ત્રણ વિકેટ તથા ઝેવિયર, અર્શદીપ અને મેક્સવેલે એક-એક વિકેટ લીધી હતી. પંજાબે ટોસ જીતીને પ્રથમ બેટિંગ લીધી હતી. પાવરપ્લેમાં જ પંજાબનો બેટિંગમાં ધબડકો થતા ૫૪ રનમાં ચાર વિકેટ ગુમાવી હતી જેમાં ઓપનર પ્રભસિમરનના સર્વોચ્ચ ૩૦ રન હતા. ડાબોડી ઓપનર પ્રિયાંશે ૨૨ રન કર્યા હતા જ્યારે નેહવ વાઢેરા ૧૦, શશાંક સિંઘ ૧૮ અને ઝેવિયરના ૧૧ રનને બાદ કરતા અન્ય કોઈ બેટ્સમેન બે આંકડામાં સ્કોર કરી શક્યો નહતો. કેકેઆર તરફથી હર્ષિતે ત્રણ વિકેટ લીધી હતી તથા વરુણ અને સુનીલે બે-બે જ્યારે વૈભવ અને નોર્ત્જેએ એક-એક વિકેટ ઝડપી હતી.

# રોહિતનું ફોર્મ મુંબઈને આઈપીએલમાં સ્થિર થવા દેતું નથી: અંજુમ ચોપરા

### ફોર્મમાં ન હોવું તે ગુનો નથી પરંતુ તેનાથી ટીમના પ્રદર્શન પર અસર પડવી જોઈએ નહીં



નવી દિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં (આઈપીએલ)માં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે રવિવારે દિલ્હી કેપિટલ્સ સામે વિજય નોંધાવ્યો પરંતુ તેમ છતાં મુંબઈની ટીમ તેની પ્રતિષ્ઠા મુજબનું પ્રદર્શન કરી રહી નથી. આ માટે ભારતની ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર અને કેપ્ટન અંજુમ ચોપરાનું માનવું છે કે રોહિતના કંગાળ ફોર્મને કારણે આ ટી૨૦ ક્રિકેટ લીગમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હજી સુધી સેટ થઈ શકી નથી. વર્તમાન આપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સ હજી સુધી માત્ર બે જ મેચ જીતી શકી છે. તેમાં ૩૧મી માર્ચે કોલકાતા નાઈટ રાઈડર્સ અને બે દિવસ અગાઉ દિલ્હી કેપિટલ્સ સામેની સફળતાનો સમાવેશ થાય છે. આ દરમિયાન મુંબઈની ટીમના ભૂતપુર્વ સુકાની રોહિત શર્માનું યોગદાન ખાસ યાદગાર રહ્યું નથી. તેણે અત્યાર સુધીમાં ૦,૮,૧૩, ૧૭ અને ૧૮ રનના કંગાળ સ્કોર રજૂ કર્યા છે.

મુંબઈ હાલમાં ચાર પરાજય અને બે વિજય સાથે પોઈન્ટ ટેબલમાં સાતમા ક્રમે છે. ભૂતપૂર્વ ક્રિકેટર અને હાલમાં ટીવી કોમેન્ટેટર અંજુમ ચોપરાએ જણાવ્યું હતું કે તમે ફોર્મવિહોણા હોઈ રહી છો. ફોર્મમાં ન હોવું તે કોઈ ગુનો નથી. મૂળ વાત એ છે કે તમારા ફોર્મથી મુંબઈ ઈન્ડિયન્સને કોઈ મદદ મળતી નથી. આ જ કારણે મુંબઈ ઈન્ડિયન્સ જરૂરી એવો પ્રારંભ કરી શકી નથી અને હાલમાં કંગાળ સ્થિતિમાં છે. અંજુમ ચોપરાએ એવું સૂચન કર્યું હતું કે જો રોહિતની પ્રતિષ્ઠિત ઓપનરની પોઝિશન યોગ્ય વળતર આપી શકતી ન હોય તો નવા ઉપાય તરીકે ટીમ તેને નીચેના ક્રમે ઉતારવાની વિચારણા કરતી થઈ જશે. મારો કહેવાનો અર્થ એ છે કે ટીમ પાસે વિકલ્પ છે. તેઓ હંમેશાં રોહિતને ઉતરતા ક્રમે મોકલવાનો વિકલ્પ વિચારી શકે છે અથવા તો અન્ય કોઈ વિકલ્પનો ઉપયોગ નહી કરવાનું વિચારશે.




# ટીમ ઈન્ડિયા પહેલી વાર બાંગ્લાદેશની ધરતી પર દ્વિપક્ષીય ટી-૨૦ સિરીઝ રમશે

ભારત ઓગસ્ટમાં બાંગ્લાદેશમાં ત્રણ વન-ડે અને ત્રણ ટી-૨૦ મેચની સિરીઝ રમવા જશે. શેડ્યુલ અનુસાર ૧૭ થી ૩૧ ઑગસ્ટ દરમ્યાન વાઈટ-બોલ સિરીઝની છ મેચ રમાશે.બાંગ્લાદેશમાં ભારતીય ટીમ પહેલી વાર દ્વિપક્ષીય્ ૨૦ સિરીઝ રમશે. બન્ને ટીમ વચ્ચે ૨૦૧૯ અને ૨૦૨૪માં બે જ દ્વિપક્ષીય્ ૨૦ સિરીઝ રમાઈ છે જેની યજમાની ભારતે કરી હતી. ૧૦ વર્ષ બાદ બાંગ્લાદેશની ધરતી પર બન્ને ટીમ વચ્ચે વાઈટ-બોલ સિરીઝ રમાશે. છેલ્લે જૂન ૨૦૧૫માં બાંગ્લાદેશમાં ભારત વન-ડે સિરીઝ રમ્યું ૨૦ એશિયા કપની તૈયારીમાં પણ મદદ કરશે.

# ગુજરાતના ભૂતપૂર્વ ક્રિકેટર અને સચિનના પરમ મિત્ર બન્ટીનું નિધન

## દિલબીરસિંઘ ગિલ ગુજરાત માટે લિસ્ટ-એમાં રમ્યો હતો, જુનિયર સ્પર્ધામાં લોકપ્રિય હતો

અમદાવાદ

ગુજરાતના ભૂતપૂર્વ ક્રિકેટર અને ૧૯૯૦ના દાયકામાં જુનિયર ક્રિકેટમાં લોકપ્રિય બનેલા તથા મહાન ક્રિકેટર સચિન તેંડુલકરના પરમ મિત્ર દિલબીરસિંઘ ગિલ એટલે કે બન્ટીનું મંગળવારે નિધન થયું હતું. નવેમ્બર ૧૯૭૨માં ગાંધીનગર ખાતે જન્મેલો દિલબીર ગિલ ૧૯૯૬-૯૭માં ગુજરાત માટે રણજી ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં બે મેચ રમ્યો હતો. જોકે તે સિવાય તે ૧૯૮૦ના દાયકાના અંતમાં અને ૧૯૯૦ના દાયકામાં પ્રારંભમાં ગુજરાતની અંડર-૧૭ અને અંડર-૧૯ની ટીમમાં રમ્યો હતો.

આ સમયગાળા દરમિયાન ગિલની પસંદગી વેસ્ટ ઝોનની ટીમમાં થઈ હતી જ્યાં એક ટુર્નામેન્ટ દરમિયાન તે પૂણે ખાતે મહાન સચિન તેંડુલકરનો રૂમ પાર્ટનર હતો. ત્યારથી બંને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ હતી. ૨૦૦૨માં બન્ટીને એક ગંભીર માર્ગ અકસ્માત થયો હતો. જ્યારે તેની મોટરસાઈકલ એક ટેન્કર સાથે ટકરાઈ હતી. એ વખતે તેની સારવારનો તથા રિહેબનો તમામ ખર્ચ સચિન તેંડુલકરે ભોગવ્યો હતો. થોડા સમય બાદ બન્ટીની પત્ની તેને છોડીને ચાલી ગઈ હતી અને તેની બીજી પત્ની સાથે પણ તેને સમસ્યા થઈ હતી. એક સમય એવો આવ્યો હતો જ્યારે તે હલનચલન પણ કરી શકતો ન હતો. લગભગ ૨૦૧૦ના ગાળામાં તે અન્ય સમસ્યાથી ઝઝૂમતો હતો ત્યારે પણ સચિને તેના ગાંધીનગર ખાતેના નિવાસે આવીને આર્થિક મદદ કરી હતી. ૨૦૧૩ના ગાળામાં સચિન તેંડુલકર એક ડોમેસ્ટિક ક્રિકેટ મેચ રમવા અમદાવાદ આવ્યો ત્યારે તે અને દિલબીરસિંઘ ગિલ મળ્યા હતા. આ સમયે પણ સચિને તેના આ મિત્રને શરીર ઘટાડવાની સલાહ આપી હતી.

# શ્રેયસ ઐયરને ICCનો માર્ચ મહિનાના શ્રેષ્ઠ ક્રિકેટરનો એવોર્ડ

**દુબઈ,** આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલી ભારતીય ક્રિકેટ ટીમની સફળતામાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા મિડલ ઓર્ડર બેટ્સમેન શ્રેયસ ઐયરને આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ (માર્ચ મહિના માટે)ના એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યો છે. પાકિસ્તાનના યજમાનપદ હેઠળ યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત તેની તમામ મેચ દુબઈમાં રમ્યું હતું અને અંતે ચેમ્પિયન બન્યું હતું જેમાં ઐયર ટુર્નામેન્ટમાં સૌથી વધારે રન ફટકારનારો બેટ્સમેન બન્યો હતો. તેણે ૨૪૩ રન ફટકાર્યા હતા. ત્યાર બાદના ક્રમે ન્યૂઝીલેન્ડનો જેકોબ ડફી અને રચિન રવીન્દ્ર આવતા હતા.

માર્ચ મહિના માટે મને આઈસીસીનો પ્લેયર ઓફ ધ મન્થ એવોર્ડ માટે પસંદ કરાયો તે બદલ હું આભારની લાગણી વ્યક્ત કરું છું. ક્રિકેટની આ સર્વોચ્ચ સંચાલક સંસ્થા તરફથી આ એવોર્ડ મળ્યો તે મારા પ્રદર્શનની કદરરૂપે છે. મારા માટે તેનું મહત્વ ઓર વધી જાય છે કેમ કે આ મહિને ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી છે. આમ આ એવોર્ડ મને બે રીતે યાદ રહી જશે તેમ શ્રેયસ ઐયરે આઈસીસી દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવ્યું હતું. તેણે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રકારની મેગા ઈવેન્ટમાં ભારતની સફળતામાં યોગદાન આપવું તે કોઈ પણ ક્રિકેટરનું સ્વપ્ન હોય છે. આ માટે હું મારી ટીમના સાથીઓ, કોચ અને સપોર્ટ સ્ટાફનો આભારી છું. આ ઉપરાંત શ્રેયસ ઐયરે તમામ રમતપ્રેમીઓ અને સમર્થકોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. ભારતીય ક્રિકેટ માટે આ અનેરી ક્ષણ છે કેમ કે સળંગ બે મહિનાથી ભારતનો ખેલાડી આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ એવોર્ડ જીત્યો છે.






# સુનીલ શેટ્ટી અને કે. એલ. રાહુલે ખરીદી ૯.૮૫ કરોડની જમીન

### ઘોડબંદર રોડના ઓવળા વિસ્તારમાં છે આ જમીન

મુંબઈ:

સુનીલ શેટ્ટી અને તેના જમાઈ ભારતીય ક્રિકેટર કે. એલ. રાહુલે સાથે મળીને થાણે-વેસ્ટમાં ૯.૮૫ કરોડ રૂપિયાની જમીન ખરીદી છે અને આ ટ્રાન્ઝેક્શન માર્ચ મહિનામાં રજિસ્ટર્ડ થયું હતું. ઈન્સ્પેક્ટર જનરલ ઑફ રજિસ્ટ્રેશન (IGR) પાસે રહેલા દસ્તાવેજની વિગતો અનુસાર, આ જમીન ઘોડબંદર રોડ પર બહુ ઝડપથી વિકસી રહેલા અને આનંદનગર-કાસારવડવલી વચ્ચેના ઓવળા વિસ્તારમાં છે. આ વિસ્તાર ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે વચ્ચે કનેક્ટિવિટી જાળવી રાખવામાં લિન્કનું કામ કરે છે તેમજ અહીંથી થાણે, મુંબઈ અને વેસ્ટર્ન સબર્બ્સ સુધી સહેલાઈથી જઈ શકાય છે. આ જમીનનું રજિસ્ટ્રેશન કરવા માટે ૬૮.૯૬ લાખ રૂપિયા સ્ટેમ્પ-ડ્યુટીના અને ૩૦,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન-ચાર્જના ચૂકવવામાં આવ્યા હતા.



બ્રિટનમાં ચેમ્પિયન્સ લીગ ફૂટબોલમાં એસ્ટન વિલાના એઝરી કોને કયો ગોલ કર્યો?



તાજેતરમાં કાપોદ્રા વિસ્તારમાં બનેલી ઘટનાને અનુસંધાને અને કથળેલી કાયદો વ્યવસ્થાને લઈને આજરોજ બપોરે ૧૨:૦૦ કલાકે સુરત પોલીસ કમિશનરશ્રીને આમ આદમી પાર્ટી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી આ પ્રસંગે ગોપાલ ઇટાલીયા સહિત આપ સુરતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# આંગડીયા લૂંટના ષડયંત્રમાં સ્થાનિક આરોપીની સંડોવણીની આશંકા

## ખુંખાર લૂંટારૂ ગેંગના ૧૦ દિવસના રિમાન્ડ મેળવતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ)

સુરત,તા.૧૬

સુરતથી બસનુ અપહરણ અને આંગિડયા લૂંટનુ ખોફનાક ષડયંત્ર બનાવનાર ખૂંખાર ગેંગની સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કડકાઈ પૂર્વક પૂછપરછ ચાલી રહી છે. આ ગેંગે ધાદ પાડવના ષડયંત્રમાં લોકલ વ્યક્તિની મદદ લીધી છે કે કેમ તે બાબતની પણ પૂછતાછ કરવામાં આવી રહી છે. ગઈ કાલે આ ખુંખાર ગેંગના સુરત ક્રાઈમ બ્રાંચએ ૧૦ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ક્રાઈમ બ્રાંચ તરફથી આ દિશામાં પૂછતાછ અને તપાસ કરવામાં આવી રહી છે કે, આરોપીઓ આંગડીયા પેઢીમાં કે વેપારીને ત્યાં ક્યા સમયે લૂંટ કરવાના હતા. આંગડિયા પેઢીમાં ધાડ પાડવા લોકલ વ્યક્તિએ મદદ કરી છે કેમ. આરોપીઓએ યુપીના શાહગંજથી જેની પાસેથી હથિયાર ખરીધ્યા તે સંતોષ યાદવની સંડોવણી અંગે યુક્તિ પ્રયુક્તિથી તપાસ કરાઈ રહી છે.ખાસ કરીને આરોપીઓ પાસેથી મળેલી ડાયરીમાં કોના લખાણ છે તેની તપાસ કરવાની છે અને એફએસએલમાં મોકલવાની પણ તજવીજ છે. આ લખાણના આધારે ક્યા રૂટ પર રેકી કરી તેની તપાસ કરવાની છે, કબજે કરેલી વરના કાર મુંબઈના ચોરીના ગુનામાં સંડોવાયેલા અજગરની તપાસ કરવાની છે. આરોપીઓ તાતીથૈયાગામના જે રૂમમાંથી પકડાયા છે તે રૂમ માલિકે ઈરાદાપૂર્વક આશરો આપ્યો છે કેમ તે પણ તપાસ થઈ રહી છે.

# સુરતમાં બપોરે કાળઝાળ ગરમી સવારે તાપમાન બે ડિગ્રી વધી ગયું

## મોડી બપોરે તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરે તેવી શક્યતા

(પ્રતાપ પ્રતિનિધિ)સુરત,તા.૧૬

શહેરમાં હિટ વેવની આગાહી વચ્ચે ગઈકાલે તાપમાન ૩૭ ડિગ્રી નોંધાયું હતું. સોમવારે તાપમાનનો પારો ૪૧ ડિગ્રી ઉપર પહોંચી ગયો હતો. જે ગઈકાલે ૩ ડિગ્રી ઘટી ગયું હતું. આવતીકાલ સુધી હવામાન વિભાગે હિટ વિવની આગાહી કરી છે જોકે વાતાવરણમાં થતા ફેરફારોને. કારણે ગરમી નું પ્રમાણ મધ્ય રહ્યું છે. દરમિયાન આજે સવારે લઘુત્તમ તાપમાન ૨૯ સેલ્સિયસ ડીગ્રી નોંધાયું છે. લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી વધારો થતા આજે સવારથી ઉકળાટ અનુભવાયો હતો.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારનું લઘુત્તમ તાપમાન ગઈકાલ કરતાં બે ડિગ્રી વધી ને ૨૯ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા નોંધાયું હતું. ભેજનું પ્રમાણ વધતા બફારો અનુભવાયો હતો. દરિયાઈ પવનનો પશ્ચિમ દિશામાંથી ફુંકાતા શહેરમાં તાપમાન નો પારો ગઈકાલે નીચે ગયો હતો. ત્યારે આગામી દવાસોમાં ફરી તાપમાન વધવાની આગાહી પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હિટ વેવના બીજા રાઉન્ડ ની આગાહી કરવામાં આવી છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રમાં સૌથી વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે.

# સણીયા હેમાદ રોડ પર ગેસ લાઈનમાં ભંગાણ પડ્યું

## લાઈનમાં લિકેજ થતા ચારે તરફ ગેસની દુર્ગંધ વ્યાપી

(પ્રતાપ પ્રતિનિધિ)

સુરત,તા.૧૬

સણીયા હેમાદ રોડ પર આજેસવારે ગુજરાત ગેસ ની પાઈપલાઈન લીકેજ થતા બંધ કરી દેવી પડી હતી એવુંફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું. ફાયર બ્રિગેડ ના સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે ચણીયા હેમાદ રોડ પર ગણપત કાકા ના ભજીયા ના ની દુકાન પાસે ગુજરાત ગેસ ની પાઈપલાઈન લીકેજ થઈ હતી અને ચારે તરફ ગેસની દુર્ગંધ ફેલાઈ ગઈ હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડ ને કરવામાં આવતા ફાયર ઓફિસર તથા ગુજરાત ગેસની એક ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને સપ્લાય થોડાક સમય માટે બંધ કરી રીપેરીગ કામ શરૂ કર્યું હતું.. આ બનાવ આજે સવારે ૧૦:૧૫ વાગ્યાના અરસામાં બન્યો હતો. ગુજરાત ગેસ લાઈન નું ખોદકામ કામ ચાલુ હતું ત્યારે અચાનક પાઈપલાઈન લીકેજ થઈ ગઈ હતી.

# ‘હું આજે ચિત્રલેખાના વાચક તરીકે અહીં આવ્યો છુ’ : ચિત્રલેખાના કાર્યક્રમમાં અમિત શાહ

ગઈકાલે ૧૨ એપ્રિલ ૨૦૨૫ને શનિવારના રોજ દેશના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ મુંબઈ-મહારાષ્ટ્રની મુલાકાતે હતા. અમિતભાઈની આ મુલાકાતમાં એક કાર્યક્રમ ગઈકાલે મુંબઈના ગુજરાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. એ કાર્યક્રમ એટલે ‘ચિત્રલેખા’ના ૭૫ વર્ષની ઉજવણી અને ૭૫માં વાર્ષિક અંકનુ વિમોચન.

મુંબઈમાં વિલે પાર્લે પશ્ચિમ વિસ્તારમાં મુકેશ પટેલ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મુંબઈના પ્રતિષ્ઠિત ગુજરાતીઓની ઉપસ્થિતિમાં ચિત્રલેખાના ૭૫માં વાર્ષિક અંકનું વિમોચન કરતી વખતે અમિતભાઈએ કહ્યું કે, ‘હું આજે અહીં દેશના ગૃહમંત્રી તરીકે નહીં, પરંતુ ચિત્રલેખાના એક વાચક તરીકે આવ્યો છું.’ આમ કહીને અમિતભાઈએ ચિત્રલેખાના ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ સફરને અને ચિત્રલેખાએ ગુજરાતી પત્રકારત્વ ઉપરાંત સમાજમાં આપેલા યોગદાનને મોકળા મને બિરદાવ્યું હતું.

સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવો અને ઓડિયન્સમાં બેઠેલા પ્રતિષ્ઠિત ગુજરાતીઓની ઉપસ્થિતિ વચ્ચે જ્યારે ગૃહમંત્રી અમિતભાઈએ ચિત્રલેખાના ૭૫માં વાર્ષિક અંકનુ વિમોચન કર્યું, ત્યારે આ ઐતિહાસિક ક્ષણને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. ખૂબ વિશેષ અને નવીનતમ રીતે કરાયેલા વિમોચનમાં સ્ટેજની પાછળ લગાડાયેલા એલઈડી સ્ક્રીન પર ચિત્રલેખાના ૭૫ કવરપેજથી ૭૫નશ્રા અંકનું ફોર્મેશન કરાયું એ ક્ષણ જાણે ગુજરાતી પત્રકારત્વની ગૌરવવંતી ક્ષણ બની હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલ, નેશનલ સ્ટોક એક્સચેન્જ ના મેનેજિંગ ડિરેક્ટર અને આશિષકુમાર ચૌહાણ તેમજ જાણીતા ગુજરાતી કલાકાર સરિતા જોશી ઉપસ્થિત રહ્યા હતા. ચિત્રલેખાના ચેરમેન મૌલિક કોટક અને વાઈસ-ચેરમેન મનન કોટક પણ આ મહાનુભાવોની સાથે સ્ટેજ પર ઉપસ્થિત હતા. કાર્યક્રમમાં બોલતાં અમિતભાઈએ? કહ્યું કે, ‘મારા ત્રણ ઘર બદલાયા પરંતુ આ



ત્રણેય ઘરમાં જો એક વસ્તુ નથી બદલાઈ તો એ છે ચિત્રલેખા. આજે પણ મારા ઘરે ચિત્રલેખા આવે છે અને હું નિયમિત વાંચું છું. મેગેઝિન સમાજ પર ઘણી રીતે અસર કરે છે. અંગ્રેજી બોલતા આ યુગમાં સાહિત્યિક યાત્રા ચાલુ રાખવા અને ગુજરાતી સાહિત્યને જીવંત રાખવા માટે, ૧૯૫૦માં વજુ કોટક દ્વારા સ્થાપના કરવામાં આવી હતી એના કરતાં આજે ચિત્રલેખાની જરૂરિયાત વધુ છે. વાચકોને સામયિક સાથે આટલો લાંબો સમય જોડી રાખવા એ ભાગ્યે જ શક્ય છે. આ ત્યારે જ થાય છે જ્યારે નફાનો કોઈ વિચાર ન હોય, જ્યારે હેતુની શુદ્ધતા હોય, સાહિત્ય પ્રત્યે સમર્પણ હોય અને સમાજની સમસ્યાઓનું નિરાકરણ કરવાની ઈચ્છા હોય. આ બધું ચિત્રલેખામાં છે. એના અસ્તિત્વના ૭૫ વર્ષોમાં ચિત્રલેખાએ ગુજરાતના સાહિત્ય, સામાજિક જીવન અને સમસ્યાઓ તેમજ દેશ અને સમાજની સમસ્યાઓને પ્રતિબિંબિત કરી છે. સમાજની બધી સમસ્યાઓનું નિર્ભયતાથી ચિત્રણ કરવું અને માત્ર પ્રશ્નો ઉઠાવવા જ નહીં, પણ ઉકેલો માટે સૂચનો પણ આપવા એ પણ મહત્વનું છે.’ આ સંદર્ભમાં એક ઉદાહરણ આપતા અમિતભાઈએ કહ્યું કે, ‘મને સારી રીતે યાદ છે કે ગુજરાતમાં અનામત આંદોલન દરમિયાન જ્યારે સમાજ અશાંતિમાં હતો. ત્યારે ચિત્રલેખાએ સમાજને એક રાખવાની મશાલ પકડી હતી. સમાજના સમર્થન વિના સાહિત્ય ક્યારેય પ્રગતિ કરી શકતું નથી. ગુજરાતના લોકો, લાખો વાચકોની જવાબદારી છે કે તેઓ ગુજરાતી સામયિકોને જીવંત રાખે.’ વધુમાં એમણે ઉર્મેર્યુ કે, ‘મેં ઘણા ફેરફારો જોયા છે પરંતુ એક પાસું જે સતત રહ્યું તે ચિત્રલેખાની વિશ્વસનીયતા છે.’ એમણે બુદ્ધિ પ્રકાશ, સત્ય વિહાર અને નવજીવન જેવા સામયિકોના ઉદાહરણ આપતા કહ્યું કે ગુજરાતી સામયિકોએ રાષ્ટ્ર નિર્માણમાં મોટી ભૂમિકા ભજવી છે. ચિત્રલેખાના કટારલેખક, હાસ્યકાર, લેખક અને નાટ્યકાર તારક મહેતાની પ્રશંસા કરતા અમિતભાઈએ કહ્યું કે, ‘સૌથી નીરસમાં નીરસ વ્યક્તિ પણ તેમને મળ્યા પછી હસીને જ બહાર નીકળે. તારકભાઈ ફક્ત ચાર પાનામાં બધા ગુજરાતીઓને એમના દુઃખ ભૂલાવી દેતા. એમણે લોકોને હસાવ્યા.’ ચિત્રલેખાના ત્રણ કટાર લેખકો નગીનદાસ સંઘવી ગુણવંત શાહ અને તારક મહેતાને પદ્મશ્રીનું સન્માન મળ્યું છે એ ઘટનાનો પણ એમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આ અવસરે ઉપસ્થિત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ચિત્રલેખાને વધામણી આપતાં કહ્યું કે ‘ચિત્રલેખા મેગેઝીને ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તે નિમિત્તે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. છેલ્લા ૭૫ વર્ષથી ચિત્રલેખા મેગેઝીન ગુજરાતીઓના મન પર રાજ કરી રહ્યું છે? ત્યારે હું એક વાત એ પણ કહીશ કે ચિત્રલેખાએ ૩૦ કરતાં વધુ વર્ષો સુધી મરાઠી લોકોના મન પર પણ રાજ કર્યું છે. હું પણ ચિત્રલેખાનો વાચક રહ્યો છું ત્યારે આજના પ્રસંગે હું એક વાત ચોક્કસ કહેવા માંગીશ કે ચિત્રલેખાની મરાઠી આવૃત્તિ ફરી શરૂ કરે અને વેબઆવૃત્તિ તો ચોક્કસથી શરૂ કરે . જાણીતા ગુજરાતી અભિનેત્રી સરિતા જોશીએ આ અવસરે કહ્યું કે, ‘ચિત્રલેખા એક એવું મેગેઝીન છે, જેના પાના ખોલીને વાંચવાની અને જોવાની મજા આવે. મારા જીવનની શરૂઆતમાં મધુરીબેન કોટકે મારો ઈન્ટરવ્યૂ કર્યો હતો. હું જ્યારે નવી નવી કલાકાર બની ત્યારે જી મેગેઝીનમાં મારો અને સંજીવનો ફોટો આવ્યો હતો. એ જોઈને હું ખૂબ જ ખુશ થઈ ગઈ હતી. આટલા વર્ષોથી હું ચિત્રલેખા પરિવાર સાથે જોડાયેલી છું. આજે ચિત્રલેખાએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે એ નિમિત્તે હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.’ આ અવસરે દ્રજીઈના મેનેજિંગ ડિરેક્ટર અને ઝઈ આશિષ ચૌહાણે કહ્યું કે, ‘ચિત્રલેખાની ૭૫ વર્ષની યાત્રા એ માત્ર એક મેગેઝીનની યાત્રા નથી, પરંતુ ગુજરાતીઓના સપનાં, સંસ્કૃતિ અને હકીકતોનો એક અદભુત ઐતિહાસિક દસ્તાવેજ છે. આજે હું તમારી સમક્ષ એક વાચક તરીકે આવ્યો છું. આજે હું આ સંસ્થા પ્રત્યે હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરવા માંગુ છું. ચિત્રલેખા એ માત્ર એક મેગેઝીન નથી, પરંતુ દરેક ગુજરાતીઓના ઘરનું એક અભિન્ન અંગ છે. ગુજરાતના દરેક ગામડાંથી લઈને વિદેશમાં વસતા ગુજરાતીઓના ઘર સુધી આજે ચિત્રલેખા પહોંચી ગયું છે અને તેમના જીવનમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ચિત્રલેખાએ કાયમ પોઝિટિવ જર્નાલિઝમ કર્યું છે. ચિત્રલેખા ભવિષ્યમાં પણ ગુજરાતી પેઢીઓ માટે દીવો બની રહે, તેમને પ્રોત્સાહન આપે, પ્રેરણા આપે અને ગુજરાતીઓના હૃદયમાં વસતું રહે તેવી હું શુભેચ્છા પાઠવું છું.’ આ પ્રસંગે મહેમાનોને આવકારતાં ચિત્રલેખાના ચેરમેન મૌલિક કોટકે કહ્યું કે, મારા પિતા વજુભાઈ કોટકે ૨૨ એપ્રિલ ૧૯૫૦થી ચિત્રલેખાનો શુભારંભ કર્યો હતો, જે માટે એમની એક ધારાવાહિક જુવાન હૈયા નવલકથા નિમિત બની હતી. ૧૦૧૦૧ કોપીથી ચિત્રલેખા સાપ્તાહિકની શરૂઆત કરી હતી. આગળ જતા એનું સર્ક્યુલેશન ત્રણ લાખ ક્રોસ કરી ગયું હતું.જે એ સમયના કોઈપણ ભાષાના મેગેઝીન કરતાં સૌથી વધારે હતું. મારા પિતાના અકાળ મૃત્યુના કારણે ચિત્રલેખાની હયાતી પર પ્રશ્નાર્થ ઉભો થયો હતો. એ સમયે મારી માતાને ઘણા હિતેચ્છુએ કહ્યું કે તમારે ચિત્રલેખા બંધ કરી દેવું જોઈએ. જો કે મધુરીબહેને હરકિસનભાઈ મહેતાની મદદથી ચિત્રલેખા ચાલુ રાખ્યું. અનેક મિત્રોએ એમને મદદ કરી અને ચિત્રલેખાને એ એક નવી ઊંચાઈ પર લઈ ગયા. આજે ચિત્રલેખાએ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તે અમારા માટે ખૂબ જ ગૌરવની વાત છે.

### બીજા દિવસે

### પહેલા પાનાનું ચાલુ

### અમેરિકાએ ચીન પર

દ્વારા કરવામાં આવી હતી. ઘણા દેશોની એરલાઈન્સ બોઈંગ દ્વારા બનાવેલા વિમાનોનો ઉપયોગ કરે છે. બોઈંગ અમેરિકાની સૌથી મોટી એક્સપેર્ટર અને વિશ્વની ત્રીજી સૌથી મોટી ડિફેન્સ ડીલ કરતી કંપની છે.

આ ટ્રેડ વોર વચ્ચે ચીને ૭ કિંમતી મેટલ્સની નિકાસ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. ચીન કાર, ડ્રોનથી લઈને રોબોટ અને મિસાઈલ સુધી બધું જ એસેમ્બલ કરવા માટે જરૂરી મેગ્નેટ એટલે કે ચુંબકના શિપમેન્ટ પણ ચીનના બંદરો પર બંધ કરી દેવામાં આવ્યા છે.

આ સામગ્રી ઓટોમોબાઈલ, સેમિકન્ડક્ટર અને એરોસ્પેસ બિઝનેસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ નિર્ણયથી વિશ્વભરની મોટર વાહન, વિમાન, સેમિકન્ડક્ટર અને શસ્ત્રો બનાવતી કંપનીઓને તેની અસર થશે. આ મોંઘા થશે. ૪ એપ્રિલના રોજ, ચીને આ ૭ કિંમતી ધાતુઓની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જાહેર કર્યો હતો. ઓર્ડર મુજબ, આ કિંમતી ધાતુઓ અને તેમાંથી બનેલા ખાસ ચુંબક ફક્ત ખાસ પરવાનગી સાથે જ ચીનની બહાર મોકલી શકાય છે. ૧૧ એપ્રિલના રોજ, ચીને કહ્યું હતું કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા અસામાન્ય ટેરિફ આંતરરાષ્ટ્રીય આર્થિક વેપાર નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરે છે. આ દબાણ અને ધાકધમકી આપવાની સંપૂર્ણપણે એકતરફી નીતિ છે. ચીને એમ પણ કહ્યું કે જો અમેરિકા ટેરિફમાં વધુ વધારો કરે તો પણ તેનો કોઈ અર્થ રહેશે નહીં. આખરે તે વૈશ્વિક અર્થતંત્રના ઈતિહાસમાં હાસ્યનો પાત્ર બનશે. અમેરિકા સાથે વધી રહેલા ટેરિફ વિવાદ વચ્ચે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પહેલીવાર નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ચીન કોઈનાથી ડરતું નથી. છેલ્લા ૭૦ વર્ષોમાં ચીનનો વિકાસ સખત મહેનત અને આત્મનિર્ભરતાનું પરિણામ છે. ચીન ક્યારેય બીજાના દાનના ભરોષે રહ્યું નથી. કોઈની બળજબરીથી ડર્યું પણ નથી. દુનિયા ભલે ગમે તેટલી બદલાઈ જાય, ચીન ક્યારેય ગભરાશે નહીં જિનપિંગે કહ્યું કે ટ્રેડ વોરમાં કોઈ વિજેતા નથી. દુનિયાની વિરુદ્ધ જવું એટલે પોતાની વિરુદ્ધ જવું. જિનપિંગે સ્પેનના પીએમ પેડ્રો સાંચેઝ સાથેની મુલાકાત દરમિયાન આ વાત કહી. સાંચેઝ શુક્રવારે ચીનની મુલાકાતે પહોંચ્યા. ટ્રમ્પે ટેરિફની જાહેરાત કર્યા પછી ચીનની મુલાકાત લેનારા સાંચેઝ પ્રથમ યુરોપિયન નેતા છે. તેમણે છેલ્લા ૨ વર્ષમાં ત્રણ વખત ચીનની મુલાકાત લીધી છે. સાંચેઝે ટેરિફ અંગે ટ્રમ્પની પણ ટીકા કરી હતી. તેમણે ૮ એપ્રિલે કહ્યું હતું કે ટ્રમ્પના ટેરિફ યુરોપને નવા બજારો શોધવા માટે મજબૂર કરશે. આ ઉપરાંત, યુરોપિયન દેશો અને ચીન બંને તેમના સંબંધો સુધારવા પર વિચાર કરશે. હેઠળની હરિયાણા સરકારે ૨.૭ એકર જમીન પર વ્યાપારી કોલોની બનાવવા માટે લાઇસન્સ આપ્યું હતું. આ પછી કોલોની બનાવવાને બદલે સ્કાયલાઈટ કંપનીએ આ જમીન ઢ્ન્હ્નને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દીધી, જેના પરિણામે લગભગ ૫૦ કરોડ રૂપિયાનો નફો થયો. ૨૦૧૮માં હરિયાણા પોલીસે ફરિયાદના આધારે રોબર્ટ વાડ્રા, ભૂપિન્દ્ર હુડ્ડા, DLF અને ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ સામે FIR નોંધી હતી, જેમાં છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચારના આરોપસર IPCની કલમ ૪૨૦, ૧૨૦, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. બાદમાં IPCની કલમ ૪૨૩ હેઠળ નવા આરોપ જોડવામાં આવ્યા હતા. હરિયાણા જમીનકૌભાંડ કેસમાં કોંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટી પર અન્ય લોકો સાથે મળીને છેતરપિંડી કરવાનો આરોપ છે. આ કેસમાં હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દ્ર સિંહ હુડ્ડાને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

### હાઈવે માટે

### પહેલા પાનાનું ચાલુ

ખરેખર રિકવરીનો જો કોઈ નેગેટીવ તફાવત હશે તો તે કેન્દ્ર ચુકવશે. આથી હવે ટોલ નાકા પર બેરીયર ફી રૂટ હશે.જ્યાં આ વાર્ષિક પાસ ધારક પસાર થઈ શકશે તો કોઈ વાહન ટોલ પાસ વગર પસાર થાય તો તેનો પણ અલગ રેકોર્ડ હશે. જે વાહનના રજીસ્ટ્રેશન નંબર પરથી તેની સામે દંડાત્મક કાર્યવાહી થશે તથા બોગસ ફાસ્ટટેગ પણ ઓળખાઈ જાય તે સીસ્ટમ અમલી બનશે. આ ઉપરાંત સેટેલાઈટ આધારિત વાહન નંબર પ્લેટ-ઓળખ કરીને તેનો ટોલ ઓટોમેટીક કપાઈ જાય તે નિશ્ચિત કરાશે.

### સોનિયા રાહુલ

### પહેલા પાનાનું ચાલુ

સંપૂર્ણપણે કચડી નાખવા માંગે છે... પરંતુ ભાજપ ભૂલી જાય છે કે તે ગાંધી પરિવાર છે જેણે દેશ માટે અસંખ્ય બલિદાન આપ્યા છે... કોંગ્રેસ સમગ્ર દેશમાં વિરોધ કરી રહી છે."

નેશનલ હેરાલ્ડ કેસમાં ગાંધી પરિવારની મુશ્કેલીઓ વધી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈઢ) ની ટીમે આ કેસમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધી અને ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે.

ઉલ્લેખનીય છે કે નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના જવાહરલાલ નેહરુએ ૧૯૩૮માં કરી હતી. આ અખબાર એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (છત્ન) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. ૨૦૦૮ માં નાણાકીય કટોકટી પછી તેને બંધ કરવું પડ્યું, જ્યાંથી આ વિવાદ શરૂ થયો હતો. વર્ષ ૨૦૧૦ માં, યંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (ૈંન) નામની એક કંપનીની રચના કરવામાં આવી હતી, જેમાં સોનિયા અને રાહુલ ગાંધીનો ૩૮-૩૮ ટકા હિસ્સો છે.

ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ ૨૦૧૨ માં આરોપ લગાવ્યો હતો કે યંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે છત્નની ૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ માત્ર ૫૦ લાખ રૂપિયામાં હસ્તગત કરી હતી અને છેતરપિંડી અને મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો. આ મામલો કોર્ટમાં પણ ગયો અને બાદમાં ઈઢએ તેની તપાસ શરૂ કરી.

### સાઉદી

### પહેલા પાનાનું ચાલુ

સમય કરતા વધુ દિવસો રહે છે.બેફામ ભીડને લઈને ગત વર્ષે ભાગદોડમાં ૧૨૦૦ થી વધુ યાત્રીઓનાં મોત થયા હતા. એટલે સુરક્ષાની દ્રષ્ટિએ અસ્થાયી રોક લગાવવામાં આવી છે.

જમ્મુ-કાશ્મીરનાં સીએમ ઉમર અબ્દુલ્લાએ એક્સ પર લખ્યું છે- ૫૨૦૦૦ થી વધુ ભારતીય શ્રધ્ધાળુઓ માટે હજ સ્લોટ રદ થવાનો રિપોર્ટ ખુબ જ ચિંતાજનક છે. આમાં ઘણાએ તો પેમેન્ટ પણ કરી દીધુ છે. મારો વિદેશમંત્રી ડો.એસ.જયશંકરને અનુરોધ છે કે તેઓ સાઉદી પ્રશાસનનો જલદી સંપર્ક કરે અને કોઈ રસ્તો કાઢે.

લઘુમતી મામલાનાં મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું કે સરકારે દખલ કરી છે તેથી સાઉદી અરબ ઓપરેટરો માટે હજ પોર્ટલ નુસુક બીજીવાર ખોલવા રાજી થઈ ગયુ છે. જેથી મીનામાં હાલ ઉપલબ્ધ જગ્યાઓનાં આધારે ૧૦૦૦૦ યાત્રીઓ જોડાયેલ કામ પુરૂ કરવામાં આવી શકે છે. સીજીએચઓને તરત પગલા ઉઠાવવાનો નિર્દેશ અપાયો છે.

### શ્રીનગર

### પહેલા પાનાનું ચાલુ

વરસાદ અને તોફાન માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે આ વખતે ચોમાસુ સામાન્ય કરતાં સારું રહેશે. ૧૦૪ થી ૧૧૦ ટકા વચ્ચેનો વરસાદ સામાન્ય કરતાં સારો માનવામાં આવે છે. આ પાક માટે સારો સંકેત છે. આ વર્ષે જૂનથી સપ્ટેમ્બર દરમિયાન ૧૦૫% એટલે કે ૮૭ સેમી વરસાદ પડી શકે છે. ૪ મહિનાના ચોમાસાની ઋતુ માટે લાંબા ગાળાની સરેરાશ (LPA) ૮૬૮.૬ મીમી એટલે કે ૮૬.૮૬ સેમી છે. એનો અર્થ એ થયો કે ચોમાસા દરમિયાન કુલ આટલો વરસાદ થવો જોઈએ.દર વર્ષે ૧ જૂનની આસપાસ ચોમાસુ કેરળ થઈને આવે છે. ૪ મહિનાના વરસાદ પછી, એટલે કે સપ્ટેમ્બરના અંતમાં, ચોમાસું રાજસ્થાન થઈને પાછું ફરે છે. તે ૧૫થી ૨૫ જૂનની વચ્ચે ઘણા રાજ્યોમાં પહોંચે છે.

### સુરત રેલવે સ્ટેશન

### પેજ-૨ પાનાનું ચાલુ

તથા લકઝરી બસોને પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ૨૦૧૯ના જાહેરનામાં અને પ્રતિબંધનું અનુસરણ પણ કરવાનું રહેશે. ફરજ પરના પોલીસ વિભાગના વાહનો આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, જીસ્ઝ ના વાહનો અવર જવર કરવા માટે પ્રતિબંધનો બાંધ લાગશે નહી. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

### સ્વસ્થ્ય ગુજરાત

### પેજ-૨ પાનાનું ચાલુ

એક અભ્યાસમાં બહાર આવ્યો છે. જ્યારે નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, ભવિષ્યમાં આવા બાળકોમાં ટાઈપ-૨ ડાયાબિટીસનું જોખમ ૪૦ % સુધી વધી જાય છે.

આમ, સારાંશરૂપે, મેદસ્વિતા એ એવી સમસ્યા છે જેને યોગ્ય કાળજી, સાવચેતી અને નિયમિત જીવનશૈલી દ્વારા ટાળી શકાય છે. આરોગ્યમય જીવન જીવવા માટે જરૂરી છે કે આપણે ખોરાક અને કસરત બંને પર ધ્યાન આપીસ શરીરને સ્વસ્થ અને સક્રિય રાખીએ. આપણા રોજિંદા જીવનમાં આહાર અને વ્યવહારમાં બદલાવ લાવીને મેદસ્વિતા પ્રત્યે જાગૃત બની, સ્વસ્થ જીવન માટે અન્યોને પણ પ્રેરણા આપીએ.

### છેલ્લા પાનાનું ચાલુ

### મોટી બેગમવાડીમાં

સલાબતપુરા પોલીસે રણજીતભાઈ જૈનની ફરિયાદ લઈ નિર્મલ જૈન સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### યુવતીને ભગાડી

જેથી પોલીસે હત્યાનો ગુનો નોંધી હાલ પોલીસે નિતિષ બૈઈઠા(રહે.ખોડિયારનગર બરોડા પ્રિસ્ટેજ,કાપોદ્રા,મુળ બિહાર) અને દક્ષિત અનિલ મકવાણા(રહે.ભાતની વાડી ,ખોડીયારનગર રોડ, વરાછા)ની ધરપકડ કરી છે.

### સારવારના બહાને

અજાણ્યો આવી પોતાનીશ્વ ઓળખ મયંક રમેશ મહેતા તરીકે આપી પોતાના પિતાને પણ ઘુંટણમાં દુખાવો હોવાથી સરખુ ચાલી શકતા ન હતા જેથી તેમની સારવાર ડો, રોશન જરીવાલા (રહે, એથ્લીટીક રેસી, ગોત્રી શિવમ પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા, વડોદરા તથા કલ્પતરૂ હીલ્સ સોસાયટી, ટેકુજીની વાડી, મુંબઈ ) પાસે કરાવતા પિતાજી ચાલતા થઈ ગયા હતા. તેમ પણ તેમની પાસે સારવાર કરાવશો તો તમારા પત્શ્વની પણ ચાલતા થઈ જશે હોવાનુ કહી વિશ્વાસમાં લઈ તેમનો અને ડો, રોશનનો મોબાઈલ નંબર આપ્યો હતો. આદીલ અને તેમના પત્શ્વની યાસ્મીબેનશ્વ ઉદવાડા દર્શન કરી સાંજે પરત સુરત આવી ગયા હતા. ત્યારબાદ ડો, રોશન જરીવાલાને ફોન કરતા તેઓએ બે દિવસ પછી સુરત આવવાના છેશ્વ અને પોતાનો વિઝીટ ચાર્જ એક હજાર લશ્વઉ છું પણ તમે સીનીયર સીટીઝન હોવાથી તમારી પાસેથી ૫૦૦ લઈશ કહી ૬ ડિસેમ્બરના રોજ આદીલભાઈના ઘરે ડો, રોશન જરીવાલા આવ્યો હતો. અને તેમની પત્ની યાસ્મીબેનને તપાસ કરી કાળા કલરના બેગમાંથી ભુંગળી જેવુ સાધન કાઢી યાસ્મીબેનના ઢીચણ ઉપર ભુંગળી મુકી કંઈ ખેચવા લાગી તેમાંથી પીળાશ પડતું પ્રવાહી-પસના કેટલાક ટીપા એક કાગળમાં કાઢી અને ઢીચણમાંથી કાઢેલ ટીપા ગણતા ૪૩ ટીપા હોય એક ટીપના ચાર હજાર લેખે ૧,૭૨,૦૦૦ પડાવ્યા હતા. ડો, રોશન જરીવાલાએ પૈસા લીધા બપાદ તેમનો વીઝીટીગ કાર્ડ આપી નાસી ગયા હતા. આદીલની પત્ની યાસ્મીનબેનશ્વે ફોન કરી મયંક મહેતાને કહેતા તેઓ ડો, રોશન જરીવાલા ફરીથી તમારા ઘરે આવીને તમેને જાઈશ્વ જશે તમે જલ્દી થી સારુ થઈ જશે કહ્નાં હતું પરંતુ યાસ્મીનબેનના ઘુંટણનો દુખાવો ન મટી યથાવત રહ્ના હતો. ત્યારબાદ બંને જણા ફોન ઉપાડવાના બંધ કરી મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો. આદીલભાઈને ખ્યાલ આવી ગયો કે મયંક મહેતા અને ડો, રોશન જરીવાલાએ તેમની પત્નીના ઘુંટણની સારવારનું નાટક કરી તેમની પાસેથી ૧.૭૨ લાખ પડાવી છેતરપિંડી કરી છે જેથી આ મામલે ગતરોજ ફરિયાદ નોદ્ધધાવતા પોલીસે બંને સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### સારોલી પોલીસે

ઇન્ચાર્જ અ.હે.કો. અજમલભાઇ વરદાજીએ મજકુર બહેન નાઓને પોતાના ખંભા પર ઉંચકીને ખેતરની બહાર લઈ આવી ૧૦૮ એમ્બ્યુલન્સની રાહ જોયા વગર પી.સી.આર. વાનમાં બેસાડીને શાયોના પ્લાઝા ખાતે આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા જેઓને ૧૦૮ એમ્બ્યુલન્સ શીફ્ટ કરીને સિમ્મેર હોસ્પીટલ ખાતે સમયસર સારવાર અર્થે મોકલી મહિલાનો જીવ બચાવ્યો હતો.

હેડ કોન્સ્ટેબલ અજમલભાઇ વરદાજી તથા સી ટીમના માણસો સાથે મહિલાનું કાઉન્સલીગ કરવામાં આવ્યું હતું.પોલીસ ઈન્સ્પેકટર એસ.આર.વેકરીયા નાઓના માર્ગદર્શન હેઠળ પી.સી.આર વાન-૬૬ ના ઈન્ચાર્જ અ.હે.કો. અજમલભાઇ વરદાજી તથા એ.એસ.આઇ. મીતલબેન પંકજકુમાર તથા અ.પો.કો.સજાણાભાઇ વર્ધાભાઇ નાઓએ ટીમ વર્કથી પ્રસંસનીય કામગીરી કરી હતી.

### એસડીસીએની

હતા. બાકીના ઉમેદવારો માત્ર ન જીવા મતોની સરસાઈથી હારી ગયા હતા. નજીવા મતો ની સરસાઈથી હારી ગયેલા ઉમેદવારો આજે બપોરે ચૂંટણી કમિશનરને મળી "રી-કાઉન્ટિંગ" ની માંગણી કરશે. રીકાઉન્ટિંગ ની માંગણી કરનાર ના નામ આ પ્રમાણે છે. (૧) યેશા શાહ ઉર્ફે યેસા કોન્ટ્રાક્ટર (૨) મયુર ગોળવાલા (૩) જીગ્નેશ કોન્ટ્રાક્ટર (૪) ઋષિત મહેતા (૫) પારસ શાહ (જીવરાજ ચા વાળા) (૬) યશેસ સ્વામી

### સોફ્ટવેર

દરમિયાન તેમને કોઈ રાહદારીએ જોતાં હોટલના સ્ટાફને જાણ કરી હતી. બાદમાં તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. મૃતકને ડાબા હાથ, ગળા અને બંને પગની જાંઘમાં તીક્ષ્ણ હથિયારથી ઘા મર્યાના નિશાન મળી આવ્યા છે. ખટોદરા પોલીસ તપાસ કરી રહી છે.

### સરકારી જમીન

પોતાની પાસે રહેલ જમીન ફાળવણી શાખા, ગાંધીનગર, નાયબ સચીવના હુકમની એક નકલ બતાવી વિશ્વાસમાં લઈ તેમની પાસે સરકારમાંથી અલગ અલગ જગ્યાની અને સારા લોકેશનવાળી જમીનો આવે છે તેમને સારો નફો થશે તેવી વાત કરી હતી. વિમલભાઈ જમીન બાંધકામનોશ્વ ધંધો કરતા હોવાથી તેમની વાતોમાં લાલચમાં આવી ગયા હતા. આ દરમિયન બંને ઠગબાજાએ તેમને કરંજ બ્લોક નં-૨૭ (હાલ પુણા સબ-ડિસ્ટ્રીકટ, બ્લોક નં-૬૫ વાળી જમીન) અનેઓલપાડનાના સર્વેશ્વ, બ્લોક નં-૫૭૮ વાળી જમીન સરકારમાંથી વગર હરાજીએ જંત્રીના ભાવે ભાવથી અપાવવાનું કહી ૪૧ લાખ પડાવ્યા હતા. પૈસા લીધા બાદ બંને જણાએ વિમલભાઈને બંને જમીન અંગેનો મહેસુલ વિભાદ (વિવાદ) ગાંદીનગરનો બોગસ હુકમની નકલ પણ આપી હતીશ્વશ્વ. આ હુકમનો સાચા તરીકે ઉપયોગ કરી જમીનના ટાઈટલ ક્લીયર કરાવી તેનો દસ્તાવેજ કરાવી આપવાનુ કહી કહ્નાં હતું જાકે એક વર્ષ પછી પણ દસ્તાવેજ કરાવી નહી આપતા વિમલભાઈએ તેમના પૈસાના માંગણી કરતા મહેસુલ વિભાગમાં ફાઈલ અટવાઈ છે કહી ગોળગોળ જવાબ આપી ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. જેથી આખરે વિમલભાઈ ગાંધીનગર સચિવાલયમાંશ્વ જઈ તપાસ કરતા જમીનનો આપેલ લેટર બોગસ હોવાનુ બહાર આવ્યું હતું. આ અંગે વિલમભાઈએ બંને જણાને વાત કરી પૈસા માંગતા તેઓએ ચેકો આપ્યા હતા જે ચેકો બેન્કમાં જમા કરાવતા રિર્ટન થયા હતા જે અંગે પણ કોર્ટમા ચેક રિર્ટનનો કેસ કર્યો છે. ઉત્રાણ પોલીસે વિમલભાઈની ફરિયાદ લઈ બંને સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૧૬ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫


## ભારે વિરોધ-વિવાદ વચ્ચે HTAT મુખ્ય શિક્ષકોનો જિલ્લા ફેર બદલી કેમ્પ શરૂ

### શિક્ષણ વિભાગનાં પરિપત્રનો અમલ નહીં કરાવવા શિક્ષક મંડળ અડીખમ



(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

બે દિવસ પહેલા પ્રતાપ દર્પણે શિક્ષણ સમિતિના HTAT મુખ્ય શિક્ષકોને જિલ્લા ફેર બદલીનાં માધ્યમનો વિવાદનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો જેને પગલે પ્રાથમિક શિક્ષક મંડળ દ્વારા વિરોધ કરાયો છે અને જે તે માધ્યમના મુખ્ય શિક્ષકની બદલી અન્ય માધ્યમમાં કરવામાં માટેનાં પરિપત્રનો અમલ કરી બદલી થશે તો કોર્ટ સુધી જવાની ચીમકી આપવામાં આવી છે.આજનાં

બદલી કેમ્પનું આયોજન દિવાળીબાગ રાંદેર રોડની શાળા નંબર ૧૫૩ માં કરવામાં આવ્યું હતું પરંતુ અચાનક શિક્ષણ સમિતિ દ્વારા જહાગીરાબાદ સ્થિત શાળા નંબર ૩૩૮મા દસ વાગ્યાથી આ બદલી કેમ્પ શરૂ કરવામાં આવ્યો હતો જેમાં ૬૦ જેટલા HTAT મુખ્ય શિક્ષકોની બદલીની યાદી રજુ કરવામાં આવી છે. શિક્ષણવિભાગના પરિપત્ર મુજબ શરૂઆતમાં ૩૮ જેટલા HTAT મુખ્ય શિક્ષકોની જે તે માધ્યમના મુખ્ય શિક્ષક તરીકે બદલી કરાશે જે તે માધ્યમમાં જગ્યા ખાલી રહેશે તો જે તે અલગ માધ્યમના મુખ્ય શિક્ષકોની અલગ માધ્યમમાં બદલી કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે જેની સામે પ્રાથમિક શિક્ષક મંડળ દ્વારા વિરોધ થઈ રહ્યો છે અને હાલ પ્રાથમિક શિક્ષક મંડળના પ્રમુખ રાહુલ ગવાણે ,નગર પ્રાથમિક શિક્ષક સંઘના કિરીટભાઈ પટેલ , શૈ સંઘ શિક્ષક મહાનગર સુરતના મહેશ પટેલ, Htat સંઘના આગેવાન બદલી સ્થળે ઉપસ્થિત છે જ્યાં HTAT જિલ્લા ફેર બદલી કેમ્પમા માધ્યમ મુજબ બદલી નહી કરવામાં આવશે તો સ્થળ પર જ વિરોધનું બ્યુગલ ફૂંકવામાં આપશે હાલ જિલ્લા ફેર બદલી કેમ્પમાં મુખ્ય શિક્ષકોની રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે તમામ પ્રોસિજર પૂર્ણ થતા બે થી ત્રણ કલાકનો સમય વીતી જશે



ભાજપના આગેવાન છોટુભાઈ પાટીલના ૬૧મા જન્મ દિવસની આજરોજ નવી સિવિલ હોસ્પિટલ ખાતે સેવા સભર ઉજવણી કરવામાં આવી હતી. નવી સિવિલમાં દાખલ દરદીઓને સાડી, ખાદ્ય-ચીજ વસ્તુઓ વગેરેનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ પરેશભાઈ પટેલ સાથે અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હનીફ મલેક)

## મોટી બેગમવાડીમાં નિર્મલ જૈનનું ૧૩.૪૩ લાખમાં ઉઠમણું

**વેપારી પાસેથી સાડીનો માલ ખરીદ્યા બાદ દુકાન બંધ કરી રફુચક્કર**

(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

રિંગ રોડની માર્કેટમાંથી ૧૩.૪૩ લાખનો સાડીનો મશ્વાલ ખરીદ્યા બાદ મોટી બેગમવાડી, સંગમ અરિહંત આવાસમાં ધંધો કરતા નિર્મલ જૈન નામના વેપારીએ ઉઠમણું કયું હતું ભટાર ચાર રસ્તા, મધુરમ ઍપાર્ટમેન્ટમાં રહેતા મૂળ રાજસ્થાનના ઝાલોરના રાણીવાડા ગામના વતની ૩૦ વર્ષીય રણજીત બાબુલાલજી જૈન કાપડના ધંધા સાથે સંકળાયેલા છે. રિંગ રોડની અભિનંદન ટેક્ષટાઈલ માર્કેટમાં વી-૯ ડિઝાઈનર ફર્મના નામથી ધંધો કરતા રણજીતભાઈ પાસેથી મોટી બેગમવાડી, સંગમ અરહિંત આવાસશ્વ, સાગર બિલ્ડિંગમાં વી.કે.ફેશન,શ્વ ફર્મના નિર્મલ જૈન (રહે, રાજલક્ષ્મી ઍપાર્ટમેન્ટ, સમ્રાય સ્કુલની સામેશ્વ, કેનાલ રોડ, ડુંભાલ, લિંબાયત)એ ૧૫ જુલાઈ ૨૦૨૩ થી ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં અલગ અલગ બિલ ચલણોથી રૂપિયા ૧૩,૪૩,૯૫૮નો સાડીનો માલ ખરીદ્યો હતો. માર્કેટના ધારા ધોરણ મુજબ નક્કી કરેલ સમય મર્યાદામાં નિર્મલ જૈનએ પેમેન્ટ નહી આપતા રણજીતભાઈએ ઉઘરાણી કરતા શરુઆતમાં પેમેન્ટ આપી દેવાના ખોટા વાયદાઓ આપ્યા બાદ પેમેન્ટ નહી આપી દુકાનને તાળા મારી ઉઠમણું કરી ભાગી ગયો હતો.

અનુસંધાન પાના ૭ પર

## યુવતીને ભગાડી જનાર યુવકને ઢોર માર મારી પીપોદરા કેનાલમાં નાંખી દીધો

### પોલીસે નહેરમાંથી મળેલી લાશ અંગે હત્યાનો ગુનો નોંધી યુવતીના ભાઈ સહિતના આરોપીની ધરપકડ કરી

(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

કાપોદ્રા ખાતે એક યુવક યુવતિને ભગાડી લઈ ગયો હતો. યુવતિને ભગાડી જનારના બનેવીની પુછતાછ કરવા માટે યુવતિના ભાઈના મિત્રો તેને પોતાની સાથે લઈ ગયા હતા. યુવતિ ક્યાં છે તે પુછપરછ દરમિયાન બનેવીને ઢોર માર મારતા તે બેભાન થઈ ગયો હતો. ત્યારબાદ યુવતિના ભાઈના મિત્રોએ આ યુવકને પીપોદરા ખાતે કેનાલમાં ફેંકી દીધો હતો. દરમિયાન તેની લાશ મળી આવી હતી. કાપોદ્રા પોલીસે આ સમગ્ર હત્યાનો કેસ ઉકેલી કાઢ્યો હતો. પોલીસે યુવતીના ભાઈ અને અન્ય યુવકની ધરપકડ કરી છે.

ગત.તા.૮ એપ્રિલે કાપોદ્રા કપુરવાડી ખોડીયારનગર શાકભાજી વેચવા ગયેલો પ્રમોદ ચૌધરી અચાનક ગુમ થયો હતો. કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં મિસીંગની ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન બીજા દિવસે કારેલીગાની સીમમાં આવેલી કેનાલના પાણીમાંથી પ્રમોદની લાશ મળી આવી હતી. પોલીસ તપાસના સામે આવ્યું હતુ કે પ્રમોદનો સાળો આરોપી નિતિષ ગુડુ બૈઈઠાની બહેનને ભગાડી ગયો હતો. જેથી નિતિષને શંકા હતી કે પ્રમોદને ખબર છે કે તેનો સાળો તેની બહેનને ક્યા ભગાડી લઈ ગયો છે. જેથી નિતિષે તેના પૂર્વ શેઠ મોહન પરવડીયા અને મિત્રો કપીલ, જય ઉર્ફે બાવો અને દિક્ષિત અનીલ મકવાણાને વાત કરી હતી. આ ચારેયે નિતિષની બહેનની પુછપરછ માટે પ્રમોદને પોતાની સાથે લઈ ગયા હતા. અને નિતિષની બહેનની પુછપરછ કરતા કરતા પ્રમોદને ઢોર મારમારતા તે બેભાન થઈ ગયો હતો. ત્યારબાદ પ્રમોદની લાશને ફોર વ્હીલર ગાડીમાં નાખી મોડી રાત્રિએ પીપોદરા પાસે આવેલ કેનાલમાં ફેકી દિધી હતી અને પોત પોતાના વતને ભાગી ગયા હતા.

અનુસંધાન પાના ૭ પર

## સારવારના બહાને આધેડ સાથે ૧.૭૨ લાખની ઠગાઈ

### ડો, રોશન જરીવાલા અને મયંક મહેતા સામે ગુનો દાખલ

(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

સગરામપુરા થોભા શેરીમાં રહેતા આધેડની પત્નીના ઘુંટણની સારવાર કરવાના બહાનેશ્વ વડોદરાનાડશ્વ ડોકટર રોશન જરીવાલા સહિત બે જણાએ ૧.૭૨ લાખ પડાવી છેતરપિંડી કરી હતી.

અઠવાલાઈન્સ પોલીસના જણાવ્યા મુજબ સગરામપુરા, થોભા શેરી, વૂંદાવન પાર્કમાં ફ્લેટ નં-૨૦૧ માં રહેતા ૬૭ વર્ષીય આદીલ ઍરચશા લાકડાવાલાએ ગતરોજ મયંક રમેશ મહેતા, ડો, રોશન જરીવાલા (રહે, ઍથ્લીટીક રેસી, ગોત્રી શિવમ પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા, વડોદરા તથા કલ્પતરૂ હીલ્સ સોસાયટી, ટેકુજીની વાડી, મુંબઈ ) સામે ફરિયાદ નોદ્ધધાવી હતી, ભાગાતળાવ ખાતે આવેલ સુરત પીપલ્સ બેન્કમાંથી સન ૨૦૧૬માં રિટાયર્ડ થયેલા અને હાલ નિવૂત થયેલા આદીલભાઈ તેની પત્શ્વની યાસ્મીનબેન સાથે ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેમના મિત્રો સાથે તેમના પવિત્ર ઘર્મસ્થાન ઉદવાડા ખાતે ગયા હતા. તે વખતે ચીખલી ખાતે જલારામ ખમણ હાઉસમાં નાસ્તો કરવા માટે રોકાયા હતા. આદીલભાઈની પત્ની યાસ્મીનબેનને ઘુંટણમાં દુખાવો હોવાથી ડ્રાઈવરને પકડીને ચાલતા હતા ત્યારે તેમની પાસે ઍક

અનુસંધાન પાના ૭ પર




અમારનાથ યાત્રાના રજીસ્ટ્રેશન માટે જમ્મુ એન્ડ કાશ્મીર બેંકની મંદ કામગીરીથી ૧૫ થી ૨૦ કલાક લાઈનમાં ઊભા રહેવાની નોબત આવતા કલેક્ટરને લોકો દ્વારા ફરિયાદ કરવામાં આી છે. આજે પણ રિંગરોડ કિન્નરી સિનેમા સામે આવેલી જમ્મુ-કાશ્મીર બેંક શાખા બહાર રજીસ્ટ્રેશન માટે લોકોની ભીડ નજરે પડતી હતી. (તસવીર : હનીફ મલેક)

## સારોલી પોલીસે આત્મહત્યા કરવા જતી મહિલા ને બચાવી લીધી

**મહિલાએ ઝેરી દવા પીધી હતી પોલીસ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી હોસ્પિટલ લઈ ગઈ હતી**

(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

ગઈ તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ સારોલી પી.સી.આર. વાન-૬૬ ના ઈન્ચાર્જ અજમલભાઈ વરદાજીને સાંજે પાંચ વાગ્યે પોલીસ કંટ્રોલરૂમ દ્વારા આઉટર રીંગ રોડથી આશીર્વાદ-૦૨ ની અંદર સણીયા હેમાદ ગામ ખેતરમાં એક ઈસમે દવા પી લીધેલ છે. તેવો મેસેજ મળતા પી.સી.આર. વાન-૬૬ ના ઈન્ચાર્જ હે.કો અજમલભાઈ વરદાજીને કોલેરને ફોન કરીને જગ્યા વેરીફાઈ કરતા આ જગ્યા પુજન પ્લાઝા સામે વિત્રાગ લોન્સ ક્રિકેટ બોક્ષ થી આગળ ખેતરમાં હોવાનું જણાઈ આવતા આ જગ્યા પર ૧૦૮ એમ્બ્યુલન્સ કે પી.સી.આર. વાહન જઈ શકે તેમ ન હોય જેથી પી.સી.આર. વાન-૬૬ ના ઈન્ચાર્જ હે.કો. અજમલભાઇ વરદાજીએ પગપાળા ચાલી ખેતરથી અંદર તપાસ કરતા રમાબેન ગુમાનભાઇ વસાવા ઉ.વ.૨૮ નાઓએ કોઇ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધેલ હોય અને જેઓને તાત્કાલીક સારવાર ન મળે તો તેઓની જીવ પણ ગુમાવે તેમ હોય જેથી પી.સી.આર. વાન-૬૬ ના

અનુસંધાન પાના ૭ પર

## એસડીસીએની ચૂંટણીમાં ફેર મતગણના હાથ ધરવાની માંગ

### ફેર મતગણનાની માંગણી અંગે ચર્ચા-વિમર્શ બાદ નિર્ણય કરાશે : આર.જી. શાહ

(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ભલે ચૂંટણી અને તેના પરિણામો આવી ગયા હોય પરંતુ હજુ પણ તેનો વિવાદ નું પૂછડું યથાવત રહેવા પામ્યું છે. ગતરોજ સાંજે છ વાગ્યા પછી ઉમેદવાર ફેર મત ગણતરી ની અરજી કર્યા બાદ આજે વધુ ચારથી પાંચ ઉમેદવારો ફેર મત ગણતરીની માંગ કરતી અરજી ચૂંટણી કમિશનર અને એડવોકેટ આર. જી .શાહ અને મદદનીશ ચૂંટણી અધિકારી કમલેશ યાજ્ઞિક ને સુપ્રત કરશે એવું વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જોકે સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના મુખ્ય ચૂંટણી કમિશનર અને એડવોકેટ રમેશચંદ્ર .જી. શાહ ને આ બાબતે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, ગ્રત રોજ સાંજના સુમારે એક ઉમેદવાર એસડીસીએ ની ઓફિસ પર રિકાઉન્ટિંગ ની માંગણી વાળી અરજી આપી ગયા છે. આ અરજી પર કાયદા ને ધ્યાનમાં રાખી, વિચાર વિમર્શ કરને ફેર મત ગણતરીની અરજી પર ઓર્ડર કરવામાં આવશે.

સુત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું હતું કે, સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ૨૧ બેઠકો માટેની ચૂંટણી ૧૩ એપ્રિલ ના રોજ યોજાઈ ગઈ હતી. અને જેના પરિણામો પણ એ જ દિવસની રાત્રે આવી ગયા હતા. ૨૧ બેઠકો માટે સ્ટેડિયમ પેનલના ૨૧ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલ ના ૨૧ તથા એક અપક્ષ ઉમેદવાર જયેશ પટેલ ઉર્ફે જયેશ મગદલ્લા ચૂંટણી લડતા હતા. સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ઉમેદવારો જીત્યા

અનુસંધાન પાના ૭ પર

## અવાજ નહીં કરવા ઠપકો આપવા ગયેલા પરિવાર પર કુહાડીથી હુમલો

**બે યુવકોએ કુહાડી ઝીંગી દેતા પતિ,પત્ની અને પુત્ર ઘાયલ**

(પ્રતાપ પ્રતિનિધિ)
કડોદરા,તા.૧૬

કરોડરાના બાલાજી નગરમાં ગાય સાથે અવાજ ના કરવાનો ઠપકો આપતા પતિ પત્ની પુત્ર ઉપર લાકડીનો હુમલો કરી ઈજા પહોંચાડી બેય જણા નાસી ગયા હતા પોલીસ સુત્રોના જણાવ્યાનુસાર કડોદરા ના બાલાજી નગર ખાતે રહેતા ઉપેન્દ્ર કુમાર રામ સ્વરૂપ સિંગ એ કરુદરા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી કે ઘરમાં સૂતો હતો ત્યારે ઘરની બાજુમાં કેટલાક ભરવાડના છોકરાઓ ગાય લઈને ઉભા હતા અવાજ કરતા હતા ત્યારે પત્ની બેબી એ તેમને અવાજ ના કરવા અંગે ઠપકો આપ્યો હતો ત્યારે ભરવાડના છોકરાઓએ લાગતા વલાગતા ઓને બોલાવી ડંડા વાલી કરી હતી જેમાં ઉપેન્દ્ર બેબી પુત્ર રવિ ઘાયલ થયા હતા ત્યારે સોસાયટીના કેટલાક સભ્યોએ તેમને નજીકની હોસ્પિટલ મોદી કરોડરા ખાતે લઈ જવાયા હતા જ્યાં સારવાર હેઠળ છે ઉપેન્દ્રસિંહ ની ફરિયાદ ના આધારે પોલીસે રઘુભાઈ મોહનભાઈ ભરવાડ રહે ગોકુલ નગર ભાવેશ દેવા ભરવાડ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

## સોફ્ટવેર એન્જીનીયરનું ભેદી મોત પોલીસે ફોરન્સીક પીએમ કરાવ્યું

### પીએમ રીપોર્ટના આધારે મોતનુંનું કારણ જાણી શકાશે

(પ્રતાપ પ્રતિનિધિ)
સુરત,તા.૧૬

વેસુ એલીગેન્ટ ઈન હોટલના કેમ્પસમાંથી ઘાયલ અવસ્થામાં મળી આવેલ સોફ્ટવેર ઈજનેરને સિવિલમાં લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. સોફ્ટવેર ઈજનેરના શરીરે તીક્ષણ હથિયારના ઘા પણ મળી આવ્યા હતાં. પરિવારે હત્યા થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.હાલ પોલીસ પણ જાણી શકી નથી કે તેણી હત્યા થઈ છે કે આત્મહત્યા કરી છે. સિવિલ હોસ્પિટલમાં હાલ મૃતકના મૃતદેહનું ફોરેન્સિક પીએમ ચાલી રહ્યું છે. ફોરેન્સીક પીએમ રિપોર્ટ બાદ સાચી હકીકત સામે આવશે તેવું પીઆઈ જીગ્નેશ પટેલે જણાવ્યું હતું.

**પરિવારજનોએ હત્યા થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો**

પોલીસની તપાસમાં સીસીટીવી ફુટેજ સામે આવ્યા હતા. સીસીટીવી ફુટેજમાં મૃતક અક્ષત બપોરે ૧ કલાક અને ૧૭ મિનિટે હોટલમાં જતો દેખાય છે. બનાવમાં હત્યાની આશંકા સેવાઈ રહી છે. જેથી હાલ સિવિલમાં ફોરેન્સિક પીએમ કરવામાં આવી રહ્યું છે.

મૂળ મહેસાણાના ઉંજાના વતની અને હાલ ડુમસ રોડ પર આવેલા ઓડી કાર શો રૂમ પાસેની વિરભદ્ર હાઈટ્સમાં રહેતા ૩૫ વર્ષીય અક્ષત જિગ્નેશભાઈ શાહ બેંગલોરની ખાનગી કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે છેલ્લા ત્રણ વર્ષથી વર્ક ફોર્મ હોમ કામ કરતાં હતા. સંયુક્ત પરિવાર સાથે રહેતા અક્ષતભાઈને દોઢ વર્ષનો પુત્ર છે. સોફ્ટવેર ઈજનેર અક્ષત શાહ ગત બપોરે ઘરેથી ઓફિસના કામ માટે જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. દરમિયાન સાંજે ચાર વાગ્યે તેઓ વેસુ વિસ્તારની એલીગેન્ટ ઈન હોટલના ચોથા માળેથી ઘાયલ અવસ્થામાં નીચે પટકાયા હતા,

અનુસંધાન પાના ૭ પર

## સરકારી જમીન અપાવવાના બહાને બિલ્ડર સાથે રૂા.૪૧ લાખની ઠગાઈ

### ગાંધીનગર મહેસુલ વિભાગમાં નોકરી કરતા હોવાની ઓળખ આપી અશોક કાતરીયા અને અનિલકુમાર ચૌધરીનું કારસ્તાન

(પ્રતાપ પ્રતિનિધિ)સુરત,તા.૧૬

ઉત્રાણ, શિવાલીક હાઈટ્સમાં ઓફિસ ધરાવતા કાપોદ્રાના બિલ્ડરને ભેટી ગયેલા બે ઠગબાજાએ પોતે ગાંધીનગરમાં મહેસૂલ વિભાગમાં નોકરી કરતા હોવાની ઓળખ આપી ઓલપાડ અને કરંજ માં સરકારમાંથી વગર હરાજીએ જંત્રીના ભાવે જમીન અપાવી તેનો દસ્તાવેજ કરાવી આપવાનું કહી ૪૧ લાખ પડાવ્યા હતા. ઠગબાજાએ વેપારીને મહેસુલ વિભાગમાંથી જમીન ફાળવણી શાખાનો હુકમનો બોગસ હુકમ પણ બનાવી આપ્યો હતો

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા, મમતાપાર્ક સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય વિમલભાઈ વજુભાઈ કાત્રોડીયા જમીન લે-વેચ તેમજ બાંધકામના વ્યવસાય સાથે જાડાયેલા છે.ઉત્રાણ, શિવાલીક હાઈટ્સમાં સૌરાષ્ટ્ર ડેવલોપરશ્વના નામથી ઓફિસ ધરાવતા મૂળ ગારીયાધારના શક્તિવાડી ગામના વતની વિમલભાઈની ઓફિસમાં તેમના પિતા પાસે જમીન દલાલીનું કામકાજ કરતો અશોક દુલા કાતરીયા (રહે,શ્વકાંતેશ્વર રો હાઉસ, સારોલી ગામશ્વ તથા વૈભાવ લક્ઝરીયા કુંભારીયા ગામ) બેસવા માટે આવતો હતો.શ્વ અશોક ઍન્લિ ૨૦૧૬માં તેનો મિત્ર અનિલકુમાર ચૌધરી (રહે, જસનાવાડા ગામ, ભાભર, બનાસકાંઠા) સારા લોકેશનવાળી સરકારી જમીન જંત્રીના ભાવથી અપાવે છે જા તમારે ખરીદ કરવી હોય તો કહેજા, જમીન ટાઈટલ ક્લી.ર કરાવી, તમારા નામે દસ્તાવેજ કરાવી આપીશ, અમારી મહેનતનો જમીનમાં ૧૫ ટકા હિસ્સો આપજા, તેવી લોભામણી વાતો કરી હતી અને ત્યારબાદ અનિલ ચૌધરીને ઓફિસે મળવા માટે પણ લાગ્યો હતો. અનિલે પોતે ગાંધીનગરના મહેસૂલ વિભાગમાં નોકરી કરતો હોવાનું કહી

અનુસંધાન પાના ૭ પર